બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા (માસિક)

**ડિસેમ્બર-૨૦૨૦**

રબીઉલ આખર-જમાદિઉલ અવ્વલ
હિજરી સન : ૧૪૪૨

વર્ષ : ૧૭, અંક : ૧૨, સળંગ અંક : ૨૦૩

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧
Mo. 9427464411 (PhonePe/Paytm)
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૩૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |



**: માનદ તંત્રી :**
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | **દાંમ્પત્ય જીવનના બખેડાઓ : કારણો અને ઈલાજ** | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 08 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 11 |
| 04 | હદાઈકે બખ્શિશ | 14 |
| 05 | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | 17 |
| 06 | ફુતુહુલ ગયબ (એટલે ગૌષ પાક رضی اللہ عنہ ના વઅઝ) | 20 |
| 07 | لَيۡسَ مِنَّا 'તે અમારો નથી' | 22 |
| 08 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 25 |
| 09 | મુસલમાનોની બુઝદિલીના સબબો | 28 |
| 10 | ગુસ્તાખે રસૂલનું ખૂન અને ઈમામ નબ્હાનીનો ફેંસલો ! | 31 |
| 11 | ઈસ્લામમાં જીવજંતુઓથી બચવાનાં સૂચનો | 33 |
| 12 | **વર્તમાન સમયમાં હુઝૂર ગૌષ પાક رضی اللہ عنہ ની તા'લીમાતનું મહત્વ** | 38 |
| 13 | કરજ લેવડ દેવડની સુન્નતો તથા નિયમો | 44 |
| 14 | હું હવે સોફિયા નથી, હું મરયમ છું | 48 |
| 15 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


## દિલ મેં હો યાદ તેરી ગોશએ તન્હાઈ હો

દિલ મેં હો યાદ તેરી ગોશએ તન્હાઈ હો
ફિર તો ખલ્વત મેં અજબ અંજુમન આરાઈ હો
કભી ઐસા ન હુવા ઉન કે કરમ કે સદકે
હાથ કે ફૈલનેસે પેહલે ન ભીક આઈ હો
આજ જો ઐબ કિસી પર નહીં ખુલને દેતે
કબ વો ચાહેંગે મેરી હશ્ર મેં રૂસ્વાઈ હો
ઉસ કી કિસ્મત પે ફિદા તખ્તે શહી કી રાહત
ખાકે તયબહ પે જિસે ચૈન કી નીંદ આઈ હો
આસ્તાને પે તેરે સર હો અજલ આઈ હો
ઔર અય જાને જહાં તૂ ભી તમાશાઈ હો
યહી મંઝૂર થા કુદરત કો કે સાયા ન બને
ઐસે યકતા કે લિયે ઐસી હી યકતાઈ હો
બંદ જબ ખ્વાબે અજલ સે હો 'હસન' કી આંખેં
ઉસ કી નઝરોં મેં તેરા જલ્વએ ઝૈબાઈ હો

**અઝ : ઉસ્તાદે ઝમન હસન રઝા બરેલ્વી** رحمۃ اللہ علیہ

# દાંમ્પત્ય જીવનના બખેડાઓ : કારણો અને ઈલાજ

તંત્રી લેખ...

વર્તમાન સમયમાં દાંમ્પત્ય જીવન જીવતાં પતિ પત્નીઓ તથા ઘરનાં સભ્યો સાસુ, સસરા, નણંદ, દિયર, જેઠ.... વગેરે જે પહેલાંના સમયમાં ખુશનુમા હસીખુશીના માહોલમાં એકબીજાની ઈજ્જત તથા મોભો જાળવીને મહોબ્બત તથા હેત સાથે હળીમળીને રહેતાં હતાં અને ઘર એક ગુલશન જેવું હર્યું ભર્યું રહેતું હતું. આનંદની હસીખુશીની બહારો જે કુટુંબોમાં હતી તેમાં હવે ઉણપ વર્તાવી જોવા મળે છે. ઈલ્લા માશા અલ્લાહ ! આજે અનેક હર્યા ભર્યા કુટુંબોમાં કલેશ, કંકાસ અને ઝઘડા, કજીયાએ સ્થાન મેળવી લીધું છે અને સૌના ચહેરાઓની રોનક તથા દિલી ખુશીઓ લૂંટાઈ ગયેલી જોવા મળે છે. અનેક ઘરો એવાં છે કે થોડાક જ સમય પહેલાં ધામધૂમથી લખલૂટ ખર્ચો કરીને પુત્રને પરણાવ્યો અને ખૂબ જ હોંશભેર પુત્રવધુને ઘરે લાવ્યા અને મહિના બે મહિનામાં રડાકૂટા શરૂ ! અને થોડાક જ સમયમાં છોકરી બાપના ઘરે પરત નાસી આવી અને સાસરી પક્ષવાળાઓ પર કેસ મૂકાઈ ગયો અને છૂટાછેડા સુધી વાત આવી ગઈ. પણ છૂટાછેડા લેવા માટે ૧૫ લાખ, ૨૫ લાખ, ૫૦ લાખની માગણી થવા લાગી ! શાદીની મેંદી સૂકાઈ નથી તેવામાં તો બંનેવ કુટુંબોના કોર્ટોના ચક્કરો ચાલુ થઈ ગયા ! આ શું જીવન જીવવાનો તરીકો છે ?! આવા કેસો હવે સામાન્ય થતા જઈ રહ્યા છે. એક સમય હતો જ્યારે પરણીને સાસરે જનાર છોકરીને કદાચ તકલીફો પણ પડે છતાં તે ગાંઠ વાળી લેતી કે હવે તો જીવવું મરવું આ જ ઘરમાં રહેશે. કોઈ છૂટુ થવા કહેતું તો કહેતી કે, ''આ ઘરેથી જ મારો જનાઝો ઉઠશે.'' અને સબ્રથી સંબંધોને નિભાવતી હતી. આજે એનાથી અલગ જ માહોલ જોવા મળી રહ્યો છે.

## ★ કાલ્પનિક સુખો પામવાના ભ્રમમાં જિંદગીઓ બર્બાદ થઈ રહી છે ★

ઘણા જ અફસોસ સાથે કહેવું પડે છે કે આપણા સમાજના છોકરા છોકરીઓ જીવનની વાસ્તવિકતાને સમજીને જીવવાને બદલે કાલ્પનિક તરંગો તથા ફિલ્મો તેમજ ટી.વી. સીરિયલોના ડ્રામાઓ જોઈને તેનું જીવનમાં અનુકરણ કરવા માગે છે. એમને ખબર નથી કે આ ફિલ્મો તથા ડ્રામાઓ તો કેવળ મનોરંજનના શૈતાની ખેલો છે, તેને વાસ્તવિક જીવન સાથે કોઈ જ લેવા દેવા નથી. ખોટા ભ્રમોમાં રહીને શાદી કરનાર છોકરીઓ બિન જરૂરી અપેક્ષાઓ તથા ડિમાન્ડો પોતાના પતિ પાસે તથા સાસુ, નણંદ વગેરે ઘરનાં સભ્યોથી રાખે છે અને તે ન સંતોષાતાં રિસાય જાય છે, અને આગળ વિવાદની ઘટનાઓ ક્રમે ક્રમે ઉપસ્થિત થતી રહે છે. છેવટે વાત સંબંધોના અંત પર આવે છે, અને એમાં પણ વડીલો મારફત સમાધાન કે સંબંધોનો અંત લાવવાના બદલે વર્તમાન કોર્ટો કચેરીઓમાં વકીલોને રોકીને એક બીજાની મુસીબતોમાં વધારો કરીને જીવનને બર્બાદીના પંથે લાવી દેવામાં આવે છે. એ જ પ્રમાણે છોકરા પક્ષવાળામાં પણ સાસુ, નણંદ કે અન્ય સભ્યો પુત્રને કે ભાઈને પરણાવવા હરખઘેલાં બનતાં હોય છે અને વહુ ઘરે આવ્યા પછી તેને દીકરી જેમ નહીં પણ નોકરાણી સમજીને તેની સાથે ગમે તે બહાને ઝઘડતાં રહે છે જેમાં પોતાના જ પુત્ર તથા ભાઈની જિંદગી ખરાબ થઈ રહી છે તે નથી વિચારતાં. આજે કોર્ટો આવા ઝઘડાઓના કેસોથી છલકાઈ ઉઠી છે, જે કેસોમાં તારીખો પર તારીખો પડીને જિંદગીનો સોનેરી સમય છોકરા તથા છોકરીનો વહી જાય છે અને જિંદગી બર્બાદ થઈ જાય છે. વળી જો એકાદ બે ઔલાદ પેદા થઈ ગઈ હોય તો તે કૂમળા ફૂલોનું જીવન પણ બેની લડાઈમાં મુરઝાઈ જાય છે.

## ★ જીવનમાં સુખ, ચૈન, સંતોષ ચાહો છો તો ઈસ્લામનું શરણ લઈ લો ! ★

પ્યારા દીની ભાઈઓ બહેનો ! પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! ઈસ્લામે જે જીવન બંધારણ રજૂ કરેલ છે, કુર્આન હદીષના જે આદેશો આપણા બંનેવ જહાનના ભલા માટે આવેલા છે તેના મુજબ જીવન જીવીશું તો જ સુખ, ચૈન, સંતોષ અને ઈજ્જતની જિંદગી જીવી શકીશું, નહીં તો એનાથી ઉલ્ટુ જીવવાથી, મન મરજીથી હિરો, હિરોઈનની નકલ કરવાથી જીવનમાં આપત્તિઓ તથા મુસીબતોને ભેટવું પડશે. મુસલમાને કોઈ સીરિયલ, ડ્રામા કે ફિલ્મી કલાકારો કે ફિલ્મી ડ્રામાઓને અનુસરવાનું નથી બલ્કે આપણા ખાલિક઼ માલિક, આપણા પર અતિ મહેરબાન અલ્લાહ તઆલાનું ફર્માન સાંભળો :–

لَقَدْ كَانَ لَكُمْ فِيْ رَسُوْلِ اللهِ اُسْوَةٌ حَسَنَةٌ **"બેશક ! તમારા માટે રસૂલુલ્લાહનું અનુસરણ બેહતર છે."** (સૂ. અહઝાબ, ૩૩/૨૧) એટલે કે આપણે જિંદગી કેવી રીતે જીવવી તેના માટે હુઝૂર નબી કરીમ ﷺનાં જીવનનો અભ્યાસ કરો અને એ પ્રમાણે જીવવા કોશિશ કરો. **જીવનમાં સબ્ર, સુસંસ્કાર, સારા અખ્લાક઼, સદ્‌વર્તાવ, સારી આદતો, માફીની વૃત્તિ, સહનશીલતા, સંયમ, દરગુઝર, નમ્રતા, ક઼નાઅત (જે મળે તેમાં રાજી રહેવું), જાનના દુશ્મનને પણ પોતાનો આશિક઼ કરવાની કલા, ઉદાર દિલી, પત્નીઓ સાથે ખુશમિજાઝી, નાનાઓ પર પ્રેમભાવ, મોટાઓની ઈજ્જત, જૂઠ તથા ધોકાથી દૂરી, જુલ્મથી દૂરી, ગુનાહોથી નફરત, નેકીઓનું આકર્ષણ, સબ્ર, શુક્ર...** વગેરે અનેક સદગુણોના સંગમ સાથે જીવી જનારા આપણા આક઼ા વ મૌલા રસૂલુલ્લાહ ﷺની જિંદગીને હમેશાં લક્ષમાં રાખનાર જીવનમાં કદી દુઃખી થશે નહીં. ઈન્શા અલ્લાહ ! (હુઝૂર ﷺના જીવન ચરિત્ર વિશે જાણવા અમારી પ્રકાશિત કિતાબ મંગાવો : **૧.** પયગંબરે રહમત અને તેમની તા'લીમાત **૨.** સીરતે રસૂલે અરબી ﷺ બે ભાગોમાં.)

પતિ, પત્ની, મા, બાપ, ભાઈ, બહેન તથા ઘરના વડીલોના હક્કો જો મુસલમાન ભાઈઓ બહેનો નિભાવે તેમજ ઈસ્લામના જે દરગુઝર, સબ્ર, શુક્ર તથા સંયમના આદેશો છે તેના પર ચાલે તો દરેક ઘર જન્નત નિશાન બની જાય. સહાબાએ કિરામ તથા બુઝુર્ગાને દીનની જિંદગીઓ એની સાક્ષી છે.

## ★ સ્ત્રી ઘરકામને બોજ નહીં પણ નેકીઓનો ઝરીયો સમજે ★

આજકાલ સામાન્યતઃ મોડર્ન યુવતીઓ ઘરના કામકાજથી દૂર ભાગે છે અને ઘરની સ્થિતિને અનુરૂપ જીવવાની શરૂઆત કરવાને બદલે લગ્ન જીવનની શરૂઆતથી જ વિવિધ ડિમાન્ડો કરવા માંડે છે, તેમાંથી વિવાદો શરૂ થાય છે અને કુટુંબ કલેશ શરૂ થાય છે. ઘરના કામકાજ સંબંધે હદીષોમાં બશારતો જુઓ :

- ❑ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી મરવી છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, **સ્ત્રી જ્યારે પતિનો લિબાસ સાફ કરે છે** તો **અલ્લાહ તઆલા તેના આમાલનામામાં બે હજાર નેકીઓ લખવાનો હુકમ ફર્માવે છે અને તેના બે હજાર ગુનાહ માફ કરી આપે છે,** અને તે જે ચીજ પર સૂરજ ઉગાડે છે તે **સર્વ ચીજો તે સ્ત્રી માટે મગફિરતની દુઆ કરે છે** તેમજ **તેણીના બે હજાર દરજા વધારી દેવામાં આવે છે.** *(નુઝહતુલ મજાલિસ, ૨/૮૧)*
- ❑ હઝરત ઉમ્મુલ મો'મિનીન સૈયદા આઈશા સિદીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે, ચરખાનો (સૂતર કાંતવાના) અવાજ તકબીર કહેવાના બરાબર છે અને અલ્લાહ રબ્બુલ આલમીનની રઝા તથા ખુશ્નુદીના માટે

તકબીર કહેવું જમીન તથા આસમાનના વજનથી પણ વધુ ભારે છે. જે સ્ત્રી પોતાના વડે તૈયાર કરેલા સૂતર (દોરા) વડે પતિના માટે લિબાસ તૈયાર કરીને પહેરાવે છે તો અલ્લાહ તઆલા દરેક દોરાના બદલામાં લાખ લાખ નેકીઓ અતા કરે છે. *(નુઝહતુલ મજાલિસ, ૨/૮૧)*

❑ સ્ત્રીનું કામકાજ કરવું જેહાદ કરનારાઓના મર્તબા સમાન છે. *(કન્ઝુલ ઉમ્માલ)*

પતિ બહારનાં કામો, રોજી રોટીનાં કામો કરતો હોય છે તો પત્નીએ ઘર સંભાળવાનું હોય છે, એ રીતે સંસાર સારી રીતે ચાલતો આવ્યો છે અને એ સમજીને સ્ત્રીઓએ ઘરની જવાબદારી સાચવવી જોઈએ તો અગણિત નેકીઓ તથા ભલાઈઓ બંને જહાનમાં પામશે.

હદીષે પાકમાં છે : "જે સ્ત્રી એ હાલતમાં મરે કે તેનો પતિ તેનાથી રાજી હોય તે જન્નતમાં જશે." (સુનને ઈબ્ને માજહ, ૧/૧૩૩) રસૂલે પાક ﷺએ ફર્માવ્યું કે, "જો હું કોઈને કોઈના માટે સિજદાનો હુકમ આપત તો સ્ત્રીને હુકમ આપત કે તેણી પોતાના પતિને સિજદો કરે." *(અબૂ દાઊદ, ૧/૨૯૧ વગેરે)*

આટલો ઈજ્જતવાળો મર્તબો પતિનો નબી ﷺએ દર્શાવ્યો છતાં આજની સ્ત્રીઓ પતિ પાસે તેની શક્તિ બહારની ડિમાન્ડો કરીને કજીયા ખડા કરે છે જ્યારે કે ભૂતકાળમાં સ્ત્રીનો કિરદાર એવો હતો કે પુરૂષ જ્યારે બહાર નીકળે તો તેની પત્ની કે પુત્રી તેને કહેતી કે, **"હરામની કમાઈથી બચશો, કેમ કે અમે દુઃખ, તકલીફ અને ભૂખ વેઠી શકીએ છીએ પણ જહન્નમની આગ સહન કરી શકીશું નહીં."** જો સ્ત્રીના વિચારો આવા પાકીઝા હોય તો આર્થિક તંગીમાં પણ ઘરમાં સંતોષ અને ચૈન રહેશે. આવુ ઘર કજીયાથી પાક રહેશે.

## ★ પતિ પણ પત્નીના હક્કોની અવગણના ન કરે ★

હુઝૂર ﷺએ વિસાલ શરીફના સમયે વસિયતો કરી તેમાં ફર્માવ્યું, **"સ્ત્રીઓની બાબતે અલ્લાહ તઆલાથી ડરો ! અલ્લાહ તઆલાથી ડરો !"** *(સુનને ઈબ્ને માજહ, ૨/૧૯૩)*

હુઝૂર ﷺનો ઈર્શાદ છે કે, **જે શખ્સે પોતાની પત્નીની કુટેવો પર સબ્ર કરી તેને અલ્લાહ તઆલા તે મુસીબત પર હઝરત ઐયૂબ علیہ السلامના સબ્રના બદલા બરાબર બદલો આપશે. અને જે સ્ત્રીએ પતિની કુટેવો (બદમિજાઝી) પર સબ્ર કરી તો અલ્લાહ તઆલા તેણીને ફિરઔનની પત્ની આસિયાના સવાબના જેવો સવાબ અતા કરશે.** *(અહયાઉલ ઉલૂમ, ૨/૪૧)* નબી અકરમ ﷺનો ઈર્શાદ છે, **"તમારામાંથી બેહતર તે છે જે પોતાની ઔરતો સાથે બેહતર છે, અને હું મારી પાક બીવીઓ સાથે તમારા સૌ કરતાં બેહતર સુલૂકવાળો છું."** *(સુનને ઈબ્ને માજહ, ૧/૧૪૨)*

હુઝૂર ﷺએ ફર્માવ્યું, **"મો'મિનોમાં "કામિલતરીન ઈમાનવાળો" તે છે જેનો સ્વભાવ સારો હોય અને જે પોતાનાં ઘરવાળાંઓ પર અતિશય મહેરબાન હોય."** તેમજ ફર્માવ્યું, **"અલ્લાહ તઆલા દરેક તુંડમિજાઝી સખત દિલવાળાને નાપસંદ કરે છે."** કહેવામાં આવ્યું કે એનાથી મુરાદ પોતાનાં ઘરવાળાંઓ સાથે સખ્તી કરનાર અને આપવડાઈમાં ડૂબેલા રહેનાર છે. *(સહીહ મુસ્લિમ, ૨/૮૯૭)*

સારાંશ કે પતિએ પણ ઈસ્લામી આદેશો પ્રમાણે ચાલીને સબ્રથી કામ લીધું તો જરૂર ઘરમાં અમ્નો શાંતિનો માહોલ રહેશે. આજે ઘરોમાં કંકાસનો મૂળ સબબ એ છે કે દરેક "ઈંટનો જવાબ પથ્થરથી" આપવા તત્પર રહે છે, જ્યારે કે જો આવા સમયે દરગુઝર તથા સબ્રથી કામ લેવામાં આવે તો ઝઘડા આગળ વધે નહીં.

## ★ માબાપના ઘરે નાસી આવતી દીકરીઓ શાંતિથી વિચારે ★

જે બહેન દીકરીઓ પતિના ઘરે વિવાદ કરીને પોતાનું ઘર ત્યજીને બાપના ઘરે બેસી જાય છે તે તેણીઓ શાંતિથી વિચારે. જે માબાપ કે ભાઈ બહેનો તમારો ફેવર કરીને તમને બાપના ઘરે ચાલી આવવા કહે છે તેઓ જ થોડા સમયમાં તમારાથી તંગ આવીને તમને મહેણા ટોણા મારશે અને તમારું જીવવું કઠિન થઈ જશે. માટે કોઈની ચડામણીમાં ન આવતાં પોતે જ પોતાના ભવિષ્યનો વિચાર કરવો જોઈએ અને સબ્રથી પતિના ત્યાં જ રહીને જીવન આગળ ધપાવવું જોઈએ. અને ઈસ્લામી આદેશોનો અભ્યાસ કરી તેના મુજબ જીવન જીવવા કોશિશ કરવી જોઈએ તો જરૂર આવનારા દિવસો ખુશનુમા આવી શકે છે. આવા જ એક કિસ્સામાં એક સમાધાન કરાવનારે પતિથી રીસાઈને પિતાના ઘરે આવેલી દીકરીને સમજાવી. તેણીનાં માબાપ તથા સર્વ ઘરવાળાં તેના પતિ પક્ષને ખૂબ જ અપમાનજનક શબ્દો બોલી પુત્રીને મોકલવા તૈયાર ન હતાં, પણ છોકરીને સમજાવી તો તેને સમજમાં વાત આવી ગઈ અને છેવટે તેણે રાજી થતાં તેને પતિના ઘરે મોકલી આપી, તો આજે સુખ શાંતિથી જીવે છે. સારાંશ કે છોકરીએ જાતે પોતાના ભાવિનો ફેંસલો કરવો, કોઈની પણ ચડામણીમાં પોતાનું જીવન ન બગાડવું. પોતે લઘુતાગ્રંથિથી ન પીડાવું કે ફલાણુ સુખમાં જીવે છે અને મારે કેટલુ દુઃખ ! એ વિચારો "ઝાંઝવાના જળ" સમાન છે. બહેનો ! "ડુંગર દૂરથી રળિયામણા પાસે જાય તો બિહામણા" કહેવત ખોટી નથી પડી ! માટે પોતાનું સુખ પોતાના મન સાથે સમાધાન કરવામાં જ છે. પતિ તેમજ પતિનાં માબાપ તથા સર્વે કુટુંબીજનોનાં દિલ જીતવા કોશિશ કરવી જોઈએ તો જરૂર અમ્નો સુકૂનની જિંદગી મળી જશે, ઈન્શા અલ્લાહ !

**સાસુઓ, નણંદો વિચારે કે જેવી આપણી દીકરી તેવી કોઈની દીકરી ! :** કોઈના પર પણ નાહક જુલ્મ કરવું ઈસ્લામમાં હરામ છે અને વિના કારણે વહુઓને, સાસુ તથા નણંદ તથા કુટુંબીજનો દાબમાં ન રાખે કે જેવી તમારી બહેન દીકરીથી વહાલ મહોબ્બત રાખો છો તેવી જ રીતે પુત્રવધુ સાથે પણ પ્રેમાળ, દરગુઝરનો વહેવાર કરવો અને મહોબ્બતથી સમજાવટથી કોઈ સમસ્યા ઉભી થાય તો ઉકેલવી. જો તમારી દીકરીને પતિ કાઢી મૂકે કે પુત્રી સ્વેચ્છાએ પાછી આવે તો તમે અંદરથી કેટલાં દુઃખી થતાં હશો અને એ દીકરીની જિંદગી ખરાબ થતી જોઈને તમો તડપી ઉઠતાં હશો, બસ ! એવું જ સામાની દીકરીને પોતાની દીકરી જેમ રાખો તો તમારો પુત્ર પણ સુખેથી જીવશે અને ઘરનો માહોલ ખુશનુમા રહેશે. ઈસ્લામમાં સગાસંબંધીઓ સાથે પ્યાર મહોબ્બતથી તેમનાં હક્કો જાળવવાની ખૂબ જ તાકીદ થયેલી છે. એકબીજાથી વેર ન કરો બલ્કે આપણા નબી પાક ﷺએ તો ફર્માવ્યું કે : **"જે કોઈનામાં આ વાતો હશે અલ્લાહ તઆલા તેનાથી હિસાબમાં આસાની પેદા કરશે અને તેને પોતાની રહમતથી જન્નતમાં દાખલ કરશે. કે જે તમને મેહરૂમ કરે તમે તેને આપો. જે તમારા પર જુલ્મ કરે તેને માફ કરી દો.** બીજી હદીષમાં છે : **માણસોના અમલો દર જુમેરાતે મારા સમક્ષ રજૂ કરવામાં આવે છે, તો સંબંધો કટ કરનારાના અમલો કૃબૂલ કરવામાં નથી આવતા.** *(અત્તરગીબ વત્તરહીબ)*

સારાંશ કે આપણે મુસલમાન છીએ તો આપણે અલ્લાહ વ વસૂલના આદેશો જાણવા જોઈએ અને તેના પ્રમાણે જીવન જીવવું જોઈએ તો આપણા ઘરો અમ્નો શાંતિના ખુશહાલ ગુલશનો બની જશે. ભ્રામક ખયાલો તથા કાફિરો જેમ તેમની દેખાદેખી આઝાદ ખયાલી તથા સ્વચ્છંદી બનીને જીવશો તો તો તેનો અંજામ તમારે જ ભોગવવો પડશે. પતિ પત્નીએ એકબીજાના વફાદાર બનીને જીવવું જોઈએ. સર્વ કુટુંબીજનોએ આપસમાં મેળ મહોબ્બતથી રહેવું જોઈએ એમાં જ બંનેવ જહાનની ભલાઈ તથા ઈજ્જત સમાયેલી છે. وما توفيقي إلا بالله



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઇર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِذَا ضَرَبْتُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ
فَتَبَيَّنُوْا وَ لَا تَقُوْلُوْا لِمَنْ اَلْقٰۤى اِلَيْكُمُ السَّلٰمَ لَسْتَ
مُؤْمِنًا ۚ تَبْتَغُوْنَ عَرَضَ الْحَيٰوةِ الدُّنْيَا ٘ فَعِنْدَ اللّٰهِ
مَغَانِمُ كَثِيْرَةٌ ؕ كَذٰلِكَ كُنْتُمْ مِّنْ قَبْلُ فَمَنَّ اللّٰهُ
عَلَيْكُمْ فَتَبَيَّنُوْا ؕ اِنَّ اللّٰهَ كَانَ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرًا ﴿۹۴﴾
لَا يَسْتَوِي الْقٰعِدُوْنَ مِنَ الْمُؤْمِنِيْنَ غَيْرُ اُولِي الضَّرَرِ
وَ الْمُجٰهِدُوْنَ فِيْ سَبِيْلِ اللّٰهِ بِاَمْوَالِهِمْ وَ اَنْفُسِهِمْ ؕ
فَضَّلَ اللّٰهُ الْمُجٰهِدِيْنَ بِاَمْوَالِهِمْ وَ اَنْفُسِهِمْ عَلَى
الْقٰعِدِيْنَ دَرَجَةً ؕ وَ كُلًّا وَّعَدَ اللّٰهُ الْحُسْنٰى ؕ وَ فَضَّلَ
اللّٰهُ الْمُجٰهِدِيْنَ عَلَى الْقٰعِدِيْنَ اَجْرًا عَظِيْمًا ﴿۹۵﴾ دَرَجٰتٍ
مِّنْهُ وَ مَغْفِرَةً وَّ رَحْمَةً ؕ وَ كَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا ﴿۹۶﴾ اِنَّ
الَّذِيْنَ تَوَفّٰىهُمُ الْمَلٰٓئِكَةُ ظَالِمِيْۤ اَنْفُسِهِمْ قَالُوْا فِيْمَ
كُنْتُمْ ؕ قَالُوْا كُنَّا مُسْتَضْعَفِيْنَ فِي الْاَرْضِ ؕ قَالُوْۤا
اَلَمْ تَكُنْ اَرْضُ اللّٰهِ وَاسِعَةً فَتُهَاجِرُوْا فِيْهَا ؕ فَاُولٰٓئِكَ

## સૂરએ નિસાઅ્ની તફસીર

હે ઈમાનવાળાઓ ! જ્યારે તમે જિહાદ માટે નીકળો ત્યારે તપાસ કરી લો, અને જે તમને સલામ કરે તેને એવું ન કહો કે તે મુસલમાન નથી[૧૮૨], તમે જીવંત દુનિયાનો અસ્બાબ ઈચ્છો છો, તો અલ્લાહ પાસે ઘણી ગનીમતો (માલ અસ્બાબ) છે. પ્રથમ તમે પણ એવા જ હતા[૧૮૩], પછી અલ્લાહે તમારા પર ઉપકાર કર્યો[૧૮૪], તો તપાસ કરી લેવી તમારા માટે અનિવાર્ય છે[૧૮૫], બેશક ! અલ્લાહને તમારા કાર્યોની જાણ છે (૯૪) સરખા નથી તે મુસલમાન જેઓ કારણ વગર જિહાદથી બેસી રહે, અને તેઓ ખુદાના માર્ગે પોતાના માલ અને પ્રાણો સહિત જિહાદ કરે[૧૮૬], અલ્લાહે પોતાના માલો અને પ્રાણો સહિત જિહાદ કરનારાઓનો દરજ્જો બેસી રહેનારાઓ કરતાં મોટો કર્યો[૧૮૭], અલ્લાહે બધાની સાથે ભલાઈનો વાયદો કર્યો[૧૮૮] અને અલ્લાહે જિહાદવાળાઓને[૧૮૯] બેસી રહેનારાઓ પર મોટા સવાબથી શ્રેષ્ઠતા આપી છે (૯૫) તેના તરફથી દરજ્જાઓ, બખ્શિશ અને રહમત[૧૯૦], અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૯૬) તે લોકો જેમનો જીવ ફરિશ્તાઓ કાઢે છે, એવી હાલતમાં કે તેઓ પોતાના પર જુલ્મ કરતા હતા, તમને ફરિશ્તાઓ કહે છે, તમે કોનામાં હતા ? કહે છે, અમે ધરતીમાં

مَأْوٰىهُمْ جَهَنَّمُ ؕ وَ سَآءَتْ مَصِيْرًا ۙ﴿۹۷﴾ اِلَّا الْمُسْتَضْعَفِيْنَ مِنَ الرِّجَالِ وَ النِّسَآءِ وَ الْوِلْدَانِ لَا يَسْتَطِيْعُوْنَ حِيْلَةً وَّ لَا يَهْتَدُوْنَ سَبِيْلًا ۙ﴿۹۸﴾ فَاُولٰٓئِكَ عَسَى اللّٰهُ اَنْ يَّعْفُوَ عَنْهُمْ ؕ وَكَانَ اللّٰهُ عَفُوًّا غَفُوْرًا ﴿۹۹﴾

*અશક્ત હતા[૧૯૧]. કહે છે, શું ન હતી અલ્લાહની ધરતી વિસ્તૃત કે તમે તેમાં હિજરત કરત ? તો એવાઓનું રહેઠાણ જહન્નમ છે અને અતિ ખરાબ સ્થાન પલટવાનું[૧૯૨] (૯૭) પરંતુ તેઓ જે દબાવી લેવામાં આવ્યા, પુરૂષો, સ્ત્રીઓ અને બાળકો જેમનાથી ન કોઈ યુક્તિ થઈ શકે[૧૯૩], ન માર્ગ જાણે (૯૮) તો નજીક છે કે એવાઓને અલ્લાહ માફ કરે[૧૯૪]. અને અલ્લાહ માફ કરનાર બખ્શનાર છે (૯૯)*

## :: સમજૂતી ::

**૧૮૧** : મુસલમાનને જાણી બુઝીને મારી નાખવું સખ્ત ગુનોહ અને ભારે કબીરા ગુનોહ છે. હદીષ શરીફમાં છે કે ખુદાની પાસે એક જગતનું નાશ પામવું મુસલમાનના ખૂન કરતાં હલ્કુ છે. પછી જો એ ખૂન ઈમાનની અદાવતના કારણે હોય, અને ખૂની એને હલાલ ગણતો હોય, તો એ કુફ્ર પણ છે.

**ફાયદો** : ખુલુદનો શબ્દ (જેમાંથી આયતનો 'ખાલિદા' શબ્દ બન્યો છે) લાંબી મુદ્દતના અર્થમાં પણ વપરાય છે, અને ખૂની જો માત્ર દુન્યવી દુશ્મનીથી મુસલમાનનું ખૂન કરે, અને તેના ખૂનને મુબાહ (જાઈઝ) ન ગણે, તો પણ **તેની સજા લાંબી મુદ્દત માટે જહન્નમ છે.**

**ફાયદો** : ખુલુદ (અથવા ખાલિદા) જ્યારે લાંબી મુદ્દતના અર્થમાં વપરાયો હોય, ત્યારે કુર્આન શરીફમાં તેની સાથે 'અબદા' શબ્દ આવતો નથી. અને કાફિરો માટે ખુલુદનો શબ્દ હમેશાં માટેના અર્થમાં વપરાય છે, તેથી તેની સાથે અબદનો શબ્દ પણ વાપરવામાં આવ્યો છે.

**શાને નુઝૂલ** : આ આયત તયક્કસ બિન હમ્બાબા વિશે ઉતરી, તેના ભાઈઓ બની નજ્જાર કબીલામાં મરેલા મળી આવ્યા હતા, અને ખૂનીનો પત્તો મળતો ન હતો. બની નજ્જારે હુઝૂર ﷺના હુકમ મુજબ દિયત (બદલા રૂપે અમુક માલ) આપી દીધી હતી. ત્યાર બાદ શયતાનના બહેકાવવાથી તયક્કસે એક મુસલમાનને અસાવધાનીમાં મારી નાખ્યો. અને (મળેલા) દિયતનાં ઊંટ લઈને મક્કા તરફ ચાલી નીકળ્યો, અને મુર્તદ થઈ ગયો. ઈસ્લામના ઈતિહાસમાં આ માણસ પ્રથમ મુર્તદ (મુસલમાન થયા પછી કાફિર બની ગયેલ) છે.

**૧૮૨** : અથવા જેનામાં ઈસ્લામી એંધાણી અથવા નિશાની જુઓ, તેનાથી પોતાના હાથ રોકી લો, અને જ્યાં સુધી તેનું કુફ્ર સાબિત ન થઈ જાય ત્યાં સુધી તેની પર હાથ ન નાખો.

અબૂ દાઊદ અને તિર્મિઝીની હદીષમાં છે કે સરવરે આલમ ﷺ જ્યારે કોઈ લશ્કર રવાના કરતા ત્યારે આદેશ આપતા હતા કે, "જો તમે મસ્જિદ જુઓ અથવા અઝાનનો અવાજ સાંભળો તો કત્લ કરશો નહીં."

**મસ્અલો** : ઘણા ખરા ફકીહો (ધર્મશાસ્ત્રીઓ)નું કહેવું છે કે, **જો યહૂદી અથવા નસરાની એવું કહે કે હું મો'મિન છું તો એને મો'મિન માનવામાં નહીં આવે, કારણ કે તેઓ પોતાના અકીદાને જ ઈમાન કહે છે અને**

**"લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ" પઢે તો પણ તેના મુસલમાન હોવાનો હુકમ નહીં અપાય, જ્યાં સુધી કે તે પોતાના ધર્મથી નિઃસંબંધ હોવાનું જાહેર કરી તેના અસત્ય હોવાનો સ્વીકાર ન કરે.** આથી જણાયું કે **જે વ્યક્તિ કોઈ કુફ્રમાં ખરડાએલી હોય, તેના માટે તે કુફ્રને કુફ્ર સમજવું અને તેનાથી બેઝારી (અલિપ્તતા) જાહેર કરવી અનિવાર્ય છે.**

**૧૮૩** : અર્થાત જ્યારે તમે ઈસ્લામમાં પ્રવેશ્યા હતા, ત્યારે તમારી જીભેથી કલમએ શહાદત સાંભળી તમારા પ્રાણ અને માલ રક્ષાએલા જાહેર કરી દેવાયા હતા અને તમારૂ એલાન અર્થહિન ગણવામાં ન આવ્યું હતું. ઈસ્લામમાં પ્રવેશ કરનારાઓ સાથે તમારે પણ આવું જ વર્તન રાખવું જોઈએ.

**શાને નુઝૂલ** : આ આયત મરદાસ બિન નહીક બાબત ઉતરી, જેઓ ફિદકવાળાઓમાંથી હતા. અને એમની કોમમાં એમના સિવાય બીજું કોઈ મુસલમાન બન્યું ન હતું. તે કોમને સમાચાર સંપાડયા કે ઈસ્લામી સૈન્ય એમના પ્રતિ ધપી રહ્યું છે, ત્યારે તે બધા નાસી છુટયા, પણ મરદાસ રોકાઈ ગયા. જ્યારે એમણે દૂરથી સૈન્યને જોયું, ત્યારે એવા ખ્યાલથી કે ક્યાંક કાફિરોનું ટોળુ ન હોય, તેઓ પોતાની બકરીઓ લઈને પર્વતની ટોચે ચઢી ગયા. જ્યારે લશ્કર નજીક આવ્યું, અને તેમણે અલ્લાહો અકબરના નારાઓ સાંભળ્યા, ત્યારે પોતે પણ નારા મારતા નીચે ઉતર્યા, અને કહેવા માંડયા, 'લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ અસ્સલામુ અલયકુમ".

મુસલમાનો સમજ્યા કે ફિદકવાળા તો બધા કાફિરો છે, આ માણસ ભૂલથાપ આપવા ઈમાન જાહેર કરી રહ્યો છે. આવા વિચારે ઉસામા બિન ઝૈદે તેમને મારી નાખ્યા, ને બકરીઓ હાંકી લાવ્યા. જ્યારે સૈયદે આલમ ﷺની સેવામાં ઉપસ્થિત થયા ત્યારે બધો બનાવ કહી સંભળાવ્યો. હુઝૂરને ઘણુ જ દુઃખ થયું અને ફર્માવ્યું, "તમે તેના સરસામાન ખાતર તેને મારી નાખ્યો ?" ત્યારે આ આયત ઉતરી અને હુઝૂર ﷺએ ઉસામાને હુકમ કર્યો કે તે બકરીઓ તેના વારસદારોને પરત કરી દો.

**૧૮૪** : કે તેમને ઈમાન પર અડગતા આપી, અને તમારું મો'મિન હોવું જગજાહેર કર્યું.

**૧૮૫** : જેથી તમારા હાથે કોઈ ઈમાનદાર કતલ ન થાય.

**૧૮૬** : આ આયતમાં જિહાદનું શૂરાતન ચઢાવાયું છે, જિહાદ કરનારાઓ અને બેસી રહેનારાઓ એક સરખા નથી. મુજાહિદો માટે મોટા દરજ્જાઓ અને સવાબ છે. અને એ મસઅલો પણ સાબિત થાય છે કે લોકો બીમારી, વૃદ્ધાવસ્થા, અશક્તિ, અંધાપો અથવા હાથ પગ નિષ્ક્રિય હોવાથી અથવા એવા કોઈ કારણસર જિહાદમાં હાજર ન થઈ શકે, તેઓ સવાબથી વંચિત રાખવામાં આવશે નહીં, જો નિયત સારી ધરાવતા હશે તો.

બુખારી શરીફની હદીષ છે કે, તબુક યુદ્ધથી પરત થતાં હુઝૂર ﷺએ ફર્માવ્યું, "અમુક લોકો મદીનામાં રહી ગયા છે, આપણે કોઈ પણ તળેટી કે વસ્તીમાં ચાલતા નથી પણ તેઓ આપણી સાથે જ હોય છે, તેમને (આ વખતે) કારણોએ રાકી રાખ્યા છે.

**૧૮૭** : જેઓ કારણસર જિહાદમાં ન જઈ શકે, તેઓ જો કે નિય્યતનો સવાબ પામશે, પણ જિહાદ કરનારાઓને અમલી ફઝીલત એમનાથી વધારે છે.

**૧૮૮** : જિહાદ કરનારાઓ હોય કે કારણસર રહી જનારા.

**૧૮૯** : વગર કારણે.

**૧૯૦** : હદીષ શરીફમાં છે કે, અલ્લાહ તઆલાએ મુજાહિદો માટે વધુ પેજ 48 પર..

## દર્સે હદીષે પાક એટલે

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ્ મસાબીહ

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈ'મી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

*તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે ફર્ઝ નમાઝના માટે પોતાના ઘરેથી વુઝૂ કરીને નીકળે તો તેનો સવાબ એહરામ બાંધનાર હાજીની જેમ છે.[1] અને જે ચાશતની નમાઝના માટે નીકળે, એ નમાઝ જ તેને કાઢે તો એનો સવાબ ઉમરાવાળાની જેમ છે.[2] અને નમાઝના પછી બીજી નમાઝ જેના દરમિયાન કોઈ બેહૂદા વાત ન હોય તેનું ઈલ્લીય્યીનમાં લખાણ છે.[3] (અહમદ, અબૂ દાઊદ)*

**૧.** કેમ કે હાજી કા'બામાં જાય છે અને આ મસ્જિદમાં, આ બંનેવ અલ્લાહનાં ઘરો છે. હાજી હજનો એહરામ બાંધે છે અને આ નમાઝની નિય્યતથી ઘરેથી નીકળે છે. અને જેમ કે હજ ખાસ તારીખોમાં થાય છે, પણ હાજી ઘરેથી નીકળવાથી લઈને પરત થતા સુધી અજર (બદલો) પામે છે, એ જ પ્રમાણે નમાઝની જમાઅત જો કે ખાસ સમયમાં થશે પણ નમાઝી ઘરેથી નીકળવાથી પરત થતા સુધી અલ્લાહની રહમતમાં રહે છે.

**૨.** યાદ રાખશો કે ચાશતની નમાઝ તથા અન્ય નફલો જો કે ઘરમાં અફઝલ છે, પરંતુ જો ઘરમાં ભીડભાડ તથા બાળકોના શોરના કારણે મસ્જિદમાં પઢે તો પણ બેહતર. અહીં એ જ મુરાદ છે. અમુક ઉલમા ફર્માવે છે કે ચાશતની નમાઝ મસ્જિદમાં જ અફઝલ છે. તેમની દલીલ આ હદીષ છે.

**૩.** એના બે અર્થો થઈ શકે છે : એક એ કે ફર્ઝ બાદ જોડે જ નફલ તથા સુન્નતો પઢે, દરમિયાનમાં દુનિયવી કામ ન કરે. બીજુ એ કે પંજગાના ફર્ઝોની દરમિયાન પણ એવું સમજીને ગુનાહોથી બચે કે હું જાહેરને તથા બાતિન (અંતર)ને પાક રાખીને ખુદાની બારગાહમાં હાજર થાઉં, તો એનો અમલ ઈલ્લીય્યીનમાં લખવામાં આવશે. ઈલ્લીય્યીન સાતમા આસ્માનની ઉપર છે જ્યાં અબરારના નેક અમલો લખવામાં આવે છે. કેમ કે એ ઊંચી જગાએ આવેલ છે જેથી તેને ઈલ્લીય્યીન કહે છે.

*હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે તમે જન્નતના બાગોએથી પસાર થાવ તો કાંઈક ચરી લીધા કરો[1] અર્ઝ કરવામાં આવી કે હુઝૂર ! જન્નતના બાગ શું છે ? ફર્માવ્યું, મસ્જિદો. અર્ઝ કરવામાં આવી, ચરવું શું છે યા રસૂલલ્લાહ ?! ﷺ ફર્માવ્યું, سبحان اللہ والحمد للہ અને لا الہ الا اللہ અને اللہ اکبر કહેવું.[2] (તિર્મિઝી)*

**૧.** એટલે કે જો તમે મસ્જિદોમાં નમાઝના માટે ન પણ જાવ, બલ્કે આમ જ ત્યાંથી પસાર થઈ જાવ તો પણ કાંઈક પઢી લીધા કરો, કેમ કે બાગમાં જઈને કાંઈ ખાધા વિના પરત થવું મેહરૂમી છે. ખાસ કરીને જ્યારે કે બાગનો માલિક સખી હોય.

**૨.** જન્નતમાં શારીરિક ખોરાકો હશે અને નષ્ટ ન થનારા મેવા, જેના પર કોઈ રોકટોક નથી. એ જ પ્રમાણે મસ્જિદોમાં અલ્લાહના ઝિક્રની રૂહાની ગિઝાઓ છે જેમના માટે ફના નથી. એટલા માટે સૈયદના અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم ફર્માવે છે કે જો રબ મને જન્નત અને મસ્જિદમાં જવાનો ઈખ્તિયાર આપે તો હું જન્નતને બદલે મસ્જિદને ઈખ્તિયાર કરું. ઉલમા

ફર્માવે છે કે જે શખ્સ એવા સમયે મસ્જિદમાં જાય જ્યારે નફ્લ મકરૂહ હોય છે તો આ કલેમા પઢી લે, ઈન્શાઅલ્લાહ ! તહિય્યતુલ મસ્જિદનો સવાબ પામશે. એક હદીષમાં છે કે મેઅરાજની રાતે ઈબ્રાહીમ علیہ السلامએ હુઝૂર ﷺથી અર્ઝ કરી કે તમારી ઉમ્મતને મારા સલામ કહેજો અને ફર્માવજો કે જન્નતની ઘણી બધી જમીન ખાલી પડી છે એમાં છોડવા (રોપા) લગાડીને આવો, ત્યાંના છોડવા આ શબ્દો છે : "سُبْحَانَ اللهِ" الخ (મિર્કાત)

*તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ મસ્જિદમાં જે ચીજના માટે આવશે તે તેનો હિસ્સો હશે.[1] (અબૂ દાઊદ)*

**૧.** એટલે કે મસ્જિદમાં જે નિય્યતથી જશો તે જ પામશો. જોડા ચોરવા જશો તો જોડા જ ખાશો. જો ત્યાં ભીખ માગવા જશો તો હમેશાં ભીખ જ માગશો. અને જો નમાઝ અને અલ્લાહના ઝિક્રના માટે ગયા તો સવાબ મળશે. ફક઼ીર કહે છે કે જે મસ્જિદે નબવી શરીફમાં એટલા માટે જાય કે મને હુઝૂર ﷺ મળી જાય તો ઈન્શાઅલ્લાહ ! હુઝૂર મળી જશે બલ્કે એ મસ્જિદોમાં પણ કેવળ અલ્લાહ તથા રસૂલને રાજી કરવાની નિય્યત કરો તો ઈન્શાઅલ્લાહ ! પામશો.

*હઝરત ફાતિમા બિન્તે હુસૈન رضی اللہ عنہا થી રિવાયત છે[1] તે પોતાનાં દાદી હઝરત ફાતિમતુલ કુબરા رضی اللہ عنہا થી રિવાયત કરે છે[2] ફર્માવે છે કે હુઝૂર નબી કરીમ ﷺ જ્યારે મસ્જિદમાં દાખલ થતા તો મુહમ્મદ મુસ્તફા ﷺ પર દુરૂદો સલામ મોકલતા[3] અને ફર્માવતા, ઈલાહી ! મારા ગુનાહો બખ્શી આપ અને મારા માટે તારી રહમતના દરવાજા ખોલી આપ. અને જ્યારે નીકળતા તો જનાબે મુસ્તફા પર દુરૂદો સલામ મોકલતા અને ફર્માવતા, યા રબ ! મારા ગુનાહોને બખ્શી દે, મારા માટે તારા ફઝ્લના દરવાજા ખોલી દે.[4] (તિર્મિઝી, અહમદ, ઈબ્ને માજહ) આ બંનેની રિવાયતમાં એ પણ છે કે ફર્માવે છે, જ્યારે મસ્જિદમાં જતા અને આમ જ જ્યારે નીકળતા તો સલાતો સલામના બદલે આ પ્રમાણે કહેતા : بسم الله و السلام على رسول الله **બિસ્મિલ્લાહિ વસ્સલામુ અલા રસૂલિલ્લાહ.**[5] તિર્મિઝીએ ફર્માવ્યું કે એની અસ્નાદ મુત્તસિલ નથી. ફાતિમા બિન્તે હુસૈન ફાતિમા કુબરાને ન પામ્યા.[6]*

**૧.** આપનો લક઼બ ફાતિમા સુગરા છે. ઈમામ હુસૈનનાં સાહબઝાદી અને ઈમામ ઝયનુલ આબિદીનનાં બહેન છે. હુસૈન ઈબ્ને અલીના નિકાહમાં હતાં. એમની વફાત બાદ અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને ઉષ્માન ઈબ્ને અફ્ફાનના નિકાહમાં આવ્યાં. જલીલુલ ક઼દર તાબઈનમાંથી છે. એટલે કે સહાબાએ કિરામની સોહબત પામેલ.

**૨.** આપનો લક઼બ ફાતિમતુલ કુબરા છે. હુઝૂર ﷺનાં સૌથી નાનાં સાહબઝાદી છે. ખદીજતુલ કુબરા رضی اللہ عنہاથી જન્મ પામ્યાં. માહે રમઝાન હિ.સ.૨માં સૈયદના અલીયે મુર્તઝા کرم اللہ وجہہ الکریم ના નિકાહમાં આવ્યાં અને ઝીલ હજજમાં વિદાયગીરી થઈ. બે પુત્રો અને ત્રણ પુત્રીઓ છોડી : હસન, હુસૈન, ઝયનબ, ઉમ્મે કુલ્ષૂમ, રુકૈયા. હુઝૂર ﷺની વફાતના છ માસ બાદ વફાત પામ્યાં. ૨૮ વરસની ઉમર પામ્યાં. હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ ગુસ્લ આપ્યું. હઝરત અબ્બાસ કે અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ એ નમાઝ પઢાવી. હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે મેં ફાતિમાથી વધીને સાચુ ન જોયું.

**૩.** આ પરથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે મસ્જિદમાં જતી વખતે દુરૂદ શરીફ પઢવું સુન્નત છે. શિફા શરીફમાં છે કે ખાલી મકાન અને મસ્જિદમાં જતી વખતે આ પ્રમાણે પઢો : اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللهِ وَ بَرَكَاتُهٗ બીજુ એ કે હુઝૂરે અન્વર ﷺ પોતે પણ પોતાના પર દુરૂદ સલામ પઢતા હતા. ક્યારેક صَلَّى اللهُ عَلَىٰ مُحَمَّدٍ وَ سَلَّمَ અને ક્યારેક صَلَّى اللهُ عَلَيَّ وَ سَلَّمَ ફર્માવતાં.

**૪.** આ બે વાક્યો (Sentences)ની તફસીર આ જ પ્રકરણમાં પહેલાં વર્ણન થઈ ચૂકી. હુઝૂર ﷺનું ગુનાહોથી બખ્શિશ માગવું ક્યાં તો આપણને શીખવાડવા માટે છે અથવા ગુનાહોથી પોતાની ઉમ્મતના તે ગુનાહો મુરાદ છે જેને બખ્શાવવું તેમના કરમના ઝિમ્મે છે. જેવું કે કેસનો વકીલ કહે છે, મારો કેસ. એની ઉમદા તથા મજાની તેહક઼ીક઼ નૂરુલ ઈર્ફાન હાશિયા કન્ઝુલ ઈમાન સૂરએ ફતહ لِیَغْفِرَ لَکَ اللّٰہُ ના હેઠળ જુઓ :

**૫.** સુન્નત છે કે આ શબ્દો અત્યારે પણ કહેવામાં આવે. એનાથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺની જલ્વાગરી દરેક જગાએ છે, નહીં તો જે ગાયબ હોય તેને સલામ કેવી ?! દરેક નમાઝી અત્તહિય્યાતમાં પઢે છે : اَلسَّلَامُ عَلَیْکَ اَیُّھَا النَّبِیُّ

**૬.** કેમ કે હઝરત ફાતિમા કુબરાના વિસાલના સમયે આપના વાલિદ ઈમામ હુસૈનની ઉમર ૮ વર્ષ હતી. જેથી કોઈ રાવીનું નામ છૂટી ગયું જેણે હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہاથી સાંભળ્યું હોય. મિર્અતમાં છે કે તે રાવી ખુદ આપના વાલિદ ઈમામ હુસૈન છે. જેમ કે ઈબ્ને મરદુવિયહએ એની અસ્નાદ આ પ્રમાણે વર્ણવી છે : فاطمة بنت الحسين عن حسين عن فاطمة الكبرىٰ

*હઝરત અમ્ર ઈબ્ને શોએબ رضی اللہ عنہ થી રિવાયત છે, તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી રિવાયત કરે છે[૧] ફર્માવે છે કે નબી કરીમ ﷺએ મસ્જિદમાં શેઅરો પઢવાથી[૨] તથા ત્યાં ખરીદ વેચાણથી મના કર્યું[૩] અને એનાથી મના કર્યું કે લોકો જુમ્આના દિવસે નમાઝથી પહેલાં વર્તુળ (હલકા) બનાવીને બેસે.[૪] (અબૂ દાઊદ, તિર્મિઝી)*

**૧.** આપના દાદાનું નામ અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ છે. આપ સહાબી છે. એનું વર્ણન પહેલાં તફસીલ સાથે થઈ ચૂક્યું.

**૨.** અશઆર (શેઅરો)થી મુરાદ બુરા અથવા ઈશ્કિ઼યા શેઅરો છે. હમ્દે ઈલાહી, નઅતે મુસ્તફવી, મનાક઼િબે અવલિયા, નસીહત તથા શીખામણ, કાફિરોની બુરાઈઓના શેઅરો પઢવા જાઈઝ બલ્કે સહાબાની સુન્નત છે. જેથી આ હદીષ એની વિરૂધ્ધ નથી કેમ કે હુઝૂર ﷺ મસ્જિદમાં હઝરત હસ્સાનના માટે મિમ્બર બિછાવડાવતા જેના પર આપ ઉભા રહીને હુઝૂર ﷺની નઅત અને કાફિરોની હિજ્જોના શેઅરો પઢતા અને હુઝૂર ﷺ દુઆઓ આપતા. તેમજ હઝરત હસ્સાન અને કઅબ ઈબ્ને ઝુબેર મસ્જિદે નબવીમાં હુઝૂર ﷺની સામે નઅતખ્વાની કર્યા કરતા હતા. એની ચર્ચા ઈન્શાઅલ્લાહ ! બાબુશ્શોઅરામાં આવશે.

**૩.** કેમ કે એ દુનિયવી કારોબાર છે જે મસ્જિદોમાં મના છે. આજકાલ મસ્જિદે હરામ શરીફમાં ગિલાફે કા'બા અને કિતાબો રાખીને વેચવામાં આવી રહી છે એ પણ મના છે. હા ! એતેકાફવાળો એતેકાફની હાલતમાં મસ્જિદમાં વેપારની વાતો કરી શકે છે, ત્યાં માલ નથી લાવી શકતો.

**૪.** એ વખતે ત્યાં સફ બનાવીને બેસવું જોઈએ. હા, નમાઝ બાદ વઅઝ વગેરે સાંભળવા માટે હલકા બનાવીને બેસવું જાઈઝ છે, કેમ કે હવે નમાઝની રાહ જોવાની નથી. *(ક્રમશઃ)*

**અલ્લાહ જઝાએ ખૈર અતા કરે !**

**ભાવનગર** : જનાબ અબ્દુર્રહીમ એચ. ક઼ાઝી તરફથી **"હુઝૂર નબી પાક ﷺની મીલાદ શરીફ"**ની ખુશીમાં રૂા. ૫૦૦/–નો ચેક **"અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા"**ને મળ્યો છે. જઝાકલ્લાહ ! અલ્લાહ તબારક વ તઆલા તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં તેની આ'લા શાન પ્રમાણે આ નેકીનો બેહતરીન બદલો અતા કરે. *–તંત્રી*

# હ઼દાઈકે઼ બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**ઉનકી નબુવ્વત ઉનકી અબૂવ્વત હૈ સબકો આમ**
**ઉમ્મુલ બશર ઉરૂસ ઉન્હીં કે પિસર કી હૈ**

*(અબૂવ્વત = બાપ હોવું, ઉમ્મુલ બશર = હઝરતે હવ્વા, સર્વ માનવોનાં મા, આદમ علیہ السلام નાં પત્ની, ઉરૂસ = દુલ્હન, પિસર = પુત્ર)*

**અર્થાત :** ઉલમા ફર્માવે છે કે નબી કરીમ ﷺ મૂળ અર્થમાં સર્વ જગતના બાપ છે કેમ કે સર્વ કાંઈ એમના જ નૂરથી પેદા થયું. એટલા માટે હઝૂર ﷺનું મુબારક નામ અબુલ અરવાહ છે તો આદમ علیہ السلام જો કે જાહેરી રીતે હુઝૂર ﷺના બાપ છે, પણ હક઼ીક઼તમાં એ પણ હુઝૂરના પુત્ર છે. જેથી ઉમ્મુલ બશર એટલે માનવોની મા હવ્વા હુઝૂર ﷺના પુત્ર આદમ علیہ السلامનાં દુલ્હન થયાં. علیہما السلام *(હાશિયા હદાઈક઼ે બખ્શિશ)*

**ઝાહિરમેં મેરે ફૂલ હક઼ીક઼તમેં મેરે નખ્લ**
**ઈસ ગુલકી યાદમેં યહ સદા અબુલ બશરકી હૈ**

*(નખ્લ = ઝાડ, સદા = પોકાર, અબુલ બશર = માનવોના પિતા, આદમ علیہ السلام)*

**અર્થાત :** એ જ કારણે સૈયદના આદમ علیہ السلام જ્યારે કદી મહોબ્બતમાં આવીને હુઝૂર ﷺને યાદ કરતા તો આ પ્રમાણે કહેતા : یا ابنی صورۃ وابی معنیً "હે જાહેરમાં મારા પુત્ર અને હક઼ીક઼તમાં મારા બાપ !" એનો ખુલાસો આ શેઅરમાં વર્ણન કરવામાં આવ્યો છે કે સૈયદના આદમ علیہ السلام કે જે અબુલ બશર (માનવવંશના બાપ છે) જ્યારે આ ફૂલ (આપણા રસૂલ ﷺને) યાદ કરતા તો આ પ્રમાણે પોકાર કરતા, હે મુહમ્મદ કરીમ ﷺ ! જે જાહેરી રીતે તો મારા ફૂલ છો પરંતુ હક઼ીક઼તમાં મારી અસલ તથા જડ છો.

આપ ﷺએ ફર્માવ્યું કે હું એ વખતે પણ નબી હતો જ્યારે હજી આદમ علیہ السلامનો ગારો તથા ખમીર પણ તૈયાર થયો ન હતો.

**પહલે હો ઉનકો યાદ કે પાએ જિલા નમાઝ**
**યહ કહતી હૈ અઝાન જો પિછલે પહર કી હૈ**

*(જિલા = સફાઈ, ચમક. પિછલે પહર = પાછલો હિસ્સો)*

**અર્થાત :** બંને હરમ શરીફોમાં તહજ્જુદના સમયથી મોઅઝ઼્ઝિન મીનારાઓ પર જઈને હુઝૂરે અક઼દસ ﷺ પર સલાતો સલામ મોટા અવાજે અર્ઝ કરતા રહે છે. જેથી સવારની નમાઝથી પહેલાં હુઝૂરને યાદ કરવામાં આવે છે જેનાથી નમાઝ ચમક પામે છે, જેવી રીતે ફર્ઝથી પહેલાં સુન્નતો હોય છે. *(હાશિયા હદાઈક઼ે બખ્શિશ)*

આ'લા હઝરત رحمۃاللہعلیہ પોતાના દૌરની વાત કરે છે. આ ક્રમ સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબી رحمۃاللہعلیہના દૌરમાં શરૂ થયો (અઝાન પહેલાં સલામ પઢવાનો) જેને દીનના મહાન ઈમામોએ વખાણ્યો. જેમ કે ઉસ્તાઝુલ હરમૈન અલ્લામા ઈબ્ને હજર મક્કી عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُ એ ખુશ થઈને ફર્માવ્યું : نعم مافعل، جزا اللّٰہ خیر الجزا "આ એણે ખૂબ જ સારું કામ કર્યું છે. અલ્લાહ તઆલા એને જઝાએ ખૈર આપે." *(ફતાવા કુબરા, ૧/૧૨૧)*

ઈબ્ને અબ્દુલ વહહાબ નજદીએ આ ક્રમ બંધ કરાવી દીધો, બલ્કે સલાતો સલામ પઢવાવાળાને શહીદ કરાવી દીધો. (જુઓ અદ્દુર્રુસ્સુન્નિયહ, પેજ–૪૫) આ કેવળ એટલા માટે કે એ લોકોને દુશ્મની છે દુરૂદો સલામથી, નહીં તો જો નવી ચીજ (બિદઅત) સમજીને મિટાવતા તો મસ્જિદની મેહરાબ, કુર્આને પાકનાં એઅરાફ (ઝેર, ઝબર, પેશ વગેરે), મસ્જિદના મીનારાઓ તથા મસ્જિદોમાં આજે જેટલી ચીજો છે, લાઉડ સ્પીકર, ગાલીચાઓ, સફો વગેરે એમાંનું કાંઈ પણ હુઝૂર ﷺના દૌરમાં હતુ નહીં. પણ ચીડ તો કેવળ દુરૂદો સલામથી છે ! પણ યાદ રાખશો તમે જીવતાઓને પઢવા નથી દેતા જ્યારે કે ગુલામાને મુસ્તફા ﷺ તો મૃત્યુ બાદ પણ દુરૂદો સલામ પઢવાની તૈયારી કરીને બેઠેલા છે ! મૌલાના જમીલુર્રહમાન રઝવી رحمۃاللہعلیہનો એક શેઅર છે :

*મૈં વો સુન્ની હૂં 'જમીલે ક઼ાદરી' મરને કે બાદ–મેરા લાશા ભી કહેગા અસ્સલાતુ વસ્સલામ*

એની દલીલ એ છે કે જ્યારે હુઝૂરનું નામ આવે તો દુરૂદ શરીફ પઢવું જરૂરી થઈ જાય છે, તો જ્યારે હુઝૂર ખુદ ક઼બ્રમાં જલ્વાગર થાય તો પછી સલાતો સલામ પઢવું કેટલુ જરૂરી થશે ?!

**દુન્યા, મઝાર, હશ્ર જહાં હૈં ગફૂર હૈં**
**હર મંઝિલ અપને ચાંદકી મંઝિલ ગફરકી હૈ**

**અર્થાત :** ગફૂર પણ હુઝૂર ﷺનું નામે પાક છે. જેવી રીતે તૌરાતમાં નિર્દેશ છે કે ચાંદની ૨૮ મંઝિલોમાંથી પંદરમી મંઝિલનું નામ ગ઼ફર છે.

ફર્માવે છે કે ચાહે દુનિયા હોય કે ક઼બ્ર કે હશ્ર હોય, હુઝૂર ﷺ દરેક જગાએ માફ કરવાવાળા છે. આપણો ચાંદ (માહે તયબહ) તે છે કે જેની દરેક મંઝિલ જ ગફર (માફ કરવું) છે. આ'લા હઝરતના આ શેઅર તારાઓના ઈલ્મ (ઈલ્મે નુજૂમ)થી સંબંધ ધરાવે છે. યાદ રાખશો કે આ'લા હઝરત رحمۃاللہعلیہને અલ્લાહ તઆલાએ ૫૦થી પણ અધિક ઈલ્મો (વિદ્યાઓ) પર સંપૂર્ણ નિપૂણતા અતા કરી હતી અને દરેક ઈલ્મ પર આપે કિતાબો લખી (જેમ કે "અલ્કલિમતુલ મુલ્હિમહ" તથા "ફૌઝે મુબીન દર રદ્દે હરકતે ઝમીન"માં સાયન્સી સંશોધનો છે) એ જ પ્રમાણે આપ દરેક ઈલ્મથી સંબંધિત શેઅરો પણ કહી લેતા હતા. જેમ કે ચર્ચા હેઠળનો શેઅર ઈલ્મે નુજૂમથી સંબંધિત છે. એ જ પ્રમાણે કેટલાયે શેઅરો તિબ્બી વિદ્યા (મેડિકલ સાયન્સ)થી સંબંધિત છે અને ઘણા બધા શેઅરો મન્તિક (સાયકોલોજી, ફિલોસોફી)થી સંબંધિત પણ છે, જેમાંથી એક આ પણ છે :

*ઝર્રે મહરે કુદ્દસ તક તેરે તવસ્સુતસે ગયે–હદ અવસતને કિયા સુગરા કો કુબરા નૂર કા*

એની ઈમાન અફરોઝ સ્પષ્ટતા આ જ શેઅરની શરહમાં જોઈ શકાય છે.

**ઉન પર દુરૂદ જિનકો હજર તક કરેં સલામ**
**ઉન પર સલામ જિનકો તહિય્યત સજર કી હૈ**

*(તહિય્યત = સલામ, તોહફો, હજર = પથ્થર, સજર = ઝાડ)*

**અર્થાત :** એ આકાએ દો જહાં ﷺની ઝાતે બા બરકત પર કરોડો દુરૂદો થજો જેમને પથ્થર પણ પોકારીને કહે "અસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ ! (હદીષ) અને એ તાજદારે મદીના પર કરોડો સલામ થજો જેમને ઝાડ પણ સલામ અર્ઝ કરે છે.

كان النبى صلى الله عليه وسلم لا يمر على شجر ولا على حجر الايسلم عليه او كماقال "હુઝૂર ﷺ જે ઝાડ તથા પથ્થર પાસેથી પસાર થતા તે આપના પર સલામ મોકલતો."

**ઉન પર દુરૂદ જિનકો કસે બેકસાં કહેં**
**ઉન પર સલામ જિનકો ખબર બેખબરકી હૈ**

**અર્થાત :** એ આકા પર કરોડો દુરૂદ જે દરેક બેસહારાના સહારા છે અને એમના પર લાખો સલામ જે દરેક બેખબરની ખબર રાખે છે.

**જિન્નો બશર સલામ કો હાઝિર હૈં અસ્સલામ**
**યહ બારગાહ માલિકે જિન્નો બશર કી હૈ**

**અર્થાત :** જિન હોય કે માણસ દરેક હુઝૂર ﷺની બારગાહમાં સલામના માટે હાજર છે, કેમ કે આ બારગાહ તે જાતની છે જે જિન તથા ઈન્સાનના માલિક છે.

**શમ્સો કમર સલામ કો હાઝિર હૈં અસ્સલામ**
**ખૂબી ઉન્હીંકી જૂતસે શમ્સો કમર કી હૈ**

*(શમ્સો કમર = સૂર્ય તથા ચંદ્ર, જૂત = રોશની)*

**અર્થાત :** સૂરજ તથા ચાંદ પણ સલાતો સલામનું નઝરાણુ પેશ કરી રહ્યા છે, કેમ કે આપના જ નૂરથી સૂરજ તથા ચાંદને રોશની મળી.

**સબ બહરો બર સલામકો હાઝિર હૈં અસ્સલામ**
**તમ્લીક ઉન્હીં કે નામ તો હર બેહરો બરકી હૈ**

*(બહરો બર = જમીન તથા દરિયા, સમુદ્રો તથા જંગલો, તમ્લીક = માલિક થવું, માલિક બનાવવું)*

**અર્થાત :** જમીન તથા દરિયા, જંગલ તથા સમુદ્રો આપની બારગાહમાં સલામ પેશ કરવા હાજરી આપી રહ્યાં છે કેમ કે જમીન તથા સમુદ્રો, બહરો બર સૌ આપની જ માલિકીમાં છે. إِنَّآ أَعْطَيْنَٰكَ ٱلْكَوْثَرَ *(સૂ. કૌષર, ૧૦૮/૧)*

**સંગો સજર સલામ કો હાઝિર હૈં અસ્સલામ**
**કલ્મેસે તર ઝબાન દરખ્તો હજરકી હૈ**

**અર્થાત :** પથ્થર તથા ઝાડ પણ સલાતો સલામ અર્ઝ કરવા માટે હાજર છે. આપની જ ઝાતે બાબરકત પર દુરૂદો સલામના કલામથી એમની જીભો તર છે. *(ક્રમશઃ)*

# હશ્ત બહિશ્ત
## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત
(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

અસ્રારુલ અવલિયા

હપ્તો ૧૪

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક :** હઝરત ખ્વાજા બદર ઈસ્હાક رحمۃ اللہ علیہ
**અનુવાદક :** પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

*(સાતમો વિભાગ)*

### સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ)ની ફઝીલત

જ્યારે પાબોસીની દૌલત હાંસલ થઈ તો કાઝી હમીદુદ્દીન નાગોરીના સાહબઝાદા, મૌલાના નાસિહુદ્દીન શયખ જમાલુદ્દીન હાંસવી, શમ્સ તબરેઝ તથા કેટલાક અન્ય સૂફીઓ હાજર હતા. ઝબાન મુબારકથી ઈર્શાદ ફર્માવ્યો કે રસૂલુલ્લાહ ﷺથી રિવાયત છે કે જે ખત્મે કુર્આને પાકનો સવાબ હાંસલ કરવા ચાહે તેણે જોઈએ કે રાતે ૨૫ વાર સૂરએ ઈખ્લાસ પઢી લે તો જાણે તેણે પૂરુ કુર્આને પાક ખત્મ કરી લીધું. સૂરએ ઈખ્લાસ તમામ ખુદાની વહદાનિયત પર આધારિત છે. કુલ્હુવલ્લાહુ અહદ (قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ) ખુદા તઆલાની ઉચ્ચ સિફત છે. જે શખ્સ કામિલ યકીનની સાથે આ સૂરએ મુબારકની તિલાવત કરશે તે ખુદાવંદી સિફતની સાથે મુત્તસિલ (સંબંધિત) થઈ જશે, જો કે તે ઝાતે પાક કોઈ સિફતમાં સમાય નથી શકતી.

### ★ પાંચ અજનબી નેકીઓ એક જ રાતમાં ?! ★

ફર્માવ્યું, એકવાર રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلام તશરીફ લાવ્યા હતા. સહાબાએ કિરામને ઈર્શાદ ફર્માવ્યો કે, "હે સાથીઓ ! જ્યાં સુધી આ કામ ન કરી લો ત્યાં સુધી રાતે કદાપિ સૂઓ નહીં ! : (૧) જ્યાં સુધી કુર્આને પાક ખત્મ ન કરી લો. (૨) જ્યાં સુધી ખુદાની રાહમાં જેહાદ ન કરી લો. (૩) જ્યાં સુધી રસૂલુલ્લાહ ﷺને ખુશ ન કરી લો. (૪) જ્યાં સુધી હજ્જ ન કરી લો. (૫) જ્યાં સુધી ખુદાએ કરીમને રાજી ન કરી લો." જ્યારે રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلامએ આ પાંચ વાતો પૂર્ણ કરી તો સહાબાએ કિરામે આશ્ચર્ય પામીને અર્ઝ કરી કે હુઝૂર ! આ પાંચ વાતો એક રાતમાં કેવી રીતે શક્ય છે ? ફર્માવ્યું, શક્ય છે ! કે જે શખ્સ રાતમાં ખત્મે કુર્આન કરવા ચાહે છે તે ૨૫ વાર સૂરએ ઈખ્લાસ પઢે તો જાણે તેણે કુર્આને પાક ખત્મ કર્યું. જે શખ્સ એવું ચાહે છે કે અલ્લાહની રાહમાં જેહાદ કરે તો દસવાર કલમો "સુબ્હાનલ્લાહ" કહી લે તો જાણે જેહાદ કર્યો. જે શખ્સ એવું ચાહતો હોય કે રસૂલુલ્લાહ ﷺ મારાથી ખુશ થઈ જાય તો સો વાર દુરૂદ શરીફ મારી બારગાહમાં મોકલે, જાણો અમે તેનાથી રાજી થઈ ગયા. જે શખ્સ એવું ચાહતો હોય કે દરરોજ હજ્જે બયતુલ્લાહ શરીફથી મુશર્રફ થાય તેણે જોઈએ કે રાતે ૧૦૦ વાર આ કલમો શરીફ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ الْحَلِيْمُ الْكَرِيْمُ (લાઈલાહ ઈલ્લલ્લાહુલ્ હકીમુલ કરીમ) પઢી લે, તેને હજ્જનો સવાબ મળશે.

અને જે શખ્સ ખુદાએ કરીમને રાજી કરવા ચાહે છે તે રાતમાં પહેલો કલમો لَا اِلٰہَ اِلَّا اللّٰہُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰہِ ﷺ ખૂબ જ અધિક પ્રમાણમાં પઢે. પછી ફર્માવ્યું, હે દરવેશ ! એક દિવસે હું એક બીમારની ખબર પૂછવા ગયો. મેં સૂરએ ફાતિહા તથા ઈખ્લાસ દમ કરી તો તેની બીમારી તંદુરસ્તીમાં બદલાઈ ગઈ.

### ★ વગર નાવડીએ નદી પાર કરી ★

એકવાર હું ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકીની સાથે સફર કરી રહ્યો હતો. પૂર્વી ઈલાક઼ામાં મોતા નામનો દરિયો (નદી) હતો. તેના કિનારે જ્યારે પહોંચ્યા તો ત્યાં કોઈ કશ્તી વગેરે ન હતી કે જેનાથી નદી પાર કરે, અને તે જગા અનહદ ભયાનક હતી. કુત્બુલ અક઼તાબ قُدِّسَ سِرُّہُ الْعَزِیْز મુસ્કુરાયા અને મને ફર્માવ્યું, ફરીદ ! આવો ! પાર કરીએ ! મેં અર્ઝ કર્યું, ખુશનસીબી ! મારા દિલમાં ખયાલ ગુજર્યો કે આ રસ્તામાં નાવડી પણ નથી તો કેવી રીતે અહીંથી પસાર થવાશે ! હજી આ ખયાલ મારા દિલમાં પેદા થયો જ હતો કે મેં પોતાને મારા હઝરત ખ્વાજાની સાથે નદી પાર જોયો. મેં બીજા કિનારે હઝરત ખ્વાજાથી પૂછ્યું કે હુઝૂર ! આ કેવી રીતે બની ગયું ?! ફર્માવ્યું, જ્યારે આપણે નદીના કિનારે પહોંચ્યા અને નાવડી હાજન ન હતી તો મેં સૂરએ ઈખ્લાસ પઢી અને નદીને દમ કરી દીધી. ખુદાએ કુદ્દૂસના હુકમથી નદી ફાટી ગઈ અને આપણે પસાર થઈ ગયા.

### ★ સૂરએ ઈખ્લાસ ૧/૩ કુર્આન બરાબર ★

હઝરત રિસાલત પનાહ ﷺએ જેઓ તરીક઼તવાળા છે. સૂરએ ઈખ્લાસને કુર્આનનો ત્રીજો ભાગ ઠરાવ્યો છે. એ જે કુર્આને પાકના ખત્મ બાદ તેને (કુલ્હુવલ્લાહને) ત્રણવાર પઢવાનો નિયમ છે તેમાં હિકમત એ છે કે જો કુર્આને અઝીમની તિલાવતમાં ક્યાંક કોઈ ખામી રહી ગઈ હોય તો સૂરએ ઈખ્લાસ પઢવાથી એ કમી દૂર થઈ જશે. અને ખત્મે કુર્આન સંપૂર્ણ થઈ જાય તો ખત્મે કુર્આન બાદ સૂરએ ફાતિહા અને સૂરએ બક઼રહની અમુક આયતો તિલાવત કરવામાં આવે છે. તેમાં હિકમત એ છે કે રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلامથી એકવાર પૂછવામાં આવ્યું કે લોકોમાં સૌથી બેહતર કોણ છે ? હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, الحال المرتحل "હાલ"એ શખ્સને કહે છે જે મંઝિલમાં પહોંચ્યો હોય, અને "મુરતહલ" તે છે જે મંઝિલથી રવાના થઈ ગયો હોય. અને આ નિર્દેશ એ તરફ છે કે જ્યારે માણસ કુર્આને પાક ખત્મ કરે છે તો જાણે મંઝિલમાં આવે છે, જ્યારે ફરી શરૂ કરી દે છે તો જાણે ફરી રવાના થઈ ગયો. જેથી બેહતરીન ઈન્સાન તે છે કે જ્યારે તે કુર્આન શરીફ ખત્મ કરે છે તો ફરી શરૂ કરી આપે છે. રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلامએ તેની જ સિફત (ખૂબી) الحال المرتحلમાં વર્ણન કરી છે.

### ★ હલાક થવાથી આબાદ બચાવ ! ★

ફર્માવ્યું, મેં મારા ઉસ્તાદ મૌલાના બહાઉદ્દીન બુખારી رحمۃ اللہ علیہથી સાંભળ્યું કે એકવાર ખ્વાજા તમીમ અન્સારી رحمۃ اللہ علیہ હબ્શીઓના હાથે પકડાય ગયા અને તે હબ્શી આપને હલાક કરવા (મારી નાખવા) ચાહતા હતા એટલા માટે આપને સાત વરસ કેદ રાખ્યા. જે દિવસે આપને હલાક કરવાનું નક્કી કર્યું હતું, તે દિવસે પોતાના પીર ખ્વાજા અબૂ સઈદ અબુલ ખૈરને ખ્વાબમાં જોયા. ફર્માવી રહ્યા હતા કે આપને જ્યારે હબ્શીઓના સરદારની પાસે લઈ જાય તો ત્રણ વખત સૂરએ ઈખ્લાસ પઢજો અને તેના પર ફૂંક મારી દેજો. આપ એ ખ્વાબની ધાકથી જાગૃત થઈ ગયા. જ્યારે આપને હબ્શીઓના સરદારની પાસે લઈ ગયા તો આપ ત્રણવાર સૂરએ ઈખ્લાસ પઢી અને તેના પર દમ કરી દીધી. તેણે ખ્વાજાને જોયા તેવો જ તે ખ્વાજાના પગે પડી ગયો અને કહ્યું મને નજાત આપો જેથી હું તમને મુક્ત કરું. ખ્વાજા અન્સારીએ કારણ

પૂછયું તો તેણે કહ્યું કે આપની આસપાસ બે અજગરો ઉભેલા છે અને મને મારી નાખવા ચાહે છે. ખ્વાજા તમીમે ફર્માવ્યું, મેં તને માફ કરી આપ્યો. જ્યારે આપની મુક્તિ થઈ તો તે બંનેવ અજગર પણ ગાયબ થઈ ગયા.

ફર્માવ્યું, શયખ જલાલુદ્દીન તબરેઝી અને હું એકવાર સાથે બેઠેલા હતા. મૌલાના અલાઉદ્દીન સૂફી સામેથી પસાર થયા. શયખની નજર તેમના પર પડી તો તેમને બોલાવ્યા અને પોતાનો લિબાસ અતા કર્યો. પાંચ વાર સૂરએ ઈખ્લાસ પઢી અને તેમના દમ પર કર્યો. હક્ક઼ તઆલાએ મૌલાના અલાઉદ્દીનને બેશુમાર બરકત તથા નેઅમત અતા કરી. શયખ જલાલુદ્દીન તબરેઝીની બરકતથી તેમની કિ઼સ્મત જાગી ગઈ.

### ★ જાલિમોથી છૂટકારાનો અજબનો બનાવ ★

એક દિવસે ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ હજ્જાજ બિન યૂસુફના હાથોએથી ભાગીને જઈ રહ્યા હતા, ત્યાં સુધી કે તે ખ્વાજા હબીબ અજમી رحمۃ اللہ علیہની ખાનક઼ાહ પર પહોંચ્યા. આપે પૂછયું કે શું હાલ છે ? આપે ફર્માવ્યું, હજ્જાજના માણસો મારો પીછો કરી રહ્યા છે. ખ્વાજા હબીબ અજમી رحمۃ اللہ علیہએ કહ્યું, અંદર તશરીફ લઈ જાવ ! જેવા કે આપ અંદર ગયા તેવા ખ્વાજા હબીબ વિર્દમાં મશગૂલ થઈ ગયા. હજ્જાજના માણસ આવ્યા. ખ્વાજા હબીબને પૂછયું કે હસન ક્યાં છે ? આપે કહ્યું કે અહીં નમાઝ પઢી રહ્યા છે. જ્યારે હજ્જાજના માણસો અંદર ગયા. અલ્લાહ તઆલાએ હિજાબ આપના તેમજ તેમના દરમિયાન પેદા કરી આપ્યો કે તેઓ ખ્વાજા હસનને ન જોઈ શક્યા. પરત થતાં તેમણે ખ્વાજા હબીબ رحمۃ اللہ علیہને કહ્યું કે આ જૂઠ પર હજ્જાજ આપને ક઼ત્લ કરી દેશે. સારાંશ કે જ્યારે તેઓ ચાલી ગયા તો ખ્વાજા હસન બસરી બહાર આવ્યા અને ખ્વાજા હબીબને ફર્માવ્યું કે આપે સારો ઉસ્તાદનો હક્ક઼ અદા કર્યો કે મને એમના પર જાહેર કરી દીધો ! ખ્વાજા હબીબે ફર્માવ્યું કે, હે ખ્વાજા ! જો હું સાચુ ન કહેત તો તમને અને મને બંનેને ગિરફતાર કરી લેત. પછી ખ્વાજા હસન બસરીએ પૂછયું કે જ્યારે હું અંદર ગયો ત્યારે આપે કાંઈ પઢયું ! તેમણે કહ્યું, હા ! અને એની જ બરકતથી આપ ખુદાની હિફાઝતમાં રહ્યા. પૂછયું, તે શું વઝીફો હતો ? આપે ફર્માવ્યું, મેં દસવાર સૂરએ ઈખ્લાસ પઢી અને આપના પર દમ કરી આપી. તે પર્દો જે આપના તથા તેમની વચ્ચે પેદા થઈ ગયો હતો તે એ જ સૂરએ ઈખ્લાસની બરકતથી હતો.

### ★ હઝરત અલી کرم اللہ وجہہ الکریم અને સૂરએ ઈખ્લાસની બરકત ★

ફર્માવ્યું, એકવાર હું ઝિક્ર તથા શુગ્લમાં મશગૂલ હતો. જ્યારે હું સૂરએ ઈખ્લાસ પર પહોંચ્યો તો મારા પર તજલ્લીના અન્વાર નાઝિલ થવા શરૂ થયા. હું હક્ક઼ના ઈશ્ક઼ો મહ઼બ્બતના દરિયામાં સાત રાત દિવસ ગુમ રહ્યો અને પછી હોશના આલમમાં આવ્યો. એ જ સ્થળે ઈર્શાદ ફર્માવ્યો કે હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ ફર્માવ્યું કે એક દિવસ ખૈબરની લડાઈમાં હું મશગૂલ હતો. જેટલી મેં કોશિશ કરી એટલી જીતની સ્થિતિ પેદા ન થઈ અને ખૈબરનો દરવાજો ન નીકળ્યો. હું થાકી હારીને આજિઝ થયો અને રિસાલત મઆબ صلی اللہ علیہ وسلمની ખિદમતમાં પત્ર લખ્યો. જવાબ આવ્યો, હે અલી ! શું તમો સૂરએ ઈખ્લાસ પઢવાનું ભૂલી ગયા હતા ? જ્યારે એ જવાબ આવ્યો તો મેં સૂરએ ઈખ્લાસ પૂરા એક દિવસ પઢી. જ્યારે બીજો દિવસ આવ્યો તો મેં ખૈબરનો દરવાજો ફતહ કરી લીધો, બલ્કે તેને પાયાથી ઉખેડીને ચાલીસ ડગલાં દૂર ફેંકી દીધો. જ્યારે હઝરત શૈખુલ ઈસ્લામ قدس سرہ العزیزની વાતનો ક્રમ અહીં સુધી પહોંચ્યો, તો અઝાનનો અવાજ આવ્યો તો આપ ઉઠયા અને ઝડપભેર અંદર ચાલ્યા ગયા, અને ખલ્ક઼ે ખુદા (લોકો) આ દુઆગો સહિત પોતાનાં ઘરોએ પરત થયા. *(ક્રમશઃ)*

# ફુતૂહુલ ગયબ

એટલે..... ગયબને જાહેર કરવું

ગૌષપાકرضی اللہ عنہના વાઅઝોનો સંગ્રહ

હપ્તો : ૦૫

❑ શરહકર્તા ❑

શયખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ

❑ ઉર્દૂ અનુવાદક ❑

મૌલાના ઝહૂર અહમદ જીલાની-પાક.

❑ ગુજરાતી અનુવાદક ❑

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

*"સુલ્તાનુલ્ અવલિયા ગૌષપાક સરકારે બગદાદ શયખ અબ્દુલકાદિર જીલાની رضی اللہ عنہની નૂરાની વઅઝોનો સંગ્રહ અત્રે રજૂ થઈ રહેલ છે. આપની વાણીમાં એવી રૂહાની અસર હતી કે હજારો કાફિરો આપના વઅઝોમાં કુફ્રથી તૌબા કરી ઈમાન લઈ આવતા હતા અને અસંખ્ય ગુનેહગારો તૌબા કરી ઈસ્લામના શરીઅતના તાબેદાર બની જતા હતા. તો આપણે પણ એ નિય્યતથી એને વાંચીએ કે આપણને પણ ખૌફે ખુદા સાથે નેક જિંદગી નસીબ થાય અને આપણી દુનિયા તથા આખેરત બંનેવ સંવરી જાય."*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ દુનિયાનો હાલ અને તેનાથી દૂર રહેવા તાકીદ ★

**વઅઝ નં. ૫** : હઝરત સૈયદ અબ્દુલકાદિર જીલાની رضی اللہ عنہએ ફર્માવ્યું, જ્યારે તમે દુનિયાને પોતાની બાતિલ ઝીનત તથા નાચીઝ સબબો, પ્રપંચો તથા સબબો[૧] ઝહેરની જેમ તબાહ કરનારી, જાહેરમાં નરમ તથા નાઝુક અને બાતિનમાં (આંત્રિક રીતે) સખત એવી લોભામણી લિજ્જતો, તેને સ્પર્શનારા તથા તેના જૂઠ તથા પ્રપંચમાં ગાફેલ થઈને તેના પર ઘમંડ કરવાવાળાને તબાહ તથા બર્બાદ કરનારી લિજ્જતો તથા તેની મુસીબતો[૨] અને વચનભંગને દુનિયાદારોના હાથોમાં જુઓ[૩] તો સમજો કે કોઈ નગ્ન માણસ જરૂરી હાજતોથી ફારિગ થવાના કાર્યમાં બેઠેલો છે.[૪] અને તમે ધૃણાસ્પદ દૃશ્ય તથા ગંધથી પોતાની આંખો તથા નાક બંધ કરી લો છો, તદ્દન એ જ પ્રમાણે દુનિયાવાળાઓની જાહેરી ટીપટોપ જોઈને પોતાની આંખોને, તથા તેની લિજ્જતો તથા વાસનાઓની ગંધથી પોતાના નાકને બંધ કરી લો જેથી તમો દુનિયાની આફતોથી નજાત હાંસલ કરી શકો, અને કિસ્મત તમને પહોંચતી રહેશે અને તેનાથી ફાયદો ઉઠાવનાર થશો, અથવા તમને એ વાત પર મુબારકબાદ આપવામાં આવશે.[૫] અલ્લાહ તઆલા પોતાના પ્યારા નબી صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું :–

وَلَا تَمُدَّنَّ عَيْنَيْكَ إِلَىٰ مَا مَتَّعْنَا بِهِ أَزْوَاجًا مِّنْهُمْ زَهْرَةَ الْحَيَاةِ الدُّنْيَا لِنَفْتِنَهُمْ فِيهِ ۚ وَرِزْقُ رَبِّكَ خَيْرٌ وَأَبْقَىٰ ﴿١٣١﴾

"અને ન લંબાવ હે સાંભળનાર ! પોતાની આંખો તે તરફ જે અમે કાફિરોના યુગલોને વાપરવા આપી છે, દુનિયાની તાજગી કે (જેથી) અમે એના લીધે તેમને ફિત્નામાં નાખીએ. અને તારા રબની રોજી સર્વોત્તમ અને બધાથી વધુ ટકનાર છે." *(સૂરએ તાહા, ૨૦/૧૩૧, કન્ઝુલ ઈમાન)*

૦૧. કે એનાથી લોકોનાં દિલોને શિકાર કરે છે અને ગાફેલ કરી દે છે.

**૦૨.** ગૈર, બકસર ગયન તથા ફતહ અથવા જમાનાના હાદષાઓના અર્થમાં. અમુક નુસ્ખામાં "ગૈરતહા" છે એટલે કે દુનિયાનુ દુનિયાવાળાઓ પર ગૈરતે રશ્ક કરવું કે તેમને આખેરતની તરફ વળવા નથી દેતી, હક્કની સાથે પ્રવેશવાથી રોકી રાખેલ છે અને પોતાની સાથે મશગૂલ કરેલ છે.

**૦૩.** સારાંશ છે કે જ્યારે આ ખરાબીઓ, બદ્‌બખ્તીઓ તથા ખામીઓ છતાં દુનિયાને દુનિયાદારોના હાથોમાં જુઓ.

**૦૪.** "બરાઝ" અસલમાં રણ તથા વાતાવરણને કહે છે.

**૦૫.** એટલે કે જે હિદાયત તથા નબુવ્વતથી તેમને હિસ્સો મળ્યો અને જે આખેરતમાં તમારા માટે રાખ્યું છે તે બેહતર છે અને બાકી રહેનારુ છે.

**(ફારસી શેઅરનો અર્થ)** : હે સારા સ્વાદની ખ્વાહિશ રાખનાર ! ફાની દુનિયાના બુતો (દુનિયાની લિજ્જતો)થી જુદાઈ રાખનાર ! અને બાકી તથા પાઈન્દા (હમેશાં રહેનાર) જાતના મુશાહેદા (દીદાર)નું આકર્ષણ છે તો આંખો આ જગતના નાશવંત હુસ્ન (નાશવંત સુંદરતા)થી બંધ કરી લે.

## ★ મખ્લૂકથી ફના ★

**વઅઝ નં. ૬** : *હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે, પોતે પોતાને ખુદાના હુકમ મુજબ મખ્લૂકથી ફના કરી લો. અમ્રે (હુકમે) ખુદાને[2] લક્ષમાં રાખીને પોતાની ખ્વાહિશ અને શહૂદે ફેઅલે હક્કના કારણે પોતાના ઈરાદાથી[3] ફાની થઈ જાવ, તો એ વખતે "તમે ઈલ્મે ઈલાહીના મહલ (સ્થળ) તથા પાત્ર બનવાના કાબેલ અને લાયક થઈ જશો.[૫-૧] ખલ્ક (લોકો)થી ફનાની નિશાની એ છે કે તમારી મખ્લૂકથી અલાહિદગી અને એકાંત હશે. તેમનું આવન જાવન ખત્મ અને તેમના હાથોમાં મૌજૂદ ચીજથી તદ્દન નિરસતા હશે. અને નફ્સની ખ્વાહિશથી ફનાની નિશાની એ છે કે તમે નફો હાંસલ કરવા અને નુકસાન દૂર કરવાના માટે ધંધાની તલબ અને એમાં તકલીફ તથા અતિશયતા ત્યજી દેશો.[૫-૨]*

**૦૧.** એટલે કે કઝા તથા કદરના પ્રમાણે, જેથી તમને માલૂમ થઈ જાય અને તમે એ હકીકતને પામી શકો કે દુનિયામાં સર્વ કાંઈ એની તકદીરના પ્રમાણે છે, અને કોઈ રજકણ પણ તેની કુદરત વિના હરકત નથી કરતું. અને કોઈની રબની મરજી વિના તેના માલિકિપણામાં દખલ નથી.

**૦૨.** જે હુકમ શરીઅતની ઝબાનથી જાહેર થયો છે, જેથી તમારી ઈચ્છા હુઝૂરે અકરમ ﷺના, અલ્લાહ તઆલાના લાવેલા હુકમોના તાબે થઈ જાય. અથવા અમ્રથી મુરાદ કુર્આને પાકમાં આવેલી આ આયતે કરીમા છે : وَعَلَى اللّٰهِ فَتَوَكَّلُوْٓا اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ "અને અલ્લાહ પર જ ભરોસો કરો જો તમે ઈસ્લામ ધરાવો છો." *(સૂરએ માઈદા, ૫/૨૩)* એટલે **આપણા કામો અલ્લાહને સુપરત કરી દો.** આ કારણ આ ફનાના વર્ણનમાં આવેલ કલામ (વાત)ના હિસાબે અધિક યોગ્ય છે, જેવું કે આગળ આવશે.

**૦૩.** જેથી કરીને અલ્લાહના ઈરાદા સિવાય કોઈ ઈરાદો ન રહે, અને તેની ઈચ્છા વિના તમારી ઈચ્છા ન હોય.

**૦૪.** કે જ્યારે તમે ખલ્ક (લોકો)થી, ઈચ્છાથી તથા ઈરાદાથી ફાની થઈ જશો.

**૫-૧.** અને તમને ઈલ્મે લદુન્ની પ્રાપ્ત થશે અને તમે એના અમીન બની જશો.

**૫-૨.** આ એ વાતની તરફ નિર્દેશ છે કે જો કોઈ કસબ તથા નસબમાં (કામધંધા)માં અતિશયોક્તિ તથા અતિશયતા ન હોય તો તે સહીહ તવક્કુલની વિરુદ્ધ નથી. *(ક્રમશઃ)*

# لَيْسَ مِنَّا

# 'તે અમારો નથી'

હપ્તો : ૦૯

અઝ : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**

**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**

## નાનાઓ પર મહેરબાની અને મોટાઓની ઈજ્જત ન કરવી

ઈસ્લામ એક સંપૂર્ણ જીવનશૈલી છે જે અલ્લાહ તબારક વ તઆ્લાએ મનુષ્યના માર્ગદર્શન માટે તેને અતા ફર્માવેલ છે. એનો હેતુ એક એવા સુસભ્ય સમાજની સ્થાપ્ના છે જેમાં મનુષ્યને જાન માલ અને ઈજ્જત આબરૂની સુરક્ષા મળે અને તે અમ્નો સુકૂનની સાથે જીવન પસાર કરી શકે. આ જ જીવન શૈલી દરેક રીતે સંપૂર્ણ છે. ઈન્સાની જિંદગી ભલે વ્યક્તિગત હોય અથવા સામૂહિક તેનું કોઈ પાસુ એવું નથી જેના સંબંધિત એમાં જરૂરી માર્ગદર્શન મૌજૂદ ન હોય.

વયના આધાર પર ઈન્સાનોમાં જે તફાવત જોવા મળે છે તેના પ્રમાણે તેમની સાથે વર્તન કરવું ઈસ્લામનો તક્દો છે. સમાજમાં અમુક લોકો ઉમરમાં બીજા લોકોથી મોટા હોય છે અને અમુક નાના. આ સ્થિતિમાં મોટા લોકોએ નાનાઓ સાથે મહેરબાની અને વિનમ્રતા સાથે વર્તાવ કરવો જોઈએ, પોતાના અનુભવ અને જ્ઞાન પ્રમાણે તેમનું માર્ગદર્શન કરવું જોઈએ અને તેમનાથી કોઈ ભૂલ થઈ જાય તો ધમકાવવા અને મારપીટને બદલે દરગુજરથી કામ લઈ મહોબ્બતથી ખરી સાચી વાત સમજાવી દેવી જોઈએ. બીજી બાજુ નાનાઓ માટે પણ જરૂરી છે કે તેઓ પોતાના મોટા લોકોના માન સન્માનનો લેહાઝ રાખે. જરૂરતના સમયે તેમની મદદ કરે અને તેમની ફર્માંબરદારીને પોતાનું કર્તવ્ય બનાવે અને તેમની સખતાઈને દિલ પર ન લે, બલ્કે એવી પરિસ્થિતિમાં ઉદાર દિલીનું પ્રદર્શન કરે. જે આ નિયમ પર અમલ નથી કરતો બલ્કે તેનાથી વિપરિત માર્ગ અપનાવે છે તો તેના વિશે હુઝૂર عليه الصلوٰة والسلامએ ફર્માવ્યું કે અમારા તરીકા પર નથી.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂર સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું :

لَيْسَ مِنَّا مَنْ لَّمْ يَرْحَمْ صَغِيْرَنَا، وَيُوَقِّرْ كَبِيْرَنَا

"જે નાનાઓ પર મહેરબાની અને મોટાઓની ઈજ્જત ન કરે તે અમારામાંથી નથી."

*(સુનને તિર્મિઝી, ૩/૩૮૬)*

એટલા માટે કે સમાજના મોટા અને નાના લોકોમાં આ પ્રકારના પ્રેમભર્યા સંબંધથી જ સમાજ આંતરિક સ્તરે મજબૂત અને સક્ષમ બનશે અને અપરાધિક પ્રવૃત્તિઓના અધિક્તમ દ્વાર આપોઆપ બંધ થઈ જશે. આનાથી વિપરિત સમાજના લોકો "હું પદ"ની બીમારીમાં સપડાશે તો તો આખા સમાજનું અમ્નો સુકૂન છીનવાઈ જશે. સામાજિક જીવનમાં કડવાશ સ્થાન જમાવી લેશે, લોકો દરમિયાન આપસમાં દરગુઝર વૃત્તિ અને ખુશીનો માહોલ ખતમ થઈ જશે અને સમાજ ઈન્સાનો માટે નર્ક બની જશે.

### ★ નાનાઓ પર પ્રેમભાવ ★

નાનાઓ પર મહેરબાની અને નમ્રતા વાસ્તવમાં ઉત્તમ સંસ્કારનું પ્રતિક છે. એટલા જ માટે અલ્લાહ તઆલાના હબીબ ﷺએ તેને 'ખૈર' (ભલાઈ) સાથે સરખાવેલ છે.

હઝરત જરીર رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર રહ્મતે આલમ ﷺએ ફર્માવ્યું :–

مَنْ يُّحْرَمِ الرِّفْقَ، يُحْرَمِ الْخَيْرَ-

"જે નરમીથી મેહરૂમ છે તે ભલાઈથી મેહરૂમ છે."

*(સહીહ મુસ્લિમ, ૪/૨૦૦૩)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ બયાન ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ હઝરત ઈમામ હસન બિન અલી رضی اللہ عنہماને બોસો આપ્યો. તે સમયે આપના પાસે હઝરત અક્રઅ્ બિન હાબિસ તમીમી બેસેલા હતા. તેમણે કહ્યું, મારા દસ પુત્રો છે, પરંતુ મેં એમનામાંથી કોઈને કદી બોસો નથી આપ્યો. આ સાંભળી નબીએ અકરમ علیہ الصلوٰۃ والسلامએ તેમની તરફ જોયું અને ફર્માવ્યું, જે બીજાઓ પર રહમ નથી કરતો તેના ઉપર પણ રહમ નથી કરવામાં આવતી. *(સહીહ બુખારી, ૮/૭)*

હુઝૂર સૈયદે આલમ ﷺએ ન કેવળ એ કે પોતાની ઔલાદ સાથે ખુદ મહોબ્બત ફર્માવી, બલ્કે ઉમ્મતને પણ તેની તા'લીમ આપી અને રહમવાળો વર્તાવ ન કરવા પર ફર્માવ્યું કે તે વ્યક્તિ અલ્લાહના નજીક પણ રહમને પાત્ર નથી. હુઝૂર علیہ الصلوٰۃ والسلامની ઉચ્ચતમ્ સિફતોમાં એ પણ સામેલ છે કે દુશ્મનોના બાળકો પ્રતિ પણ આપનો વર્તાવ ઘણો જ નરમ હતો.

હઝરત હન્ઝલા رضی اللہ عنہ બયાન ફર્માવે છે, અમે રસૂલુલ્લાહ ﷺની સાથે જંગ કરી. અમે જોયું કે એક કતલ થયેલ ઔરત પાસે લોકો એકત્રિત છે. લોકોએ સરવરે કાઈનાત ﷺને જોયા તો આપના માટે જગા કરી દીધી. આપે એ ઔરતને જોઈ તો ફર્માવ્યું, આ તો જંગ કરવા પાત્ર લોકોમાંથી ન હતી ! પછી આપે એક વ્યક્તિને ફર્માવ્યું, ખાલિદ બિન વલીદને જઈને કહી દો કે નાના બાળકો અને મજદૂરોને કતલ ન કરે.

*(સુનને ઈબ્ને માજા, ૨/૯૪૮)*

## ★ મોટા લોકો અને વડીલોનું સન્માન ★

આકાએ રહમત ﷺએ મોટી વયના લોકોને વિશેષ મર્તબો ધરાવનાર ઠરાવ્યા છે. આપની વિશ્વવ્યાપી તા'લીમાતમાંથી એ પણ છે કે મોટી વયના લોકોને રહમત અને બરકતનું કારણ અને માન સન્માનને પાત્ર સમજવામાં આવે. આપે વડીલોના માન સન્માનની પ્રેરણા આપી અને વડીલોનો એ હક્ક નિશ્ચિત કર્યો કે નાની વયના લોકો મોટી વયના લોકોનું સન્માન કરે અને તેમના મર્તબાનો ખયાલ રાખે.

આકાએ નેઅ્મત ﷺએ મોટી વયના લોકોની ઈજ્જતને સ્પષ્ટ કરતાં ફર્માવ્યું કે તેમના કારણે ખૈરો બરકત નાઝિલ થાય છે.

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી મરવી છે, તેઓ કહે છે, એકવારનું વર્ણન છે કે નબીએ અકરમ ﷺની સાથે સહાબાએ કિરામની એક જમાઅત હતી જેમાં સૈયદુના અબૂ બક્ર સિદ્દીક, સૈયદુના ઉમર ફારૂક અને સૈયદુના અબૂ ઉબૈદા બિન જર્રાહ رضوان اللہ تعالیٰ علیہم اجمعین પણ હતા. એ જ દરમિયાન આપની પાસે એક પ્યાલો લાવવામાં આવ્યો જેમાં પીણું હતું. આકાએ કૌનેન علیہ الصلوٰۃ والسلامએ તે પ્યાલો હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہને આપી દીધો. હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہએ અર્ઝ કરી; યા રસૂલલ્લાહ ! ﷺ આપ તેના અધિક પાત્ર છો. આપે ફર્માવ્યું કે તેને લઈ લો. હઝરત અબૂ ઉબૈદાએ તે પ્યાલો લઈ લીધો. પછી આપે પીતા પહેલાં પણ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આ કબૂલ ફર્માવી લો ! નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું :–

اِشْرَبْ فَاِنَّ الْبَرَكَةَ فِيْ اَكَابِرِنَا. فَمَنْ لَّمْ يَرْحَمْ صَغِيْرَنَا. وَيُجِلَّ كَبِيْرَنَا فَلَيْسَ مِنَّا-

તેને પી લો. એટલા માટે કે બરકત આપણા મોટી વયના લોકોના કારણે છે, તો જેણે નાનાઓ પર રહમ ન કર્યો અને મોટાઓની ઈજ્જત ન કરી તે અમારામાંથી નથી.

*(મોઅજમુલ કબીર લિત્તબ્રાની, ૮/૨૨૭)*

એક રિવાયત હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી છે કે આકાએ કોનૈન ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

مَهْلًا عَنِ اللهِ مَهْلًا فَإِنَّهُ لَوْلَا شَبَابٌ خُشَّعٌ وَبَهَائِمُ رُتَّعٌ وَشُيُوْخٌ رُكَّعٌ وَاَطْفَالٌ رُضَّعٌ لَصُبَّ عَلَيْكُمُ الْعَذَابُ صَبًّا۔

"અલ્લાહ તઆલા તરફથી મોહલત પર મહોલત આપવામાં આવે છે, જો આજિઝી અને ઈન્કેસારી કરવાવાળા યુવાન, ચરવાવાળા ચોપગાં, ઈબાદત કરવાવાળા વૃદ્ધો અને દૂધ પીતા બાળકો ન હોતાં તો તમારા પર મુસીબતના પહાડ તૂટી પડતા."

*(સુનને કુબ્રા, બૈયહકી, ૩/૪૮૧)*

પ્રથમ રિવાયતમાં એ વાત સ્પષ્ટ રીતે વર્ણન કરી દેવામાં આવી કે **મોટી વયના લોકો જ્યાં હશે ત્યાં બરકતો નાઝિલ થશે. હવે કોઈ ચાહે તો બરકતના આ માધ્યમને પોતાના ઘરમાં રાખે અને ચાહે તો તેમને ઘરમાંથી કાઢી અન્ય કોઈ સ્થળે મોકલી દે.** બીજી રિવાયતમાં ફર્માવવામાં આવ્યું કે **જ્યાં મોટી વયના લોકો હોય છે ત્યાંથી અઝાબ ટળી જાય છે** જો તેઓ ન હોય તો અલ્લાહનો અઝાબ નાઝિલ થઈ શકે છે.

સરવરે આલમ ﷺની આ તા'લીમ પર અમલ કરનારને દુનિયામાં પણ તેનો બદલો મળી જશે. હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી મરવી છે કે રહમતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَا اَكْرَمَ شَابٌّ شَيْخًا لِسِنِّهٖ اِلَّا قَيَّضَ اللهُ لَهٗ مَنْ يُّكْرِمُهٗ عِنْدَ سِنِّهٖ

**"જે જવાન કોઈ વૃદ્ધ બુઝુર્ગનું તેની વયના કારણે સન્માન કરશે તો અલ્લાહ તઆલા તે જવાનના વૃદ્ધ થવાના સમયે એવા બંદા મુકર્રર કરી દેશે જે તે સમયે તેનું સમ્માન કરશે."**

*(સુનને તિર્મિઝી, ૩/૪૪૦)*

આપણા જમાનામાં બંનેવ વસ્તુઓ અપ્રાપ્ય છે, ન નાનાઓ મોટા લોકોનું સન્માન કરે છે અને ન મોટાઓ નાનાઓ પર મહેરબાની કરે છે. સંબંધો તોડવાનો ભયાનક માહોલ વધી રહ્યો છે જેના કારણે આપસમાં ફિત્ના ફસાદનું બજાર ગરમ થઈ જાય છે. જે કોઈ બીજા તરફથી અમનમાં રહેવા ચાહે છે તો તેને જોઈએ કે પહેલા તે પોતે અમનવાળો થઈ જાય અને અમનવાળા થવાનો રસ્તો એ છે જે અમન આપવાવાળા રસૂલ ﷺએ બયાન ફર્માવ્યો છે. *(ક્રમશઃ)*

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : રૂા. ૪૫૦/– (ટપાલ ખર્ચ રૂા.૭૫ અલગ)

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

હપ્તો : 03

**૧૦. ઝબાની (મૌખિક) કુર્આન મજીદ કી તિલાવત કે લિયે ક્યા વુઝૂ ઝરૂરી હૈ ?**

બહોત સે લોગ યે સમઝતે હૈ કે ઝબાની કુર્આન મજીદ કી તિલાવત કે લિયે વુઝૂ ઝરૂરી હૈ, હાલાંકે ઐસા નહીં હૈ. જૈસા કે "બહારે શરીઅત" મેં હૈ :

"બે વુઝૂ કો કુર્આન મજીદ યા ઉસકી કિસી આયત કા છુના હરામ હૈ. બે છુએ ઝબાની યા દેખ કર પળ્હે તો કોઈ હરજ નહીં."

*(બહારે શરીઅત, જિલ્દ–૧, હિસ્સા–૨, સફહા–૩૨૬)*

હાં ! બે છુએ ઝબાની પળ્હને મેં બેહતર યહી હૈ કે વુઝૂ કરને કે બાદ પળ્હા જાએ. ઐસા હી "બહારે શરીઅત" હિસ્સા–૨, સફહા–૩૦૨ પર હૈ.

**૧૧. ક્યા બદન પર કોઈ નાપાકી લગ જાનેસે વુઝૂ ટૂટ જાતા હૈ ?**

બાઝ મુસલમાનોં મેં યે ગલત ફહમી પાઈ જાતી હૈ કે અગર બદન પર કોઈ નાપાકી લગ જાએ તો વુઝૂ ટૂટ જાતા હૈ. જબકે શરીઅત કે એતેબારસે બદન પર નાપાકી લગને સે વુઝૂ નહીં ટૂટતા, બલ્કે બદન કે અંદર સે નાપાકી નિકલને સે વુઝૂ ટૂટતા હૈ. જૈસા કે બહારે શરીઅત" હિસ્સા–૨, સફહા : ૩૦૩ પર "વુઝૂ તોળનેવાલી ચીઝોં કે બયાન" મેં મૌજૂદ હૈ.

હાં બદન કે જિસ હિસ્સે પર નાપાકી લગી હૈ, ઉસ કો ધો લિયા જાએ.

**૧૨. ક્યા ઝોર ઝોરસે હંસને સે વુઝૂ ટૂટ જાતા હૈ ?**

નમાઝ કે બાહર ઝોર ઝોર સે હંસને સે વુઝૂ નહીં ટૂટતા. અવામ મેં યે ગલત મશ્હૂર હૈ કે ઈસ સે વુઝૂ ટૂટ જાતા હૈ. હાં ! રુકૂઅ સજદેવાલી નમાઝોંમેં જાગતે હૂએ અગર કોઈ ઈતની ઝોર સે હંસે કે આસપાસવાલે સુનેં તો ઉસકા વુઝૂ ટૂટ જાએગા. જૈસા કે "બહારે શરીઅત" મેં હૈ :

"બાલિગ કા કેહકહા યાની ઈતની આવાઝસે હંસી કે આસ પાસવાલે સુનેં અગર જાગતે મેં રુકૂઅ સજદાવાલી નમાઝ મેં હો વુઝૂ ટૂટ જાએગા ઔર નમાઝ ફાસિદ હો જાએગી.

*(બહારે શરીઅત, જિલ્દ–૧, હિસ્સા–૨, સફહા–૩૦૮)*

**૧૩. ઔરત કો આગે કી શરમગાહ સે જો પાની નિકલે ક્યા ઉસસે વુઝૂ ટૂટ જાતા હૈ ? ઔર ક્યા ઉસસે ગુસ્લ ફર્ઝ હો જાતા હૈ ?**

બહોત સી મુસલમાન ઔરતેં યે સમઝતી હૈં કે ઉન કો આગે કી શરમગાહ સે જો સુફૈદ પાની નિકલતા હૈ, ઉસસે વુઝૂ ટૂટ જાતા હૈ ઔર બા'ઝ તો યે સમઝતી હૈ કે ઉસ સે ગુસ્લ ભી ફર્ઝ હો જાતા હૈ, જબ કે ઐસા નહીં હૈ. આગે કી શરમગાહ સે જો ખાલિસ સુફૈદ રંગ કા પાની નીકલે જિસમેં ખૂન કી મિલાવત બિલ્કુલ ન હો, ન ઉસસે વુઝૂ ટૂટતા હૈ, ન ગુસ્લ લાઝિમ હોતા હૈ, ન કપળે નાપાક હોતે હૈં. હા ! અગર ઉસ મેં ખૂન કી મિલાવટ હૈ ઔર વોહ ખાલિસ સુફૈદ રંગ કા પાની નહીં તો ઉસસે વુઝૂ ટૂટ જાએગા ઔર વોહ પાની ભી નાપાક હોગા.

"બહારે શરીઅત"મેં હૈ :–

"ઔરત કે આગે સે જો ખાલિસ રતુબત બે આમેઝિશે ખૂન (ખૂન કી મિલાવટ કે બગૈર) નિકલતી હૈ નાકિસે વુઝૂ (વુઝૂ તોળનેવાલી) નહીં, અગર કપળે મેં

અઝ : હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી (સદર મજલિસે કઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)

લગ જાએ તો કપળા પાક હૈ."

*(બહારે શરીઅત, જિલ્દ–૧, હિસ્સા–૨, સફહા–૩૦૪)*

ઉસી મેં દુસરી જગહ હૈ :–

"ઔરત કે પેશાબ કે મક़ામ સે જો રતુબત નિકલે પાક હૈ. કપળે યા બદન મેં લગે તો ધોના કુછ ઝરૂરી નહીં. હાં, બેહતર હૈ." *(બહારે શરીઅત, જિલ્દ–૧, હિસ્સા–૨, સફહા–૩૯૫)*

**૧૪. મૈયત કો ગુસ્લ દેને કે બાદ ક્યા ગુસ્લ કરના ઝરૂરી હૈ ?**

બા'ઝ અવામ મેં યે ગલતફહમી પાઈ જાતી હૈ કે મૈયત કે ગુસ્લ દેને કે બાદ ગુસ્લ કરના ઝરૂરી હૈ. હાલાંકે શરીઅત કે એ'તેબાર સે ઐસા કુછ ભી નહીં હૈ. હાં ! મૈયત કો નહલાને કે બાદ ગુસ્લ કરના મુસ્તહબ ઔર બેહતર હૈ. ઐસા હી "બહારે શરીઅત" હિસ્સા–૨, સફહા–૩૨૪ પર હૈ.

સિર્ફ પાંચ સૂરતેં ઐસી હૈં, જિન મેં ગુસ્લ કરના શરઅન્ ફર્ઝ હોતા હૈ. વોહ પાંચ સૂરતેં યે હૈં :–

૦૧. મની (વિર્ય) કા અપની જગહ સે શહવત કે સાથ જુદા હોકર ઉઝ્વ યાની શરમગાહ સે નિકલના.

૦૨. ઈહ્તિલામ યાની સોકર ઉઠ ઔર બદન કા કપળે પર નમી પાઈ ઔર ઉસ નમી કે મની યા મઝી હોને કા યક़ીન યા ઈહ્તિલામ હૈ.

૦૩. હશ્ફા યાની મર્દ કી શરમગાહ કા કિનારા ઔરત કે આગે યા પીછે યા મર્દ કે પીછે દાખિલ હોના. ઈસ સૂરત મેં દોનોં પર ગુસ્લ ફર્ઝ હોગા.

૦૪. હૈઝ કા ખત્મ હોના યા'ની પિરિયડ કે દિન મુકમ્મલ હોના.

૦૫. નિફ़ાસ કા ખત્મ હોના યા'ની બચ્ચે કી પૈદાઈશ કે બા'દ જો ખૂન આતા હૈ ઉસ કા બંદ હોના.

આખિર કી દો સૂરતેં ઔરતોં કે સાથ ખાસ હૈં. ઐસા હી "બહારે શરીઅત" હિસ્સા–૨, સફહા–૩૨૧, ૩૨૪ પર હૈ.

**૧૫. કિસી મૈયત વાલે ઘર સે આને કે બાદ ગુસ્લ કરના ઝરૂરી હૈ ?**

બાઝ લોગ મૈયતવાલે ઘર સે આને કે બાદ ગુસ્લ કો ઝરૂરી તસવ્વુર કરતે હૈં. ચુનાંચે ઘર કે જિત્ને અફરાદ મૈયત કે ઘર ગએ થે સબ કો લાઝમી તૌર પર ગુસ્લ કરને કા હુકમ દિયા જાતા હૈ. ઔર અગર કોઈ મના કરે તો ઉસ પર સખ્તી કી જાતી હૈ. જબ કે શરીઅતને ઈસ સૂરત મેં ગુસ્લ કરને કા હુકમ બિલ્કુલ નહીં દિયા. બલ્કે શરીઅત મેં તો સિર્ફ ઉન્હી પાંચ સૂરતોં મેં ગુસ્લ કરને કા હુકમ હૈ જો ઈસ સે પહલે બયાન કી ગઈ.

**૧૬. ક્યા પેશાબ કે બાદ પાની કે ઝરીઆ ન ધોને સે ગુસ્લ ફર્ઝ હો જાતા હૈ ?**

કુછ લોગ સમઝતે હૈં કે પેશાબ કે બાદ અગર પાની સે ન ધોયા જાએ તો ગુસ્લ ફર્ઝ હો જાતા હૈ, ઈસ કી શરીઅત મેં કોઈ હક़ીક़ત નહીં. બલ્કે અહાદીષે રસૂલ (ﷺ) મેં સરાહતન યે વારિદ હુવા કે પાખાના, પેશાબ કે બાદ પાની સે ધોના કોઈ ઝરૂરી નહીં, મિટ્ટી કે ઢેલોં યા પથ્થરોં સે નજાસત સાફ કર લી જાએ તબ ભી તહારત હાસિલ હો જાએગી. જૈસા કે મિશ્કાતુલ મસાબીહ મેં હૈ :–

"એક મર્તબા અલ્લાહ કે રસૂલ (ﷺ)ને પેશાબ ફર્માયા. હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ અક બરતન મેં પાની લેકર પીછે ખળે હો ગએ. હુઝૂર ﷺને પૂછા, યહ ક્યા હૈ ? ઉન્હોંને અર્ઝ કિયા, ઈસ્તિન્જા કે લિયે પાની હૈ. આપ (علیہ السلام)ને ઈર્શાદ ફર્માયા, મુઝ પર યહ વાજિબ નહીં કિયા ગયા કે હર પેશાબ કે બાદ પાનીસે તહારત હાસિલ કરું."

*(મિશ્કાતુલ મસાબીહ, સફહા : ૫૫)*

**૧૭. ક્યા હૈઝવાલી ઔરત (યા'ની જિસે પિરિયડ કા ખૂન આતા હો) સાત દિનોં તક નાપાક રહતી હૈ ?**

બાઝ ઔરતોં મેં યે ગલત ખયાલ પાયા જાતા હૈ કે હૈઝવાલી ઔરત સાત દિનોં તક નાપાક હી રહતી હૈ. જબ કે શરીઅત કા હુકમ તો યહ હૈ કે હૈઝ કી કમસે કમ મુદ્દત તીન દિન તીન રાતેં ઔર ઝયાદાસે ઝયદા મુદ્દત દસ દિન, દસ રાતેં હૈ. લિહાઝા તીન દિન, તીન રાતોં કે બાદ જબ ભી ઔરત કો ખૂન બંદ હો જાએ, ચાહે ચાર દિન હુએ હોં યા પાંચ ઉસી વક્ત સે ઔરત હૈઝ સે પાક માની જાએગી.

બહારે શરીઅતમેં હૈ : "હૈઝ કી મુદ્દત કમસે કમ તીન દિન, તીન રાતેં યા'ની પૂરે ૭૨ ઘંટે, એક મિનટ ભી અગર કમ હૈ તો હૈઝ નહીં ઔર ઝયાદા સે ઝયાદા દસ દિન, દસ રાતેં હૈં."

*(બહારે શરીઅત, જિલ્દ–૧, હિસ્સા–૨, સફહા–૩૭૨)*

**૧૮. ક્યા હૈઝ કે દિનોં મેં અપની બીબી કે સાથ હમબિસ્તરી કર સકતે હૈં ?**

બહોત સે મુસલમાન યહ સમઝતે હૈં કે હૈઝ કે દિનોં મેં ભી અપની બીવી કે સાથ હમબિસ્તરી કર સકતે હૈં, જબ કે યે હરામ, સખ્ત હરામ હૈ. જૈસા કે કુર્આન મજીદમેં હૈ :–

وَيَسْـَٔلُوْنَكَ عَنِ الْمَحِيْضِ ۖ قُلْ هُوَ اَذًى ۙ فَاعْتَزِلُوا النِّسَآءَ فِي الْمَحِيْضِ ۙ وَلَا تَقْرَبُوْهُنَّ حَتّٰى يَطْهُرْنَ ۚ

યા'ની અય મહેબૂબ ! તુમ સે હૈઝ કે બારે મેં લોગ સવાલ કરતે હૈં, તુમ ફર્મા દો વોહ ગંદી ચીઝ હૈ તો હૈઝ મેં ઔરતોં સે બચો ઔર ઉનસે હમબિસ્તરી ન કરો જબ તક પાક ન હો જાએ.

*(પારા–૨, સૂરએ બકરહ, આ. ૬૬)*

**૧૯. આદત કે દિનોં સે પેહલે હી ખૂન બંદ હો ગયા તો ક્યા ઉસકે બાદ ગુસ્લ કરકે હમબિસ્તરી કર સકતે હૈં ?**

ઈસકે હવાલે સે અકષર લોગ સમઝતે હૈં કે જબ ખૂન બંદ હો ગયા, અગરચે આદત કે દિન પૂરે હોને સે પેહલે તો અબ ખૂન બંદ હોને કે બાદ હમબિસ્તરી કી ઈજાઝત રહેગી, જબ કે શરઅન ઐસા નહીં હૈ, બલ્કે હમબિસ્તરી કે લિયે આદત કે દિન પૂરે હોને કા ઈન્તેઝાર કરના વાજિબ હૈ. જૈસા કે "બહારે શરીઅત" મેં હૈ :–

"આદત કે દિન પૂરે હોનેસે પેહલે હી (ખૂન) ખત્મ હો ગયા તો અગર ચે ગુસ્લ કર લે જિમાઅ (હમબિસ્તરી) નાજાઈઝ હૈ તાવક્તે આદત કે દિન પૂરે ન હો લેં, જૈસે કિસી કી આદત છ દિન કી થી ઔર ઈસ મર્તબા પાંચ હી રોઝ આયા તો ઉસે હુકમ હૈ કે નહાકર નમાઝ શુરૂઅ કર દે મગર જિમાઅ કે લિયે એક દિન ઔર ઈન્તિઝાર કરના વાજિબ હૈ.

*(બહારે શરીઅત, જિલ્દ : ૧, સફહા : ૩૮૩)*

ઐસા હી "ફતાવા રઝવિય્યા" જિલ્દ–૫, સફહા–૩૫૩ પર હૈ.


**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અકીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક વિશે, કસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો) **બંને ભાગના રૂા. ૪૫૦** (ટપાલ ખર્ચ રૂા.૫૦)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧

# મુસલમાનોની
## બુઝદિલીના સબબો

**હપ્તો : ૦૫**

**અઝ :** દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી-મુંબઈ)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

### ★ આખેરતની સરખામણીમાં દુનિયાનું દષ્ટાંત ★

આ દુનિયાની ઝાકઝમાળ જેની પાછળ આપણે ભાગી રહ્યા છીએ અને જેના માટે આપણે આપણી આખેરતને ભૂલતા જઈ રહ્યા છીએ. આખેરતની નેઅમતો અને સુખ સગવડોની સરખામણીમાં તેમની હેસિયત શું છે, તેના સંબંધે આ હદીષે પાક જુઓ :

હઝરત મસ્તૂરદ ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ઈર્શાદ ફર્માવતાં સાંભળ્યા :-

مَا مَثَلُ الدُّنْيَا فِي الْآخِرَةِ إِلَّا مَثَلُ مَا يَجْعَلُ أَحَدُكُمْ إِصْبَعَهُ فِي الْيَمِّ فَلْيَنْظُرْ بِمَ يَرْجِعُ

"આખેરતની સરખામણીમાં દુનિયાનું દષ્ટાંત એવું છે જેવી રીતે કોઈ શખ્સ સમુદ્રમાં પોતાની આંગળી નાખે પછી તેને બહાર કાઢીને જુએ કે તેની સાથે શું પરત આવ્યું." *(સુનને ઈબ્ને માજહ, ૨/૩૭૬)*

એનાથી અનુમાન કરી શકાય છે કે આખેરતની નેઅમતો કેટલા પ્રમાણમાં અધિકતર છે કે એની સરખામણીમાં દુનિયાની નેઅમતો એવી છે જેવી રીતે કોઈ શખ્સ સમુદ્રમાં પોતાની આંગળી નાખે અને પછી તેને બહાર કાઢી લે. સમુદ્ર આખેરતની નેઅમતોનું દષ્ટાંત છે અને આંગળી પર જે પાણી લાગી જાય તે દુનિયાની નેઅમતોનું દષ્ટાંત છે. એનાથી સારી રીતે સમજી શકાય છે કે **આખેરતની તૈયારી છોડીને જો કોઈ શખ્સ દુનિયામાં મગ્ન થઈ જાય તો તે કેટલા અંશે નુકસાનનો સોદો કરનાર છે કે સમુદ્રને છોડીને ટીપાની પાછળ પડેલો છે.**

### ★ દુનિયાથી કેટલા પ્રમાણમાં ફાયદો ઉઠાવીએ ?

દુનિયામાં સુખ સગવડના સામાન જે આપવામાં આવેલા છે તે એટલા માટે આપવામાં આવેલ છે કે આપણે આપણી જિંદગી ગુજારવામાં તેમનાથી મદદ હાંસલ કરીએ અને આખેરતની તૈયારીમાં તેનાથી સહૂલતો હાંસલ કરીએ. આ નેમઅતો એટલા માટે નથી આપવામાં આવી કે આપણે તેમની પાછળ પડીને આખેરતની ફિકર છોડી દઈએ. તેને એક દષ્ટાંત થકી આ હદીષે પાકમાં સમજાવવામાં આવેલ છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી મરવી છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એક ચટાઈ પર સૂઈ ગયા જેનાથી આપના શરીર મુબારકમાં નિશાન પડી ગયાં. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારાં મા બાપ આપ પર કુર્બાન ! કેટલું સારું થાત કે આપ અમને હુકમ ફર્માવતા અને અમે આ ચટાઈ પર કાંઈક પાથરી દેતા જેનાથી આપના શરીર મુબારક પર એનાં નિશાન ન પડતાં. એના પર હુઝૂર સૈયદે આ'લમ ﷺએ ફર્માવ્યું :-

مَا اَنَا وَالدُّنْيَا اِنَّمَا اَنَا وَالدُّنْيَا كَرَاكِبٍ اسْتَظَلَّ تَحْتَ شَجَرَةٍ ثُمَّ رَاحَ وَتَرَكَهَا۔

"દુનિયાથી મારે શો સંબંધ ?! દુનિયાથી મારો સંબંધ બસ એટલો છે જેવી રીતે કોઈ સવાર (વટેમાર્ગુ) કોઈ ઝાડનો છાંયડો અપનાવી લે, પછી તેને છોડીને આગળ વધી જાય."

*(સુનને ઈબ્ને માજહ, ૨/૧૩૭૬)*

ઘણા જ અનોખા દષ્ટાંત વડે આ હદીષે પાકમાં સમજાવવામાં આવ્યું છે કે એક મુસાફર કોઈ ઝાડની નીચે તેના છાંયડામાં આરામ કરવાના માટે રોકાય છે તો તેની સાથે દિલ નથી લગાડી બેસતો, બલ્કે જરૂરત પ્રમાણે તેનો છાંયડો ઉપયોગમાં લે છે અને પછી ચાલતી પકડે છે. દુનિયાથી કેવળ જરૂરત પૂરતો સંબંધ રાખવો જ યોગ્ય છે, એનાથી વધુ લગન લગાડવી યોગ્ય નથી.

એ રીતે સમજો કે જિંદગી એક નાવડી છે અને દુનિયવી માલ સામાનો તેના માટે પાણીની જેમ છે. જેવી રીતે પાણીના વિના નાવડી નથી ચાલી શકતી એવી જ રીતે દુનિયવી માલ સામાન વિના જિંદગી પસાર કરવી મુશ્કેલ હોય છે. પણ પાણી જ્યાં સુધી નાવડીની બહાર છે ત્યાં સુધી તેના માટે ફાયદાકારક છે, જેવું તે નાવડીમાં પ્રવેશી જશે તેવું તેને નુકસાન પહોંચાડવાનું શરૂ કરી દેશે. એ જ પ્રમાણે દુનિયવી માલ સામાનની મહોબ્બત જેવી દિલમાં પ્રવેશી જશે તેવું જ નુકસાન પહોંચાડવાનું શરૂ કરી આપશે.

## ★ હુઝૂર ﷺનો અંદેશો ★

આજે આપણે દુનિયાની મહોબ્બતમાં જે સપડાયેલા છીએ અને તેના માટે જે ચિંતિત છીએ, આ મન્ઝરને સરવરે કાઈનાત ﷺની દૂરથી જોનારી નજરે આજથી ૧૪૦૦ વરસ પહેલાં જ જોઈ લીધો હતો, અને એના બાબતે પહેલેથી જ માહિતગાર કરી આપ્યા હતા. તેની સાથોસાથ તેનાં નુકસાનોના બારામાં પણ આપે ખબર આપી દીધી હતી.

હઝરત ઉક઼બા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત છે કે આક઼ાએ કૌનેન ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِنِّي لَسْتُ اَخْشٰى عَلَيْكُمْ اَنْ تُشْرِكُوْا، وَلٰكِنِّيْ اَخْشٰى عَلَيْكُمُ الدُّنْيَا اَنْ تَنَافَسُوْهَا۔

"તમારા બારામાં મને એ અંદેશો નથી કે તમે શિર્ક કરશો, પરંતુ તમારા બારામાં મને એ અંદેશો છે કે તમે દુનિયાની મહોબ્બતમાં પડી જશો."

*(સહીહ બુખારી, ૫/૯૪)*

આજે તે મન્ઝર આપણી આંખોની સામે છે. દુનિયાની મહોબ્બત લોકોના દિલોમાં કેટલા પ્રમાણમાં ઘર કરી ચૂકી છે તે આપણે જોઈ રહ્યા છીએ. એક રિવાયતમાં આક઼ાએ કરીમ ﷺએ તેનાં નુકસાનો પર પણ રોશની વેરી છે.

હઝરત અમ્ર ઈબ્ને ઔફ અન્સારી رضی اللہ عنہ વર્ણવે છે કે હુઝૂર સૈયદે ક઼ાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

وَاللّٰهِ لَا الْفَقْرَ اَخْشٰى عَلَيْكُمْ، وَلٰكِنْ اَخْشٰى عَلَيْكُمْ اَنْ تُبْسَطَ عَلَيْكُمُ الدُّنْيَا كَمَا بُسِطَتْ عَلٰى مَنْ كَانَ قَبْلَكُمْ، فَتَنَافَسُوْهَا كَمَا تَنَافَسُوْهَا وَتُهْلِكَكُمْ كَمَا اَهْلَكَتْهُمْ۔

"ખુદાની ક઼સમ ! મને તમારા બારામાં મોહતાજીનો કોઈ અંદેશો નથી. મને એ વાતનો અંદેશો છે કે તમારી સામે દુનિયા એ રીતે ફેલાવી દેવામાં આવશે જેવી રીતે આગલાઓની સામે ફેલાવી દેવામાં આવી હતી. પછી તમો એની મહોબ્બતમાં એ જ પ્રમાણે પડી જશો જે પ્રમાણે તે લોકો તેની મહોબ્બતમાં પડી ગયા હતા. અને તે તમને એ જ પ્રમાણે હલાક કરી દેશે જેવી રીતે તેણે આગલાઓને તબાહીમાં નાખી દીધા હતા." *(સહીહ બુખારી, ૪/૯૬)*

જાણવા મળ્યું કે આપણાથી પહેલાં પણ જે કૌમો તબાહીમાં પડી છે તે દુનિયાની મહોબ્બતના કારણે બર્બાદ થઈ છે. આજે આપણી કૌમ પણ બર્બાદીની અણી પણ છે અને તેના સબબોમાંથી એક ઘણો જ મોટો સબબ દુનિયાની મહોબ્બત જ છે. આપણે દુનિયાની જિંદગીમાં એટલા પ્રમાણમાં મગ્ન થઈ ગયા છીએ કે ન આપણને મરવાનો અંદેશો છે ન આખેરતની ફિકર છે, અને ન તો મૌત તથા આખેરતના માટે તૈયારી કરવાની આપણને કોઈ તૌફીક થાય છે.

### ★ મો'મિનનું કૈદ ખાનુ ★

એક મોમિનના માટે દુનિયાની હેસિયત શું છે એને આ હદીષે પાકમાં સ્પષ્ટ કરવામાં આવેલ છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :

اَلدُّنْیَا سِجْنُ الْمُؤْمِنِ، وَجَنَّةُ الْکَافِرِ۔

"દુનિયા મો'મિનનું કૈદખાનુ અને કાફિરની જન્નત છે." *(સુનને ઈબ્ને માજહ, ૨/૧૩૭૮)*

આ હદીષે પાકમાં અસલમાં એ નિર્દેશ આપવામાં આવ્યો છે કે તેણે દુનિયામાં જિંદગી એ રીતે ગુજારવી જોઈએ જેવી રીતે કોઈ કેદી કેદખાનામાં ગુજારે છે. કેદી જ્યારે કેદખાનામાં હોય છે તો તેને તેમાં જિંદગી પસાર કરવાની પાયાની સહૂલતો મળી જાય તો તેને તે પોતાના માટે પૂરતી સમજે છે, એશ આરામનો સામાન કોઈ કેદી કોઈ જેલમાં નથી માગી શકતો. એ જ પ્રમાણે દુનિયામાં મો'મિનનો હાલ એ હોવો જોઈએ કે દુનિયવી જિંદગીમાં જે કાંઈ મળી જાય તેનાથી સંતોષ માનીને પોતાની જિંદગીની ઘડીઓ પસાર કરે અને એ કેદખાનાથી નીકળીને હમેશાંની જન્નત પામવાની ફિકરમાં રહે.

### ★ દુનિયામાં કેવી રીતે રહે ? ★

એક મુસલમાનને એ શોભા નથી આપતુ કે તે દુનિયવી જિંદગીમાં મગ્ન થઈને આખેરતને ભૂલી જાય. બલ્કે તેણે દુનિયવી જિંદગી કેવી રીતે પસાર કરવી જોઈએ એના બારામાં હદીષે પાકમાં હિદાયત મૌજૂદ છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે આકાએ કાઈનાત صلی اللہ علیہ وسلم એ મારા શરીરનો અમુક હિસ્સો પકડીને ઈર્શાદ ફર્માવ્યો :

یَا عَبْدَ اللهِ کُنْ فِی الدُّنْیَا کَاَنَّكَ غَرِیْبٌ، اَوْ کَاَنَّكَ عَابِرُ سَبِیْلٍ، وَعُدَّ نَفْسَكَ مِنْ اَھْلِ الْقُبُوْرِ۔

"હે અબ્દુલ્લાહ ! દુનિયામાં એવી રીતે રહો જાણે તમે અજનબી છો અથવા વટેમાર્ગુ અને પોતે પોતાને કબ્રવાળાઓમાં ગણો."

*(સુનને ઈબ્ને માજહ, ૨/૧૩૭૮)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ખુદ ઈર્શાદ ફર્માવતા હતા :

اِذَا اَمْسَیْتَ فَلَا تَنْتَظِرِ الصَّبَاحَ وَاِذَا اَصْبَحْتَ فَلَا تَنْتَظِرِ الْمَسَآءَ وَخُذْ مِنْ صِحَّتِكَ لِمَرَضِكَ وَمِنْ حَیَاتِكَ لِمَوْتِكَ۔

"સાંજના સમયે સવારની રાહ ન જુઓ અને સવારના સમયે સાંજની રાહ ન જુઓ. પોતાની તંદુરસ્તીમાંથી પોતાની બીમારીના માટે હિસ્સો નિશ્ચિત કરો અને પોતાની જિંદગીમાંથી પોતાના મૌત માટે હિસ્સો નક્કી કરો."

*(સહીહ બુખારી, ૮/૮૯)*

આ બંનેવ હદીષોમાં એ સંબંધે સ્પષ્ટ હિદાયતો મૌજૂદ છે કે દુનિયામાં આપણે જિંદગી કેવી રીતે પસાર કરવી જોઈએ. પ્રથમ હદીષમાં ફર્માવવામાં આવ્યું કે દુનિયામાં એવી રીતે રહો જાણે કે તમો અજનબી છો અથવા વટેમાર્ગુ હોવ. એનો

# ગુસ્તાખે રસૂલનું ખૂન અને ઈમામ નબ્હાનીનો ફૈસલો !

રજૂકર્તા : જનાબ અમીન હાજી અલી મુહમ્મદ બાબી-પોરબંદર

વર્તમાન સમયમાં આપણે જોઈ રહ્યા છીએ કે ઈસ્લામ ધર્મના શત્રુઓ અને ઈસ્લામ શત્રુ રાષ્ટ્રો અવાર નવાર દિવસે દિવસે ઈસ્લામ ધર્મના મહાન નબી અને પૈગંબર ﷺ વિશે ગુસ્તાખી અને અશોભનિય વાણી ઉચ્ચારીને આખા વિશ્વના મુસલમાનોની હૈયાની લાગણીને ઠેસ પહોંચાડી રહ્યા છે. આ તુચ્છ, નાપાક, ગંદી હરકતો પોતે વાણી સ્વતંત્રતા (**Freedam of Speech**)ના નામે દુનિયા સામે રજૂ કરી પોતાની હીન કક્ષાની બુદ્ધિમત્તા દર્શાવી રહ્યા છે.

ઈસ્લામ ધર્મના સુવર્ણ ઈતિહાસમાં આવા બનાવો અવાર નવાર બની ગયા છે. તે સમયના આપણા ઈસ્લામ ધર્મના પેશવાઓ, મહાન આલિમો અને સૂફી સંતોએ નબીએ પાક ﷺની શાનમાં ગુસ્તાખી બેઅદબી કરનારાઓ સામે કેવું આકરૂ વલણ અપનાવેલું તે આપણા માટે ઉત્તમ દષ્ટાંત અને આવનારા સમય માટે આપણા માટે "સિરાતે મુસ્તકીમ" બીજા શબ્દોમાં કહીએ તો "સુન્નિયત" પર કાયમ રહેવું, નબીએ પાક ﷺની મહોબ્બત, અઝમત તેમનો માન મર્તબો "ઈમાનની રૂહ" છે. તેમના આચરણથી સાબિત કરી બતાવ્યું અને આવનારાઓ માટે એક દષ્ટાંત

---

અર્થ એ થયો કે જેવી રીતે કોઈ અજનબી તે સ્થળથી કાંઈ અધિક દિલ નથી લગાડતો, બસ જરૂરત પૂરતો ત્યાં રહે છે અને પછી પોતાના વતને પહોંચવાની ફિકર કરે છે, એ જ પ્રમાણે મુસલમાને દુનિયામાં રહેવું જોઈએ કે તેનાથી દિલ ન લગાડવું જોઈએ બલ્કે જરૂરત પ્રમાણે તેનો ફાયદો ઉઠાવવો જોઈએ અને પોતાના હક઼ીક઼ી વતનની તરફ પરત થવાની ફિકર કરવી જોઈએ.

અથવા જેવી રીતે કોઈ મુસાફિર જ્યારે ક્યાંક રોકાણ કરે છે તો ત્યાં ટેમ્પરરી વ્યવસ્થાને પોતાના માટે પૂરતી સમજે છે અને કાંઈક વ્યવસ્થાઓ કરવાની હોય છે તો પોતાના હક઼ીક઼ી વતનના માટે કરે છે. એ જ પ્રમાણે મુસલમાનના દિલમાં એ ખયાલ હોવો જોઈએ કે આ દુનિયા કામચલાઉ તથા ટેમ્પરરી રોકાણની જગ્યા છે, જો કાંઈ તૈયારી કરવાની છે તો આપણા હક઼ીક઼ી રહેઠાણ એટલે ક઼બર તથા આખેરતની તૈયારી કરે.

જે કાંઈ નેકીઓ કરવી છે, જેવો મોક઼ો મળી જાય તેને કરી નાખો, એ વિચારો કે આ કામ ફલાણા સમયમાં કરીશ, તો એ સમય આવશે કે નહીં તેની કોઈ જ ગેરંટી નથી. જ્યાં સુધી શારીરિક અંગો કામ કરી રહ્યાં છે, સક્રિયપણે અમલનો ક્રમ ચાલુ રાખવો જોઈએ. એટલા પ્રમાણમાં નેક અમલો કરતા રહેવું જોઈએ કે કાલે જ્યારે અંગો કામ કરવાનું બંધ કરી દે તો અફસોસ તથા શર્મિંદગી ન થાય કે અમે કાંઈ ન કર્યું ! એ જ પ્રમાણે જ્યાં સુધી શ્વાસ ચાલી રહ્યો છે ત્યાં સુધી આખેરતની ફિકર અને તૈયારી કરતા રહેવું જોઈએ જેથી કાલે દુનિયાથી ગયા બાદ અફસોસમાં હાથ ન ઘસવા પડે.

પાછલા પૃષ્ઠોમાં આપે દુનિયાની હક઼ીક઼ત અને તેમાં જિંદગી ગુજારવાની કેટલીક હિદાયતો જોઈ. હવે મૌતના વિશે પણ અમુક મહત્વની વાતો વર્ણવવામાં આવી રહી છે, કેમ કે "વહન"ના સબબોમાંથી એક સબબ એ પણ બતાવવામાં આવ્યો છે કે, "મૌતથી નફરત" વહનનો સબબ છે. *(ક્રમશઃ)*

રૂપી અમલ કરી બતાવ્યો છે.

એક દષ્ટાંત અત્રે રજૂ છે;

સૈયદના હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہની જામેઅ મસ્જિદના પૂર્વ ખતીબ અને ઈમામ આરિફ બિલ્લાહ હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ નમ્ર અલ ખતીબ રિફાઈ ફલસ્તીની મદની عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ (વિસાલ : હિ.સ. ૧૪૩૧) હસ્સાને ઝમાના બુસૈરિયુલ અસ્ર હઝરત અલ્લામા ઈમામ યૂસુફ બિન ઈસ્માઈલ નબ્હાની عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ વિશે બયાન ફર્માવે છે કે;

ઈમામ યૂસુફ બિન ઈસ્માઈલ નબ્હાની બૈરૂત (Lebnon)ની ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિમાએલા હતા. ભૂતકાળમાં લેબનાનવાળાઓને રસૂલે પાક ﷺથી બેપનાહ મહોબ્બત હતી. એક વખત એક મુસલમાનથી ઈસાઈનો ઝઘડો થઈ ગયો. ઈસાઈએ નબીએ પાકની શાને અક્દસમાં અશોભનીય વાણી ઉચ્ચારી જેથી મુસલમાને આવેશમાં આવી ચાકુથી તેના પર હુમલો કરી તેનું ખૂન કરી નાખ્યું. આ બનાવ સલ્તનતે ઉષ્માનિયાના સમયકાળનો હતો. તે સમયે સુલ્તાન અ.મજીદ હયાત હતા. તે સમયે ખિલાફતે ઉષ્માનિયા ઘણી નબળી પડી ગઈ હતી જેથી ત્યાંના ઈસાઈઓ સલ્તનત સામે સંગઠિત અને પ્રબળ હતા. આ ખૂનની ઘટનાને લઈને ઈસાઈઓએ હોબાળો કર્યો અન્ય ઈસાઈ દેશોએ સલ્તનતે ઉષ્માનિયા સામે પ્રબળ ચળવળ આદરી અને ખિલાફત સામે તે ખૂન કરનાર મુસલમાન વિરુદ્ધ આકરા પગલાની માગણીની ચળવળ પ્રારંભ કરી. સલ્તનતથી તે મુસલમાન વિરુદ્ધ ફરિયાદની તપાસ શરૂ કરવાની માગણી કરી. તપાસ શરૂ થઈ, અને સંગઠિત ઈસાઈ દેશોએ પોતાની શક્તિનું પ્રદર્શન કર્યું. ઈસાઈ દેશોએ પોતાના એલચી અને પ્રતિનિધિઓને તેની કાર્યવાહી જોવા માટે મોકલ્યા જેથી મુસલમાનોને ભયભીત કરી શકે.

ઈમામ યૂસુફ નબ્હાની તે સમયના મુખ્ય ન્યાયધીશ હતા. ઈમામ યૂસુફે આ મુક્માના ચૂકાદા માટે છેવટની તારીખ અને સમય નક્કી કર્યો. મુખ્ય ન્યાયધીશ અને મુસલમાનોને ભયભીત કરવા ઈસાઈઓના એલચી અને પ્રતિનિધિઓ એકઠા થયા અને ચૂકાદાના સમયે ઈમામ નબહાની ન્યાયાલયમાં મુસલમાનોના ઓરડા પાસે ગયા અને કહ્યું કે તમે ફલાણા ઈસાઈને ક્ત્લ કરેલ છે ? તો મુસલમાને કહ્યું, હા ! ઈમામ નબ્હાનીએ તેને પૂછયું કે તેણે કયા હાથથી આ ક્ત્લ કરેલ ? તો મુસલમાને જવાબ આપ્યો કે મેં મારા જમણા હાથથી ક્ત્લ કરેલ ! અને તેણે પોતાનો જમણો હાથ લાંબો કર્યો અને ઈમામ નબહાનીએ તે મુસલમાનનો હાથ પોતાના હાથમાં લઈ અને તેને ચુંબન કર્યું અને ત્રણ વખત તેની નિર્દોષતાની જાહેરાત કરી ચૂકાદો આપ્યો. *(અરમુગાને હજ્જ, પેજ : ૬૧, ૬૨, પ્રકાશક : અંજુમને ખુદ્દામે ઈસ્લામ, લાહોર)*

## ઈમામ યૂસુફ નબહાનીનો ટૂંકમાં પરિચય

* આપનો જન્મ હિ.સ. ૧૨૬૫/ઈ.સ. ૧૮૪૯ ફિલીસ્તીન (Plastine)ના શહેર ઈજઝીમ (Ijzim)માં થયેલ
* આપ શાફઈયુલ મસ્લક હતા.
* આપ લેબનોન (Lebnon)ના આલિમોમાં સર્વોચ્ચ સ્થાને હતા. આપ સુન્ની ઈસ્લામિક વક્તા, મુખ્ય ન્યાયધિશ, મહાન આશિકે રસૂલ, નઅતગો શાયર, સલ્તનતે ઉષ્માનિયાના સુલ્તાનના મુખ્ય સંરક્ષક સલાહકાર હતા.
* એક સોથી વધુ અરબી કિતાબોના આપ લેખક હતા.
* આપની વફાત હિ.સ. ૧૩૫૦/ઈ.સ. ૧૯૩૨ લેબનાન (Lebnon)ના બૈરૂત (Beirut) શહેરમાં થયેલ.



# ઈસ્લામમાં જીવજંતુઓથી બચવાનાં સૂચનો

હપ્તો : છેલ્લો

અઝ : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

## ★ ગ્લોબલ હેન્ડ વોશિંગ ડે ★

પંદર ઓકટોબર ૨૦૨૦ના રોજ વિશ્વ કક્ષાએ "હેન્ડ વોશિંગ ડે" (Global Hand Washing Day-વિશ્વકક્ષાએ હાથ ધોવાનો દિવસ) મનાવવામાં આવે છે. આ રિવાજ ઓકટોબર–૨૦૦૮માં શરૂ થયો. આ દિવસ મનાવવાનો હેતુ હાથ ન ધોવાના સબબે પેદા થનારી બીમારીઓથી સાવધાન કરવાનો છે.

દુનિયાભરમાં વરસભરમાં લાખો લોકો બેકટેરીયાથી પેદા થનારી બીમારીઓથી પ્રભાવિત થાય છે જેને જોઈને ઈન્ટરનેશનલ આરોગ્ય સંસ્થા "હુ" (WH0)એ આ દિવસ મનાવવાનો શરૂ કર્યો. પરંતુ કુર્બાન જાવ સરવરે કાઈનાત علیہ الصلوٰۃ والسلامની ઝાતે ગિરામી પર કે આપે પોતાની ઉમ્મતને ૧૪૦૦ વરસો પહેલાં જે તા'લીમ આપી છે એમાં આરોગ્યની રક્ષાનો ભરપુર ખયાલ રાખવામાં આવ્યો છે.

આપે ખાવા ખાતા પહેલાં હાથ ધોવાની તા'લીમ આપી છે. હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી મરવી છે કે સરવરે કાઈનાત صلی اللہ علیہ وسلم ફર્માવે છે :–

مَنْ اَحَبَّ اَنْ يُّكْثِرَ اللهُ خَيْرَ بَيْتِهٖ فَلْيَتَوَضَّأْ اِذَا حَضَرَ غَدَاؤُهٗ وَاِذَا رُفِعَ۔

"જે એવું પસંદ કરે છે કે અલ્લાહ તઆલા તેના ઘરની ખૈરો બરકતમાં વધારો કરે તો તેણે જોઈએ કે જ્યારે ખાવા હાજર થાય ત્યારે પોતાનો હાથ ધોઈ લે અને જ્યારે ખાવા ઉઠાવવામાં આવે ત્યારે પણ હાથ ધોઈ લે." *(સુનને ઈબ્ને માજહ, ૨/૧૦૮)*

એ જ પ્રમાણે એક રિવાયત હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماથી છે કે સરવરે કાઈનાત صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :–

اَلْوُضُوْءُ قَبْلَ الطَّعَامِ وَبَعْدَهٗ مِمَّا يَنْفِي الْفَقْرَ، وَهُوَ مِنْ سُنَنِ الْمُرْسَلِيْنَ۔

"ખાતા પહેલાં અને ખાધા પછી હાથ ધોવું મોહતાજી દૂર કરે છે, અને એ રસૂલાને એઝામ علیہم السلامની સુન્નત છે."

*(અલ મોઅજમુલ અવસાત, ૭/૧૬૪)*

ખાસ કરીને તેલયુક્ત ખાણુ ખાધા પછી તો હાથોને સારી રીતે ધોવાની હદીષમાં તાકીદ આવી છે અને એ વાતની તરફ નિર્દેશ કરવામાં આવ્યો છે કે જો હાથ ન ધોયા તો તેને કોઈ તકલીફ પહોંચી શકે છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે સરવરે કાઈનાત صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَنْ نَّامَ وَفِيْ يَدِهٖ غَمَرٌ، وَلَمْ يَغْسِلْهُ فَاَصَابَهٗ شَيْءٌ، فَلَا يَلُوْمَنَّ اِلَّا نَفْسَهٗ۔

"જે એ હાલતમાં સૂતો કે તેના હાથો પર ખાવાની ચીકાશ છે, પછી તેને કોઈ તકલીફ પહોંચી તો તેણે જોઈએ કે તે પોતે પોતાને જ ભલુ બુરુ કહે."

*(સુનને અબી દાઊદ, ૩/૩૬૬)*

ખાવાના આદાબ (નિયમો)માંથી એ બતાવવામાં

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર સૈયદે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَنْ أَكَلَ فَلْيَتَخَلَّلْ، فَمَا تَخَلَّلَ، فَلْيَلْفِظْ، وَمَا لَاكَ بِلِسَانِهِ، فَلْيَبْتَلِعْ.

"ખાણુ ખાધા પછી ખિલાલ કરો. ખિલાલમાં જે દાંતો વચ્ચેથી નીકળે તેને ફેંકી દો અને જે કાંઈ જીભ પર લાગેલુ છે તેને ગળી જાવ." *(સુનને દારમી, ૧/૫૨૪)*

એનું કારણ એ છે કે જીભના થકી દાંતોમાં ફસાયેલા ખોરાકના ટુકડા કોઈ પ્રકારની ખરાબીના ખતરાથી મહેફૂઝ હોય છે અને ખિલાલ થકી કાઢવામાં આવેલા ટુકડા જંતુયુક્ત હોય શકે છે, એટલા માટે એમને થૂકી કાઢવા મેડિકલ દષ્ટિએ તદ્દન દુરુસ્ત છે.

હકીમ મુહમ્મદ તારીક઼ ચુગતાઈના પ્રમાણે ખાધા પછી ખોરાકના અંશો દાંતો તથા મસોડાં વચ્ચે ફસાય જાય છે, જો તેને ખિલાલ થકી ન કાઢવામાં આવે તો એ ખોરાકનાં રજકણો (Food Particles) સેપ્ટિક (Septic એટલે સડેલા) થઈ જાય છે. એનાથી મસોડામાં પહેલાં સોજા આવી જાય છે પછી દાંતો અને મસોડાંનો સંબંધ ખત્મ થઈ જાય છે, ત્યાં સુધી કે દાંતો ખરી પડે છે.

*(સીરતે મુસ્તફા ઔર અસ્રી સાઈન્સી તેહક઼ીક઼, પેજ–૧૯૧)*

### ★ ખાવા પીવાની ચીજો પર ફૂક મારવાથી મનાઈ ★

આગલા પૃષ્ઠો પર તમે વાંચ્યું કે જીવજંતુઓ શ્વાસોના થકી પણ માનવ શરીરથી બહાર નીકળે છે. એટલા માટે આક઼ાએ કાઈનાત علیہ الصلوٰۃ والسلامએ ખાવા પીવાની ચીજો પર ફૂક મારવાથી મના કર્યુ છે. ઘણા બધા લોકો ગરમ ચીજોને ખાતી પીતી વખતે તેને ઠંડી કરવા માટે તેમના પર ફૂક મારે છે. આ આરોગ્ય માટે નુકસાનકર્તા છે.

આવ્યું છે કે ખાવાથી પહેલાં હાથ ધોયા બાદ તેમને રૂમાલ વગેરેથી ન લુછવામાં આવે જેથી ધોવાની અસર ખાવાના સમયે બાકી રહે. ફતાવા રઝવિય્યહ્માં એના સંબંધે છે :–

وَلَا يَمْسَحُ يَدَهُ قَبْلَ الطَّعَامِ بِالْمِنْدِيلِ لِيَكُونَ أَثَرُ الْغَسْلِ بَاقِيًا وَقْتَ الْأَكْلِ وَيَمْسَحُهَا بَعْدَهُ لِيَزُوْلَ أَثَرُ الطَّعَامِ بِالْكُلِّيَّةِ.

"ખાવાથી પહેલાં પોતાના હાથોને રૂમાલથી ન લુ છે જેથી ખાતી વખતે ધોવાની અસર બાકી રહે અને ખાધા પછી લૂછી નાખે જેથી ખાવાની અસર સંપૂર્ણપણે જતી રહે."

આ રિવાયતોમાં ખાવાથી પહેલાં અને ખાધા પછી હાથોને ધોવાની તા'લીમ આપવામાં આવી છે. હાથ ધોવા એ જીવજંતુઓથી બચવાનો અને તેનાથી સુરક્ષિત રહેવાનો પહેલો તથા સૌથી સરળ તરીક઼ો છે. જીવજંતુઓ મોટાભાગે ખાવા પીવા દરમિયાન માણસના શરીરમાં પ્રવેશ પામે છે. જ્યારે કે હાથ, પગ તથા મોંની બીમારીઓ, જલ્દી ઈન્ફેકશન, હેપીટાઈસ, પેટની બીમારીઓ પણ હાથ ન ધોવાની આદતના કારણે આપણને નિશાન બનાવી શકે છે. સરવરે કાઈનાત علیہ الصلوٰۃ والسلامની વર્ણવેલ તા'લીમ એ બીમારીઓથી બચવામાં આપણી મદદ કરશે તેમજ સાથોસાથ આપણા ઘરોમાં ખૈરો બરકત લાવવાનો ઝરીયો પણ બનશે.

### ★ ખાધા પછી ખિલાલ કરવું ★

દાંતોની સફાઈના માટે ખાધા પછી દાંતોનો ખિલાલ કરવો પણ હુઝૂર સરવરે કાઈનાત ﷺની સુન્નતે મુબારકા છે. ખિલાલનો મતલબ એ છે કે દાંતો વચ્ચે જે ખાવાની ચીજો અથવા ગોશ્તના રેસા વગેરે ફસાય જાય તેને દાંતોના વચ્ચેથી સાફ કરી દેવામાં આવે.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે આક઼ાએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

إِذَا شَرِبَ أَحَدُكُمْ فَلَا يَتَنَفَّسْ فِي الْإِنَاءِ فَإِذَا أَرَادَ أَنْ يَعُوْدَ فَلْيُنَحِّ الْإِنَاءَ ثُمَّ لِيَعُدْ إِنْ كَانَ يُرِيْدُ

"તમારામાંથી કોઈ વ્યક્તિ જ્યારે કાંઈક પીએ તો જોઈએ કે વાસણમાં શ્વાસ ન લે. જ્યારે બીજીવાર પીવા ચાહે તો વાસણને પોતાના માઢેથી હટાવી લે (પછી શ્વાસ લે) પછી બીજીવાર પીએ."

*(સુનને ઈબ્ને માજહ, ભાગ–૨, પેજ–૧૧૩૩)*

આ હદીષે પાકમાં એ તા'લીમ ફર્માવવામાં આવી છે કે પાણી અથવા શરબત વગેરે જો કાંઈ પણ પીવું હોય તો વાસણમાં શ્વાસ લેવો બરાબર નથી. જો શ્વાસ લેવાની જરૂરત હોય તો વાસણ હટાવીને બહાર શ્વાસ લેવો જોઈએ અને પછી બીજીવાર પીવા ચાહે તો પી લે. એટલા માટે પાણી વગેરે પીવાનો તરીક઼ો એ બતાવવામાં આવ્યો છે કે દરમિયાનમાં વાસણને હટાવી હટાવીને ત્રણવાર શ્વાસ લેવામાં આવે.

હઝરત અનસ ફર્માવે છે :–

كَانَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ يَتَنَفَّسُ فِي الشَّرَابِ ثَلَاثًا.

"રસૂલુલ્લાહ ﷺ પાણી પીવા દરમ્યાન ત્રણવાર શ્વાસ લેતા." *(સહીહ મુસ્લિમ, ૩/૧૬૦૨)*

અર્વાચીન મેડિકલ સંશોધન પ્રમાણે પાણી પીવાની ચીજોમાં ફૂક ન મારવી જોઈએ, કેમ કે એનાથી બીમારીના જંતુઓ ખાવા પીવાની ચીજોમાં તબદીલ થઈ શકે છે અને તે ચીજોને કોઈ બીજો વ્યક્તિ ઉપયોગમાં લે અથવા એવા વાસણમાં કોઈ ચીજ ખાય કે પીએ તો એના સુધી એ જંતુઓ ટ્રાન્સફર થઈ શકે છે.

*(સીરતે મુસ્તફા ઔર અસ્રી સાઈન્સી તેહક઼ીક઼, પેજ–૧૯૨)*

## ★ નખો કાપવાનો હુકમ ★

નખો કાપવાની તા'લીમ પણ સરવરે કાઈનાત ﷺએ પોતાની ઉમ્મતને આપી. તેની વધુમાં વધુ મુદ્દત ૪૦ દિવસ રાખવામાં આવી છે કે તેની અંદર અંદર કાપી લેવામાં આવે. બેહતર છે કે દરેક જુમ્આના દિવસે કાપવામાં આવે. હઝરત ઈબ્રાહીમ علیہ السلامને અલ્લાહ તઆલાએ જે દસ વાતોની તા'લીમ આપી હતી તેમાંથી એક નખોને કાપવું પણ છે.

નખોને સાફ ન કરવું ઘણુ ખતરાથી ભરેલું હોય છે. એટલા માટે કે અધિક વધેલા નખો જંતુઓની પનાહગાહ (શરણસ્થાન અને વિવિધ બીમારીઓ દા.ત. ટાઈફોઈડ, જુલાબ, મરડા, પેટ અને આંતરડાના કીડા અને સોજો પેદા કરવાવાળા જંતુઓને ફેલવાનો ઝરીયો બને છે.

આક઼ાએ કરીમ ﷺનો નિત્યક્રમ હતો કે આપ દરેક જુમ્આના નખો કાપતા હતા અને આપે પોતાની ઉમ્મતને પણ એની તા'લીમ આપી છે. હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત થયેલ છે કે સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَنْ قَلَّمَ أَظْفَارَهُ يَوْمَ الْجُمُعَةِ وُقِيَ مِنَ السُّوْءِ إِلَى مِثْلِهَا.

**"જેણે જુમ્આના દિવસે પોતાના નખો કાપ્યા તે આવતી જુમ્આ સુધી બીમારીઓ તથા બલાઓથી મહેફૂઝ રહેશે."**

*(અલ મોઅજમુલ અવસત, ૫/૮૫)*

વધેલા નખો આરોગ્ય માટે નુકસાનકારક હોય છે. અમુક લોકો પોતાના નખો પોતાના દાંતો વડે કાતરે છે, આ એક ગંદી આદત છે. વર્ણવેલ હદીષે પાકમાં એ તા'લીમ આપવામાં આવી છે કે દર જુમ્આના નખો કાપવામાં આવે. એનો ફાયદો એ થશે કે અઠવાડિયા દરમિયાન તથા બલાઓથી હિફાઝતમાં રહેશે.

જો નખો ન કાપવામાં આવે તો વિવિધ કામો કરતી વખતે તેમનામાં વિવિધ પ્રકારનાં જંતુઓ ફસાય જાય છે અને ખાવા ખાતી વખતે મોં વડે અન્નળીમાં પહોંચી જાય છે, જેનાથી વિવિધ પ્રકારની બીમારીઓ જન્મ લઈ શકે છે.

*(સીરતે મુસ્તફા ઔર અસ્રી સાયન્સી તેહકીક, પેજ–૧૯૬)*

## ★ મૂછો ટૂંકી રાખો ★

ઈસ્લામી દેખાવ તરીકા પર વિચારણા કરીએ તો આપણને મૂછો ટૂંકી રાખવાનો તથા દાઢી રાખવાનો જે હુકમ આપવામાં આવ્યો છે તે પણ હિકમતથી ભરપુર છે. સરવરે કાઈનાત علیہ الصلوٰۃ والسلامએ દાઢી અને મૂછોના સંબંધથી જે હુકમ આપવામાં આવ્યો છે તેને જોઈ લો.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી મરવી છે કે આકાએ કરીમ ﷺએ ફર્માવ્યું :–

خَالِفُوا الْمُشْرِكِيْنَ: وَفِّرُوا اللِّحٰى، وَأَحْفُوا الشَّوَارِبَ۔

"મુશ્રિકોની વિરુદ્ધ કરો, દાઢી વધારો અને મૂછો ટૂંકી રાખો." *(સહીહ બુખારી, ૭/૧૬)*

મૂછો કતરાવવાને તો પેદાઈશી સુન્નત ઠરાવવામાં આવેલ છે અને હઝરત ઈબ્રાહીમ علیہ السلامને અલ્લાહ તબારક વ તઆલાએ જે દસ વાતોનો હુકમ આપ્યો હતો, એમનામાં એક એ પણ હતી કે મૂછો ટૂંકી રાખવામાં આવે, એનાથી એના મહત્વનો અંદાઝો લગાડી શકાય છે.

વૈજ્ઞાનિક દષ્ટિએ તો વાળોનું અસ્તિત્વ માનવ ચામડીથી જંતુઓને રોકે છે. જાહેર છે કે જંતુઓ વાળો સાથે લપેટાય જાય છે, અને ચામડી સુધી પહોંચી નથી શક્તાં. એવામાં જો કોઈ શખ્સ મોટી મોટી મૂછો રાખે તો ખાવા પીવા દરમિયાન મૂછોના વાળો, સાથે લપેટાયેલા જંતુઓ પાણી વગેરેના વાસણમાં જઈને તેના ઝરીયા પેટમાં દાખલ થઈ જશે અને પછી માણસ તેના નુકસાનથી બચી શકશે નહીં. એટલા માટે આકાએ કરીમ ﷺનો નિયમ હતો કે આપ ઉપરના હોઠ પર મિસ્વાક રાખતા હતા અને મૂછોના જે વાળો ઉપર ચઢી જતા હતા તેને આપ કાપી નાખતા હતા.

## ★ છીંકવા, ખાંસવા તથા બગાસુ ખાવામાં સાવધાનીઓ ★

વર્તમાનકાળમાં કોરોના વાયરસ વિશ્વ કક્ષાએ ચર્ચાના એરણે છે. દુનિયાભરના ડૉકટરોએ તેનાથી બચવા અને આસપાસના માહોલને તેનાથી સુરક્ષિત રાખવા માટે જે સાવધાનીઓ તથા યુક્તિઓ રજૂ કરી છે તેમાં સ્વચ્છતા, સફાઈ, હાથ ધોવા, શરીરની સ્વચ્છતા, છીંકવા તથા ખાંસવા દરમિયાન સાવધાનીઓ વગેરે સામેલ છે. આવો એના અનુસંધાનમાં ઈસ્લામી તા'લીમ જોતા ચાલીએ.

છીંક, બગાસુ તથા ખાંસીના સમયે ઈસ્લામી આદાબમાંથી એ છે કે પોતાના મોં પર હાથ રાખવામાં આવે અથવા રૂમાલ વગેરે વડે મોં ઢાંકી લેવામાં આવે, કેમ કે એ વખતે નાક તથા મોં વાટે નાનાં નાનાં રજકણો બહાર નીકળે છે જેનાથી આસપાસ બેઠેલા લોકોને તકલીફ પહોંચી શકે છે.

હઝરત અબૂ હુરૂરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે આકાએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

إِذَا تَثَاءَبَ أَحَدُكُمْ فَلْيَضَعْ يَدَهُ عَلٰى فِيْهِ۔

"તમારામાંથી કોઈ શખ્સને જ્યારે બગાસુ આવે તો તેણે જોઈએ કે મોં પર હાથ રાખી લે."

*(સુનને ઈબ્ને માજહ, ભાગ–૧, પેજ–૩૧૦)*

મોં પર હાથ રાખવામાં વિવિધ હિકમતોની સાથોસાથ એ પણ હિકમત છુપાયેલ છે કે એ દરમ્યાન

મોંથી બહાર પડનાર જીવજંતુઓ વગેરેથી આસપાસનો માહોલ પ્રભાવિત થશે નહીં.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે. ફર્માવે છે :–

كَانَ رَسُولُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا عَطَسَ وَضَعَ يَدَهُ أَوْ ثَوْبَهُ عَلَى فِيهِ وَخَفَضَ بِهَا صَوْتَهُ.

"રસૂલુલ્લાહ ﷺએ જ્યારે છીંક આવતી તો આપ પોતાનો હાથ કે કપડુ પોતાના મોં પર રાખી લેતા અને છીંકતી વખતે અવાજ ધીમો રાખતા."

*(સુનને અબૂ દાઊદ, ૪/૩૦૭)*

છીંકના થકી દિમાગમાં રોકાયેલ નકામી ચીજો તથા ખરાબ તત્વો બહાર ફેંકાય છે અને તેમની સાથે ઘણા બધાં જંતુઓ બહાર નીકળવાની પણ શક્યતાઓ છે, એટલા માટે આક઼ાએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ છીંકતી વખતે મોં અને નાક પર હાથ કે કપડુ રાખવાનુ છીંકના આદાબ (નિયમો)માં સામેલ કર્યુ જેથી છીંકની સાથે બહાર પડનારા જંતુઓ આસપાસ મૌજૂદ લોકો સુધી પોતાની નુકસાનકારક અસરો ન પહોંચાડી શકે.

આજે કોરોના વાયરસે જે દુનિયાને પોતાની લપેટમાં લીધેલ છે અને તેને ફેલવાથી રોકવાના માટે જે સાવધાનીની યુક્તિઓ કરવામાં આવી રહી છે તે આક઼ાએ કરીમ علیہ الصلوٰۃ والسلامના મામૂલાત (રોજના નિયમો)માં પણ છે અને આપની તા'લીમાતનો હિસ્સો પણ છે.

## ★ અંતિમ વાત ★

અગાઉ આવી ગયેલ પૃષ્ઠોમાં આપે જોયું કે વાયરસ, બેક્ટેરિયા તથા જીવજંતુઓ વગેરેથી બચવાની જે સાવધાની માટેની યુક્તિઓને સાયન્સ આજે રજૂ કરી રહી છે, સરવરે કાઈનાત ﷺએ તેમની તા'લીમ આજથી ૧૪૦૦ વરસો પહેલાં જ આપી દીધી છે. એ પણ જાણવા મળ્યું કે રૂહાની પાકીઝગીની સાથે સામૂહિક તથા માહોલયાતી પાકીઝગી તથા સ્વચ્છતાપણુ પણ મુસલમાનોના ઈમાનનો એક ભાગ છે.

પણ અફસોસ એ છે કે મુસલમાન કુર્આન તથા સુન્નતથી દૂર થઈને સફાઈ તથા પાકીઝગીથી દૂર થઈ ગયા છે. તેમનાં ઘરો તથા મહોલ્લાઓમાં ગંદકી સામાન્ય વાત છે. ખાવા પીવા, રહેણી કરણી અને વાતચીતમાં અસભ્યતાપણુ તથા અશિસ્તપણુ ઝલકતુ હોય છે. ગંદકી તથા નાપાકી મુસલમાનોના મહોલ્લાની ઓળખ બનીને રહી ગઈ છે. ઘરોમાં અને ઘરની બહાર કચરા પૂજાનો ઢગલો, છલકાતી ગટરો, ગંદકીમાં આળોટતાં બાળકો, આ એવાં દશ્યો છે જે આપને દરેક મુસ્લિમ મહોલ્લામાં જોવા મળી જશે.

જરૂરત એ વાતની છે કે સામાજિક તથા ભલાઈનાં કામો કરતી સંસ્થાઓ મુસલમાનોમાં સફાઈ તથા સ્વચ્છતા અને સભ્યતાવાળા વહેવાર વર્તાવને ઉત્તેજન આપવા માટે પોતાની કોશિશો અધિકથી અધિક્તર કરે અને કુર્આન તથા હદીષના માર્ગદર્શન પ્રમાણે એક દષ્ટાંતરૂપ મુસ્લિમ સમાજના ઘડતરને શક્ય બનાવે. આના બારામાં વ્યક્તિગત કોશિશો પણ જરૂરી છે અને સામૂહિક ચળવળ ચલાવવાની પણ જરૂરત છે. (સંપૂર્ણ)

**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૩૫૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# વર્તમાન સમયમાં હુઝૂર ગૌષ પાક رضی اللہ عنہ ની તા'લીમાતનું મહત્વ



રજૂકર્તા : પટેલ અબ્દુર્રહમાન મિસ્બાહી (પારેખત)
*(રિસર્ચ સ્કોલર : જામિઆ અશરફિયહ-મુબારકપુર)*

બુઝુર્ગોને દીનના કથનો એટલે કુર્આન તથા હદીષના ફૂલો નીચોવીને બનાવવામાં આવેલુ પવિત્ર અત્તર, જે તસવ્વુફનું પુસ્તક ખોલતાંની સાથે જ પર્યાવરણમાં પ્રસરી જાય અને દરેક સુગંધ પ્રેમીને પોતાની અદ્ભુત સુગંધથી પ્રસન્ન કરી દે. વળી જ્યારે વાત વલીઓના સરદારની આવી જાય તો પૂછવું જ શું ?! ફૈઝ અને કરમનો અપાર સમુદ્ર હોવા સાથે શૈખ અબ્દુલક઼ાદિર જીલાની ગ઼ૌષે આ'ઝમ બગદાદી رضی اللہ عنہ નું વ્યક્તિત્વ નસીહત અને સોનેરી કથનોના બગીચાનો દરજ્જો પણ ધરાવે છે. આપની મુબારક જબાનથી નીકળેલો દરેક શબ્દ અને આપના કલમથી લખાયેલો દરેક અક્ષર હિદાયત અને કામયાબીના એક દસ્તાવેજ સમાન છે. જેમ કુર્આનની દરેક આયત અને હદીષની દરેક રિવાયત ઉમ્મતના દરેક વ્યક્તિ માટે અસરકારક અને ફાયદારૂપ છે, તેના જ રીતે તેના નિચોડ સ્વરૂપે બુઝુર્ગોના બયાન કરેલાં સોનેરી કથનો પણ દરેક વ્યક્તિ માટે ફાયદાકારક અને અસરકારક છે. એક એક બોલ અલગ અલગ હોય તો તેને કથનો કહેવાય અને બધાંને ભેગા કરી આપો તો તેના માટે તા'લીમાત શબ્દ વપરાય.

હુઝૂર ગ઼ૌષ પાક વલીઓના સરદાર અને ઉમ્મતના મહાન તથા પ્રખ્યાત વ્યક્તિઓમાંથી એક છે, એ હિસાબે આપના ક઼લમ કે મોંઢાથી નીકળેલી દરેક વાત પોતાની અંદર એક પૈગામ અને સમાજ સુધારણાના અનેક નિયમો ધરાવે છે. વર્તમાન સમયમાં જ્યારે કે નફ઼્સાનિયત, ગુનાહોની નહૂસત અને દીનથી દૂરીના કારણે ઘણા લોકો ઈમાનના નૂર તથા દિલના સુકૂનથી વંચિત થઈ ગયા છે, અને દિવસે દિવસે મેકેનિઝમ અને ભૌતિકવાદ વ્યક્તિને સાચી રૂહાનિયતથી દૂર ધકેલી રહ્યાં છે, વળી આવી કડવી સ્થિતિમાં ખાનક઼ાહોમાં વધી રહેલી જહાલત કારેલા પર લીમડાનો રસ રેડવા જેવુ કામ કરી રહી છે. આવી ખતરનાક પરિસ્થિતિ અને જોખમી સંજોગોમાં વલીઓના તથા વિલાયતના બાદશાહ સૈયદુના શૈખ અબ્દુલક઼ાદિર જીલાની ગ઼ૌષે આ'ઝમ બગદાદી رضی اللہ عنہ ના કથનો અને તેમની તા'લીમાતનું મહત્વ રોજ બરોજ વધી રહ્યું છે. અહીં અમે હુઝૂર ગ઼ૌષ પાક رضی اللہ عنہ ની તા'લીમાતના બગીચામાંથી વીણેલાં અમુક કથનોના ફૂલો વાંચક મિત્રો સામે રજૂ કરીએ છીએ, આશા છે કે આ રૂહાની ફૂલોની સુગંધ દિલોને મહેકાવી દેશે અને ઈમાનની તાજગીથી રોમ રોમમાં ઉમંગની લહેર દોડી જશે. લગભગ હજાર વર્ષ પહેલાં અસ્તિત્વ પામેલ આ કથનોની ઉપયોગિતા અને તેમનું મહત્વ આજે પણ જળવાયેલુ હોવાનું મોટુ કારણ એ છે કે જેમ કુર્આન તથા હદીષના આદેશો કાયમી ધોરણે ક઼યામત સુધી માનવતા માટે ઉપયોગી ઉપદેશનું સ્થાન ધરાવે છે તે જ પ્રમાણે કુર્આન તથા હદીષના રંગમાં રંગાયેલુ જીવનચરિત્ર ધરાવનાર અલ્લાહના વલીના કથનો પણ કુર્આન તથા હદીષના ફૈઝાનથી માનવતા માટે કાયમી નફો પહોંચાડનારા બની જાય છે. તો આવો જલ્દીથી વલીઓના સરદાર હુઝૂર ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہ ના મુબારક કથનોથી લાભ મેળવીએ.

## ★ હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہના જીવનનો ઉદ્દેશ ★

વલીઓના સરદાર સરકાર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ પોતાના દિલોનું દર્દ અને પોતાના જીવનનો ઉદ્દશ આ શબ્દોમાં બયાન કરે છે :–

"પાકી છે તેના (અલ્લાહ તઆલાના) માટે જેણે મારા દિલમાં મખ્લૂક઼ની સદ્‌ભાવના નાખી છે, અને તેને મારો સૌથી મોટો સિદ્ધાંત બનાવી દીધો છે. ખરેખર હું એક નસીહત કરનારો છું. સદ્‌ભાવનાનો બદલો નથી ઈચ્છતો, મારું ઈનામ તો અલ્લાહને ત્યાં છે, જે મને મળી ગયું છે.

તમારી કામયાબીમાં મારી ખુશી છે અને તમારી તબાહી તથા બર્બાદી મારા માટે દુઃખ અને તકલીફ લાવનારી છે. હું જ્યારે પોતાના સાચા મુરીદનો ચહેરો જોવું છું જેણે મારા કારણે કામયાબી મેળવી તો હું ખૂબ જ પ્રસન્નતા અને મજબૂતી અનુભવું છું, સુંદર લિબાસ પહેરું છું અને ખુશીથી કહું છું આ મારી પાસે કેવી ઉત્તમ તર્બિયત પામીને નીકળ્યો છે !

હે પુત્ર (મુરીદ) ! હું તને ચાહું છું, પોતાની જાતને નહીં, જો તારામાં કાંઈક પરિવર્તન આવ્યું તો તારું જ ભલુ થશે, મારું નહીં. હું તો બધા લક્ષ્યો પામી ચૂક્યો છું, તારી મારી દોસ્તી તારા માટે છે, તું મારી જોડે તારા પોતાના માટે પ્રેમ કરે છે, મારી સાથે જોડાયેલો રહે જેથી તું પણ વહેલી તકે લક્ષ્ય સુધી પહોંચી જાય." *(ફ઼યૂઝ઼ે ગૌષે યઝ઼દાની, પેજ નં. ૯૯)*

એક સંબોધનમાં આપ رضی اللہ عنہએ પોતાના ઉદ્દેશની સ્પષ્ટતા નીચે મુજબ કરી છે :–

"પોતાના દીનની બીમારીઓની દવા મારી પાસેથી લો અને વાપરો, તંદુરસ્તી મળી જશે. પહેલાંના લોકો અલ્લાહના વલીઓ અને નેક બંદાઓની શોધમાં આખા જગતની મુસાફરી કરતા, કેમ કે આ જ લોકો દિલોના અને દીનના તબીબ છે. તેમનામાંથી જ્યારે કોઈ મળી જતું તો પોતાના દીનની દવા માગતા હતા. **આજે તમારો હાલ એવો છે કે ફુક઼હા, ઉલમા અને ઔલિયા જેઓ અદબ શીખવનારા છે, તેમનાથી દૂર ભાગો છો,** આવી સ્થિતિમાં દવા તમારા ભાગ નહીં આવે, હું સતત તારી બીમારીનો ઈલાજ સૂચવું છે પણ તું તેને વપરાશમાં નથી લાવતો, તને રોકું છું કે આ કાર્યો (હરામ) ન ખા, એમાં ઝેર છે, પ્રથમ કોળિયો (હલાલ) ખા એમાં શિફ઼ા છે, પરંતુ તું મારી વિરુદ્ધ જઈને તે જ કોળિયો ખાય છે જેનાથી હું રોકુ છું, નજીકમાં જ તારા દીન તથા ઈમાનમાં તેનું ઝેર ફેલાય જશે. હું તને સમજાવતો રહીશ, તારી તલ્વારની મને કોઈ બીક નથી અને તારા સોનાના હદિયાની પણ મને કાંઈ જરૂર નથી." *(ફ઼યૂઝ઼ે ગૌષે યઝ઼દાની, પેજ નં. ૨૫૪)*

વ્હાલા વાંચક મિત્રો ! સમય હોય તો ઉપરોક્ત બંનેવ પ્રેરેગ્રાફ ફરી વાંચી જાવ અને વિચારો કે હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ આપણને કેટલી હદે ચાહે છે અને આપણા પ્રત્યે તેમની સદ્‌ભાવના કેટલી સંવેદનશીલ છે. પછી એકવાર હાલના આપણા વલણ પર ધ્યાન આપો કે શું આપણા જેવા ગૌષ પાકની મુરીદીના દાવેદારો તે માર્ગે જઈ રહ્યા છીએ જેનું માર્ગદર્શન તેમણે આપેલું છે. આજે તો આપણે તેમની સાથેના સંબંધ અને પ્રેમના ધોરણો પણ પોતે જ નક્કી કરી લીધાં છે. શું આપણે તેમની ગાઈડલાઈન મુજબ ઉલમા અને મુફ્તિયાને કિરામ સાથે જોડાઈ રહ્યા છીએ કે પછી મોઢેથી ગૌષ કા દામનના નારા લગાડી અત્યંત દૂષિત રાજકરણીઓના ગુણ ગાવાને જ દીન ધર્મ બનાવી રહ્યા છીએ ?! જેટલો આદર દીન અને ઈમાનના સાફ પાણીને ગંદુ કરનારા રાજકરણીઓનો આપણો સમાજ કરે છે શું તેટલો આદર પણ સારાં કામો અને સમાજ સુધારણા તરફ બોલાવનાર

ઉલમાનો આપણી અંદર રહી ગયો છે ? જો કોઈને એ વહેમ હોય કે ગૌષ પાકના નામ પર ખર્ચા પાણી કરવાથી તેમના સાથેના સંબંધનું ગૌરવ જળવાઈ રહેશે તો તેની આંખો ખોલવા માટે ઉપરોક્ત કથન પૂરતું છે કે, "મને તારા સોનાના હદિયાની કાંઈ જરૂર નથી, મને તો તારો દીન પર અમલ જોઈએ છે." આવો ! ગૌષ પાક رضی اللہ عنہના જીવન ઉદ્દેશ મુજબ સારા ઉલમા અને મશાઈખ સાથે પોતાને જોડો અને હલાલ રિઝ્ક તરફ વળી પોતાની ઈમાની બીમારીઓનો "ઈલાજે ગૌષિયહ્" કરો. સાચો દીન શીખવનાર સાચા ઉલમા અને પીરો સાથે જોડાઈ પોતાની હલાલ કમાણીને શક્ય તા'લીમ માટે પેશ કરવાથી જ આજના ફિત્ના ભરેલા યુગમાં આપણા અને આપણી નવી પેઢીના ઈમાન તથા અમલની રક્ષા થઈ શકે છે, અને આ જ એક ગૌષ પાકના સાચા મુરીદનું કર્તવ્ય પણ છે.

## ★ તિજારતે ગૌષિયા ★

તિજારતે ગૌષિયા એટલે કે ગૌષ પાકના મુરીદનો વેપાર કયા આધારો પર હોવો જોઈએ અને કયા આધારો વેપાર માટે ખોટા છે, તે વિશે હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہના મુબારક કથનોની રોશનીમાં સમજીએ. એક સંબોધનમાં હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે :–

"જૂઠી ક઼સમ (ખાવા)થી બચો ! કેમ કે તે વસેલા ઘરોને વેરાન કરી દે છે, જૂઠી કસમના લીધે માલ અને દીનની બરકતો ખતમ થઈ જાય છે. તારા પર અફસોસ છે કે જૂઠી કસમ ખાઈને પોતાનો માલ વેચે છે અને પોતાના દીનનું નુકસાન ઉઠાવે છે, જો તારામાં બુદ્ધિ હોત તો તું સમજતો કે અસલ નુકસાન આ જ છે. તુ કહે છે, "ખુદાની ક઼સમ ! મારા માલ જેવો માલ આખા શહેરમાં નથી, ન કોઈને મળશે. ખુદાની ક઼સમ ! આટલી કિંમતનો છે અને મને આટલામાં પડયો છે." જ્યારે કે તું પોતાની બધી વાતોમાં જૂઠો છે, વળી તેના પર જૂઠો ગવાહ પણ લઈ આવે છે અને ખુદાની કસમ ખાઈને કહે છે કે હું સાચો છું, જલ્દી જ તારા પર મુસીબત આવશે. તું આંધળો અને લૂલો થઈ જાય, અલ્લાહ તારા પર રહમ કરે. અલ્લાહની બારગાહનો અદબ જાળવી રાખ, જેણે શરઈ હુકમોથી અદબ ન શીખ્યો ક઼યામતના દિવસે દોઝખની આગ તેને અદબ શીખવડાશે." *(ફ઼ુયૂઝે ગૌષે યઝદાની–૧૨૬)*

કોઈ કહી શકે ખરું કે હજાર વર્ષ પહેલાં પીર, મુરીદ વચ્ચે થયેલો આ સંવાદ છે ? એવું જ લાગે છે જાણે વેપાર, ધંધો કરનાર કોઈ ક઼ાદરી મુરીદ સામે ગૌષ પાક رضی اللہ عنہની મુબારક રૂહ પ્રગટ થઈ છે અને તેને પ્રેમથી દુનિયા અને આખેરતની કામયાબીનો માર્ગ દર્શાવી રહી છે. આપણા માટે ચિંતાજનક વાત એ છે કે આજના સમયમાં જ્યારે કે જાત જાતના હરામ કારોબાર અનેક પ્રકારના સુંદર પેકેજમાં પ્રચારિત અને પ્રસારિત કરવામાં આવી રહ્યા છે, આવા સમયે શું આપણે એટલે કે ગૌષ પાકના મુરીદો અને તેમના ચાહનારા "તિજારતે ગૌષિયા"ના સોના કરતાં પીળા નિયમોનું પાલન કરી હલાલ કમાઈની બરકતો પ્રાપ્ત કરવામાં સફળ થઈ શકીશું કે પછી જૂઠ, ચોરી, દગાબાઝી અને બેઈમાનીથી આપણા કારોબારની પવિત્રતાનો જનાઝો કાઢી નાખીશું ? ગૌષ પાકના સાચા મુરીદ અને ચાહક માટે આ જ મોક઼ો છે હુઝૂર ગૌષ પાકની તા'લીમાતનું મહત્વ દુનિયા સામે લાવવાનો, તમે તિજારતે ગૌષિયાના સિદ્ધાંતો પર પાબંદીથી ચાલવાનું શરૂ કરી દો, દુનિયા જાતે જ તમારા વેપાર અને તમારા ધર્મથી પ્રેરિત થવાનું શરૂ કરી દેશે.

## ★ યુવાનો માટે ફિક્રે ગૌષિયા ★

વર્તમાન સમયના યુવાન માટે સૌથી મોટા બે

ચેલેંજ છે. એક છે પોતાની જહાલત દૂર કરવા માટે યોગ્ય અને સાચી તા'લીમ મેળવવાનો અને બીજો ચેલેંજ પણ ઘણો ગંભીર છે, આજે જ્યારે કે વાસના અને વ્યભિચાર, ગુનાહ તથા શરમને બદલે ફેશન તથા ફખ્રનો સબબ બની ગયાં છે, નગ્નતા અને બેહયાઈના આવા ખતરનાક યુગમાં પોતાની યુવાની અને પાકદામનીની રક્ષા કઈ રીતે કરવી. જ્યારે દરેક બાજુથી કુર્આન તથા હદીષની દા'વતના નામ પર ગુસ્તાખી અને બેઅદબી પર આધારિત લિટરેચર આવી રહ્યું હોય, અને દરેક દિશામાં વાસના ભડકાવનારી પ્રિન્ટેડ કે ઈલેક્ટ્રોનિક માહિતીનો ઢગલો વળેલો હોય, ત્યારે એક યુવાન માટે પોતાના ઉછરી રહેલા દિમાગ માટે યોગ્ય લિટરેચર અને શારીરિક જરૂરિયાત માટે યોગ્ય સંબંધ તરફ વળવું બહુ જરૂરી હોય છે. યુવાનોની બંને સમસ્યાઓનો હલ હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہની તા'લીમાતમાં સ્પષ્ટ રૂપે મળી આવે છે. મારા યુવાન વાંચકને આગ્રહ કરું છું કે નીચે મુજબના પવિત્ર કથનો વાંચી પોતાની યુવાનીને યોગ્ય માર્ગ તરફ લઈ જવાનો પ્રયત્ન કરે. કેમ કે આ જ ગૌષ પાક رضی اللہ عنہના સાચા મુરીદના પરિચયનો સૌથી મોટો માધ્યમ છે. ખરી તા'લીમ વિશે હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે :–

"બેટા ! તું જાહિલોની સાથે ઉઠે, બેસે છે, તેમની જહાલત તારા પર આડ અસર કરે છે. જાહિલની સંગત નુકસાન પહોંચાડનારી છે, ખોટ લાવનારી છે. ઈમાનવાળાઓ, યકીનવાળાઓ અને બાઅમલ આલિમોની સંગતમાં બેસ્યા કરો. ...... તેમની ઈબાદતો અને અલ્લાહની રાહમાં મહેનતોએ તેમને પોતાની ઈચ્છાઓ અને નફ્સ પર વર્ચસ્વ આપી દીધું છે. આ વર્ચસ્વના કારણે તે લોકો (માનસિક રીતે નેકીની રાહમાં) કેટલા મજબૂત થઈ ગયા છે, એટલા માટે જ રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, મો'મિનની ખુશી તેના ચહેરા પર ચમકે છે અને તેનું દુઃખ તેના દિલમાં છુપાયેલું હોય છે. આ મો'મિનની મહાનતા છે કે મખ્લૂકની સામે ખુશી વ્યક્ત કરે છે અને અલ્લાહની મહોબ્બતને દિલમાં છુપાવી રાખે છે." *(ફુયૂઝે ગૌષે યઝદાની–૯૬)*

આ છે સાચા ઈલ્મ તરફ જવાનો માર્ગ, હવે આવનારું કથન બીજી સમસ્યા માટે ટૂંકુંને ટચ અને તેના ફાયદા અપાર છે. આપ رضی اللہ عنہ ફર્માવે છે :–

"વાસનાની નજરે ન જુઓ કે વાસનાની નજર દિલમાં ગુનાહનું બીજ વાવે છે, આવી નજરવાળાનું પરિણામ દુનિયામાં પણ સારું નથી અને આખેરતમાં પણ સારું નથી."

યુવાન મિત્રો ! બે શબ્દોનો આ મંત્ર લ્યો અને યુવાનીના વાસનામય પુલ પરથી આંખો બંધ કરીને પસાર થઈ જાવ. એ પણ યાદ રહે કે આ મંત્ર યુવતિઓ માટે પણ એટલો જ લાભદાયક છે જેટલો કે યુવાનો માટે છે. ખરેખર ગૌષ પાકની તા'લીમાતનો એક એક શબ્દ યુવાનીના ઉમંગોના રક્ષાકવચ સમાન છે.

## ★ દૌલતે ગૌષિયા ★

વર્તમાન યુગમાં જો કે ગરીબ પણ ગુનાહોની તરફ આકર્ષિત થઈ રહ્યો છે, પણ અમીરોનો ગુનાહોના રવાડે ચઢવાનો નશો જ કાંઈ અલગ છે. દુનિયાના કામોમાં ગુનાહો માટે પાણીની જેમ વેડફાતો પૈસો હાથનો મેલ ગણીને ભૂલી જવાનો અને દીનના કામ માટે કે બાળકોની દીની તા'લીમ માટે કે લાભદાયક દીની પુસ્તકોના પ્રકાશન માટે કે સામાજિક કાર્યોમાં કૌમની ભલાઈ માટે, લિમિટેડ પૈસા આપવાની વાત આવે તો ધંધામાં મંદીથી લઈને આ વર્ષની ઝકાત કાઢી નાખી છે... સુધીની યાદ આવી જાય. દીનની રાહમાં દરેક સામાજિક કે ધાર્મિક સારા કામો માટે દાન કરવું કેવી સદ્નસીબીની વાત છે અને

કંજૂસ બની પૈસા સાચવી રાખવા કેટલુ દુર્ભાગ્યપૂર્ણ છે, આવો તેની માહિતી ગ़ૌષે પાકની તા'લીમાતની રોશનીમાં મેળવીએ. આ વિશે એક સંબોધનમાં હુઝૂર ગ़ૌષે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે :–

"હઝરત ઈસા علیہ السلامથી રિવાયત છે કે તેમણે **શૈતાનને પૂછયું, મખ્લૂક઼માં તારો સૌથી પ્રિય વ્યક્તિ કોણ છે ? તેણે કહ્યું, તે ઈમાનવાળો જે કંજૂસ હોય.** તેમણે પૂછયું, તારા માટે સૌથી ખરાબ વ્યક્તિ કોણ છે ? તેણે કહ્યું, ફાસિક સખી. હઝરત ઈસા علیہ السلامએ પૂછયું, આવું કેમ ?! તેણે જવાબ આપ્યો, ઈમાનવાળા કંજૂસથી મને આશા છે કે એક દિવસે તેની કંજૂસાઈ તેને ગુનાહમાં સપડાવી દેશે અને સખી ફાસિક પ્રત્યે ભય છે કે ક્યાંક તેની સખાવતોના લીધે તેના ગુનાહ બખ્શી દેવામાં ન આવે.

તું દુનિયામાં દુનિયા કમાવવા માટે વ્યસ્ત ન થા, કમાવવાનું જાઈઝ એટલા માટે રાખવામાં આવ્યું છે કે તેના વડે અલ્લાહની ઈબાદતમાં મદદ મેળવી શકાય, તમારો હાલ એ છે કે કમાઈને ગુનાહનાં કામોમાં નાખો છો, નમાઝ અને નેકીના કામો ભૂલી જાવ છો, ઝકાતના નથી કાઢતા, એ હિસાબે તો તમે (કમાણી દરમિયાન) ઈબાદતને બદલે ગુનાહમાં લાગેલા રહ્યા." *(ફયૂઝે ગ़ૌષે યઝદાની–૨૧૩)*

હવે વિચારો ! કોઈ ગ़ૌષ પાકનો ચાહક એ વાત પસંદ કરશે કે તે શૈતાનનો સૌથી પ્રિય વ્યક્તિ બની જાય ? કદાપિ નહીં ! જે રીતે કુર્આનની રોશનીમાં ગુનાહોના કામોમાં ખર્ચા કરી, ફુઝૂલખર્ચી કરનારા શૈતાનના ભાઈ છે તે જ રીતે ગ़ૌષે આ'ઝમના ફર્માનની રોશનીમાં નેકીના કામોમાં અલ્લાહની આપેલી દૌલત ન વાપરનારા શૈતાનના પ્રિય બંધુ છે. હા ! જો કોઈની ક઼બ્રમાં લાકડાના બરઘાની જગ્યાએ નોટોની પોટલીઓ વાપરવાની હોય તો તેણે ધન સંગ્રહાલયનું નિર્માણ કરવું જોઈએ. અને જો એવું શક્ય ન હોય તો પછી અલ્લાહની આપેલી દૌલત અલ્લાહની રાહમાં ખર્ચ કરી ક઼બ્રમાં સવાબના ટોપલા અગાઉથી મોકલવાની શરૂઆત કરી દેવી જોઈએ.

## ★ સબ્ર અને શુક્રનો નિયમ ★

બેસબ્રી અને અધૈર્યનું જ પરિણામ છે કે વર્તમાન સમયમાં આત્મહત્યાનો ગ્રાફ દિવસે દિવસે ઊંચે ચઢી રહ્યો છે. આફ્રિકાના ગરીબ દેશોથી લઈ ભારત જેવા મધ્યમ કક્ષાના અને અમેરિકા જેવા વિકાશીલ દેશ સુધી દરેક જગ્યાએ યુવાનોનું અધૈર્ય તેમના જીવનને જોખમમાં નાખી રહ્યું છે. આજનો માણસ ન પામવાના શોકમાં પામવાનો આનંદ માણવાનું ભૂલી ગયો છે, મળેલી નેઅમતો પર શુક્ર કરવાનો સમય નથી અને ન પૂરી થનારી ઈચ્છાઓ પર સબ્ર કરવાની હિમ્મત પણ નથી, પરિણામ એ છે કે સબ્ર અને શુક્ર વગરની આજની દુનિયા નિરાશા, હતાશા અને નાક઼દ્રીનો ગોળો બનીને રહી ગઈ છે. નિરાશાના આવા યુગમાં આશાની જ્યોત જગાડનારું ફર્માન હુઝૂર ગ़ૌષે આ'ઝમ رضی اللہ عنہના મોંઢેથી સાંભળો, લગભગ હજાર વર્ષ પહેલાં સંબોધાયેલ સભાની આ વાતોના ખરા મુખાતબ (સંબોધનને પાત્ર) તો આપણે જ છીએ.

"હે લોકો ! સબ્રથી કામ લો, દુનિયાની જિંદગી આફતો અને મુસીબતોથી ભરેલી છે, કદાચ જ કોઈ તેનાથી બચ્યું હોય. દુનિયાની કોઈ નેઅમત એવી નથી જેની સાથે મુસીબત અને શોક ન હોય, અહીં કોઈ ખુશી એવી નથી જેની સાથે દુઃખ ન હોય, અહીં કોઈ વિસ્તરણ એવું નથી જેમાં સાંકડાપણુ ન હોય. શરીઅતની હદમાં રહીને દુનિયામાંથી પોતાના નસીબનું લખેલું લેતા રહો, ખરી વાત તો એ છે કે દુનિયાની લજ્જતોથી જે બીમારી પેદા થઈ તેનો ઈલાજ શરીઅત જ છે." *(ફયૂઝે ગ़ૌષે યઝ઼દાની, ૧૦૨)*

બીજા એક સંબોધનમાં ફર્માવે છે :–

"નેઅમતો પર શુક્ર ન કરવો તારા દીન માટે ઝેર સમાન છે. શુક્ર કરવાનું છોડી આપવા પર અલ્લાહ તબારક વ તઆલા જલ્દી જ તને મોહતાજ કરી દેશે, તું લોકો સામે હાથ લાંબો કરીશ અને તેમના દિલમાંથી તારા માટે નરમી કાઢી નાખીને તને સજા આપશે."

*(ફયૂઝે ગૌષે યઝ્દાની–૨૩૯)*

એકબીજા સંબોધનમાં ફર્માવે છે :–

"હે લોકો ! દુનિયા ખતમ થવા આવી છે, ઉંમર પૂરી થઈ રહી છે, આખેરતનો દિવસ નજીક છે. તમને એની કોઈ ફિક્ર નથી, તમારું બધું ધ્યાન દુનિયા કમાવવા અને દુનિયા જમા કરવામાં છે. તમે અલ્લાહની નેઅમતોના દુશ્મન છો, જો તેની તરફથી કોઈ તકલીફ આવે તો જાહેર કરો છો, અને જ્યારે તેની તરફથી તમને કોઈ ભલાઈ મળે છે તો તેને છુપાવો છો, જ્યારે તમે એની નેઅમત છુપાવશો અને તેનો શુક્ર અદા નહીં કરો તો તે તમારી પાસેથી નેઅમતો પાછી લઈ લેશે. રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

અલ્લાહ તઆલા પોતાના બંદાને જ્યારે નેઅમત અતા કરે છે તો પસંદ ફર્માવે છે કે બંદો તેને જાહેર કરે." *(ફયૂઝે ગૌષે યઝ્દાની–૨૧૮)*

## ★ જાતે જ અંદાજો લગાડો ★

અંતમાં અમે કોઈપણ જાતની ટિપ્પણી વિના માત્ર હુઝૂર ગૌષ પાક رضی اللہ عنہના અમુક કથનોનું વર્ણન કરી વાત પૂરી કરીશું. વર્તમાન સમયમાં આ કથનોનું મહત્વ જાણવાની જવાબદારી અમે વાંચક મિત્રોના ખભે મૂકીએ છીએ, જેથી વાત બહુ લાંબી ન થાય અને પયગામ પણ પહોંચી જાય.

"હે બેટા ! તું પોતે જ પોતાની જાતને નસીહત કર, મારો અથવા કોઈ બીજાનો મોહતાજ ન બન. મારી નસીહત તારા જાહેર પર અને તારી પોતાની નસીહત તારા બાતિન પર અસર કરે છે. ............તમારામાંથી જ્યારે કોઈ મારા હાથ પર કામયાબ થાય છે તો હું તેનાથી અત્યંત ખુશ થાઉં છું, અને જ્યારે કોઈને નસીહત કરું અને તે ન માને તો તેના કારણે બહું દુઃખી થાઉં છું. ઈમાનવાળો મારી નજીક થાય છે અને મુનાફિક઼ મારાથી દૂર ભાગે છે."

*(ફયૂઝે ગૌષે યઝ્દાની–૩૫૯)*

"હે અમલમાં આળસ કરનારાઓ તમને જરાય શરમ નથી આવતી ! રાત, દિવસ બેકારની વાતોમાં લાગેલા રહો છો, અમલમાં આળસ કરવા છતાં અલ્લાહની નેઅમતોની ઈચ્છા રાખો છો. સારા અને નેક અમલ વધુમાં વધુ કરો જેથી તમારા નફ્સને એની આદત પડે, શરૂઆતમાં દરેક નવા કામમાં થોડી ગભરામણ થાય છે, છેવટે તમે સાફ અને સાચા અમલ કરનારા બની જશો અને (ગુનાહોની) બધી ગંદકી દૂર થઈ જશે."

"હે લોકો ! અલ્લાહના વલીઓના રસ્તા પર ચાલો, તમારો મકસદ ફક્ત ખાવા, પીવા, પહેરવા, નિકાહ કરવા અને દુનિયા ભેગી કરવાનો ન હોવો જોઈએ, આ બહુ તુચ્છ અને બેકાર મક઼સદ છે. અલ્લાહવાળાઓનો મક઼સદ ઈબાદત અને દુનિયાથી દૂર રહેવાનો હોય છે. અલ્લાહનો દરવાજો તલાશ કરો અને ત્યાં જ પડાવ નાખી દો, આફતોના ડરથી તેનો દરવાજો ન છોડો, તે મુસીબત, આફત, બીમારી અને તકલીફ મોકલીને તમને સાવચેત કરે છે કે તમે તેની તલબમાં લાગેલા રહો અને તેનો દરવાજો ન છોડો ! તેમના જેવા ન બનો જે પાગલ થઈ ગયા છે અને નથી જાણતા કે અલ્લાહ તેમનાથી શું ચાહે છે ?! તેની ઈબાદત કરો અને ઈબાદતમાં ઈખ્લાસ પેદા કરો. શું તમે અલ્લાહ તઆલાનો ઈર્શાદ નથી સાંભળ્યો કે;

وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْاِنْسَ اِلَّا لِيَعْبُدُوْنِ۝

"મેં જિન્નતો અને માણસોને ઈબાદત માટે જ પેદા કર્યા છે." *(સૂરએ ઝારિયાત, આ. ૫૬)*

# કરજ
## લેવડ દેવડની
# સુન્નતો તથા નિયમો

કાર્યાલય

*આજકાલ કરજ બાબતે લોકો તદ્દન બેપરવા બની રહ્યા છે અને જરૂરતથી કે વિના જરૂરતે કે આંધળાં સાહસો કરવા કરજો લે છે, અને પછી કરજ આપનારને રીબાવે છે, કરજ પરત નથી કરતા અને જૂઠા વાયદા કર્યા કરી જાણે ખેલ કરે છે. તો સાચે જ ઈમાનવાળા છો તો કરજ વિશે આ ઈસ્લામી આદેશો વાંચો અને તેના પર અમલ કરવા કોશિશ કરો. –તંત્રી*

### ★ કરજ આપવાની ફઝીલત ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર તાજદારે મદીના ﷺએ ફર્માવ્યું કે, "દરેક કરજ (ઉધાર આપવું) સદકો છે."

*(અત્તરગીબ વત્તરહીબ)*

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! કેટલી સારી વાત છે કે ખુશ હાલ (પૈસે ટકે સુખી) માણસ ગરીબને ઉધાર ઉછીના આપે અને તે સવાબનું કામ છે, અને અલ્લાહ તઆલાથી તેનો બદલો પામશે. તે એટલા માટે કે તેણે ગરીબની મુશ્કેલી આસાન કરી આપી. અલ્લાહ તઆલા ઉછીના આપનારની મુશ્કેલીને કયામતના દિવસે આસાન ફર્માવશે.

હુઝૂર તાજદારે મદીના ﷺનું આલીશાન ફર્માન છે કે, મેં જન્નતના દરવાજા પર લખેલું જોયું કે સદકાનો દરેક દિરહમ દસ દિરહમ બરાબર છે. એનો મતલબ એ છે કે કરજ (ઉછીના, ઉધાર) કેવળ જરૂરતવાળો જ લે છે અને સદકામાં એ ધારણા મૌજૂદ છે કે કદાચ મોહતાજના બદલે ગૈર મોહતાજને પહોંચી જાય. *(કિમીયાએ સઆદત)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, જે મુસલમાન કોઈ મુસલમાનને એકવાર કરજ આપશે તો તેને એટલો સવાબ મળશે જેમ કે તેણે બે વાર એટલી રકમ અલ્લાહ તઆલાની રાહમાં આપી. *(ઈબ્ને માજહ)*

### ★ કરજદારનો તોહફો (ભેટ) ન લો ! ★

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, "જ્યારે એક માણસ બીજાને કરજ આપે તો તેનો હદિયો (તોહફો) ન સ્વીકારે." *(બુખારી)*

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે તાજદારે મદીના ﷺએ ફર્માવ્યું, "જ્યારે કોઈ કરજ (ઉધાર) આપે અને તેની પાસે તે (કોઈક) ભેટ ધરે તો કબૂલ ન કરે અને પોતાની સવારી પર સવાર કરે તો સવાર ન થાય. હા ! જો પહેલાંથી તે બંને જણ વચ્ચે (ભેટ વગેરેની લેણદેણ વહેવાર સંબંધ) ચાલુ હોય તો વાંધો નથી." *(ઈબ્ને માજહ)*

### ★ ઈમામે આ'ઝમ رضی اللہ عنہનો તકવો ★

હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ એક જનાઝાની નમાઝ પઢવા માટે તશરીફ લઈ ગયા. ખૂબ સખત તાપ પડી રહ્યો હતો અને ત્યાં કોઈ છાંયડો ન હતો. નજીક જ એક શખ્સનું મકાન હતું. તે મકાનની દીવાલનો છાંયડો જોઈને લોકોએ અર્ઝ કરી કે, હુઝૂર ! આપ આ છાયડામાં ઉભા થઈ જાવ, તો હઝરતે ફર્માવ્યું કે, આ મકાનનો જે માલિક છે તે મારો કરજદાર છે અને જો મેં તેની દીવાલથી કાંઈ ફાયદો ઉઠાવ્યો તો હું ડરું છું કે અલ્લાહ તઆલાની નજીક ક્યાંક વ્યાજ લેનારાઓમાં ન ગણાઈ જાઉં ! કેમ કે સરવરે આલમ ﷺએ ફર્માવ્યું છે કે, જે કરજથી કાંઈક નફો લેવામાં આવે તે વ્યાજ છે. જેથી આપ તડકામાં જ ઊભા રહ્યા. *(તઝકેરતુલ ઔલિયા)*

અલ્લાહુ અકબર ! આ આપણા ઈમામે આ'ઝમ رضی اللہ عنہનો તકવો હતો. દીનના બુઝુર્ગોના દિલોમાં

અલ્લાહ તઆલાનો ખૌફ દાબી દાબીને ભરેલો હોય છે એટલા માટે આ મુક઼દ્દસ હઝરાત ડગલ ને પગલે અલ્લાહ તઆલાથી ડરતા રહે છે.

### ★ કરજદાર પાસેથી હદિયો ક઼બૂલ કરવાની વિગત ★

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! જેના પર કરજ છે તેણે કરજ (ઉધાર ઉછીના) આપનારને કાંઈક ભેટ ધરી તો લેવામાં કાંઈ વાંધો નથી, જ્યારે કે ભેટ ઉછીના આપવાના લીધે ન હોય બલ્કે એ કારણે હોય કે બંને નિકટતા અને મિત્રતા છે. અથવા તેની આદતમાં જ સખાવત છે કે લોકોને હદિયો (ભેટ) આપ્યા કરે છે. અને જો કરજના લીધે હદિયો આપે છે તો તેને લેવાથી બચવું જોઈએ, અને જો એ ખબર ન પડે કે કરજના લીધે છે કે નહીં તો પણ પરહેઝ કરવું જોઈએ. હા ! જ્યાં સુધી એ વાત સ્પષ્ટ ન થઈ જાય કે કરજના લીધે છે તો ત્યાં સુધી ક઼બૂલ કરવામાં વાંધો નથી, અને જો કરજના લીધે છે અથવા તો જાણ ન થાય તો બચવું જોઈએ. એને એ રીતે સમજવું જોઈએ કે કરજ આપ્યું ન હતું તો પણ દા'વત કરતો હતો તો જણાયું કે દા'વત કરજના આપવાના લીધે નથી, અને જો પહેલાં કરતો ન હતો અને હવે કરે અથવા પહેલાં મહિનામાં એકવાર કરતો હતો અને હવે બબ્બે વાર કરવા લાગ્યો અથવા ઝિયાફતનો સામાન અગાઉ કરતાં વધારી આપ્યો છે તો જણાયું કે કરજના લીધે છે જેથી તેનાથી બચવું જોઈએ.

### ★ કરજ અદા કરીને આભાર પણ માનો ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબૂ રબીઅહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે, હુઝૂરે અક઼દસ ﷺએ કરજ લીધું હતું. જ્યારે હુઝૂર ﷺની પાસે માલ આવ્યો (અને કરજ) અદા ફર્માવી દીધું અને દુઆ કરી કે, અલ્લાહ તઆલા તારા એહલો અયાલ (બાળબચ્ચાં)માં બરકત આપે. અને ફર્માવ્યું કે, કરજનો બદલો શુક્રિયા (આભાર માનવું) છે અને અદા કરી દેવું. *(નિસાઈ)*

એ જ પ્રમાણે જ્યારે કોઈ એહસાન કરે તો તેનો આભાર માનવો જોઈએ. **સરકારે મદીના** علیہ الصلوٰۃ والسلام **નાની નાની બાબતોમાં લોકોનો આભાર માનતા હતા.** કેટલીક રિવાયતમાં એ પણ છે કે જ્યારે આપના પર કોઈ એહસાન કરતું (બલ્કે આ તો સરકાર علیہ الصلوٰۃ والسلامનું એહસાન છે કે કોઈને ખિદમત કરવાનો મોક઼ો ઈનાયત ફર્માવે) તો આપ આ પ્રમાણે દુઆ આપતા હતા કે, જઝાકલ્લાહુ ખૈરા. (અલ્લાહ તઆલા તને બેહતરીન બદલો આપે.)

### ★ ક઼યામતના ગમથી બચવા માટે ★

હુઝૂર તાજદારે દો આલમ ﷺનું ફર્માને આલીશાન છે કે, જે વ્યક્તિને એ વાત પસંદ હોય કે અલ્લાહ તઆલા તેને ક઼યામતના દિવસે ગમ અને ગુંગળામણથી બચાવે તો તેણે જોઈએ કે તંગદસ્ત (ગરીબ) કરજદારને મોહલત આપે અથવા કરજનો બોજ તેના પરથી ઉતારી નાખે. (એટલે કે માફ઼ કરી આપે.) *(મુસ્લિમ)*

### ★ ઈમામે આ'ઝમ رضی اللہ عنہનો કરમ ★

હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہની આદતે કરીમા હતા કે, સવાબ મેળવવા કાજે પુષ્કળ પ્રમાણમાં લોકોને કરજ (ઉછીના) આપ્યા કરતા હતા. અને આપના કરજદારો સાથે આપનો સદ્વર્તાવ પણ અજોડ હતો. આ સદ્વર્તાવની એક રોશન દાસ્તાન વાંચો.

હઝરત શફીક઼ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, હું હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہની સાથે જઈ રહ્યો હતો તેવામાં એક શખ્સે આપને જોયા અને સંતાઈ ગયો અને બીજો માર્ગ અપનાવ્યો. તો આપે તેને બૂમ પાડી જેથી તે આવ્યો તો આપે તેને પૂછયું કે, તેં રસ્તો શા માટે બદલ્યો ? અને શા માટે છુપાઈ ગયો ?! તો તેણે કહ્યું કે, હું આપનો કરજદાર છું, મારે દસ હજાર દિરહમ તમને આપવાના છે જેને ઘણો સમય વહી ગયો છે અને હું તંગદસ્ત (નાણા ભીડમાં) છું જેથી

આપથી શરમાઉં છું. આપે ફર્માવ્યું કે, સુબ્હાનલ્લાહ ! મારા કારણે તમારી આ હાલત છે ? જાવ ! મેં તમામ કરજ તમને માફ કરી દીધું અને મેં પોતે પોતાને મારા નફ્સ પર ગવાહ બનાવ્યો તો હવે પછી મારાથી છુપાશે નહીં, અને જે ડર મારા લીધે તમારા દિલમાં ઉદ્ભવ્યો તે બદલ મને માફ કરી આપો !!

*(જવાહિરુલ બયાન)*

## ★ કરજ ખૂબ જ મોટો બોજ છે !

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ફર્માવે છે કે, નબી કરીમ ﷺની ખિદમતમાં નમાઝ પઢાવવા માટે જનાઝો લાવવામાં આવ્યો તો હુઝૂર સૈયદે આલમ ﷺએ પૂછયું, આ મરનાર પર કોઈ કરજ તો નથી ? તો અર્ઝ કરવામાં આવ્યું કે, હા ! તેના પર કરજ (દેવું) છે. હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું કે, તેણે કાંઈક માલ પણ છોડયો છે જેના થકી એ કરજ અદા થઈ શકે ? તો અર્ઝ કરવામાં આવી કે, નહીં ! તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું કે, **તમે લોકો તેની જનાઝાની નમાઝ પઢી લો (હું પઢીશ નહીં).** હઝરત મૌલા અલી کرم اللہ وجہہ الکریم એ એ અર્ઝ કરી, કે, યા રસૂલલ્લાહ ! ﷺ હું તેના કરજને અદા કરવાની જવાબદારી લઉં છું. તો હુઝૂર ﷺ આગળ વધ્યા અને નમાઝે જનાઝા પઢાવી. અને ફર્માવ્યું કે, હે અલી ! (کرم اللہ وجہہ الکریم) અલ્લાહ તઆલા તને આગથી બચાવે અને તારી જાન છૂટકારો પામે જેવી રીતે કે તેં તારા મુસલમાન ભાઈના કરજની જિમ્મેદારી લઈને તેની જાન છોડાવી. કોઈપણ મુસલમાન એવો નથી જે પોતાના ભાઈ તરફથી તેનું કરજ અદા કરે પણ એ કે, અલ્લાહ તઆલા કયામતના દિવસે તેને છૂટકારો (નજાત) અતા કરશે.

*(શર્હુસ્સુન્નહ્)*

હુઝૂર તાજદારે મદીના ﷺનું આલીશાન ફર્માન છે કે, **જે લોકોનો માલ કરજરૂપે લે અને તે તેને અદા કરવાની નિય્યત રાખે છે તો અલ્લાહ તઆલા તેના તરફથી અદા કરી આપશે, અને જે શખ્સે કરજ રૂપે માલ લીધો અને અદા કરવાની નિય્યત નથી ધરાવતો તો અલ્લાહ તઆલા તે શખ્સને તે કારણને લીધે તબાહ કરી દેશે.** *(બુખારી)*

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! ઉપરોક્ત ત્રણ હદીષો કરજ અદા કરવાની એહમિયત (મહત્વ)ની ખૂબ જ સ્પષ્ટતા કરે છે. **જે શખ્સે પોતાના પ્રાણ સુદ્ધાં અલ્લાહ તઆલાના માર્ગમાં કુર્બાન કર્યા તેના ઉપર પણ કોઈકનું દેવું છે અને તે અદા કરીને નથી આવ્યો તો તે માફ થશે નહીં, કેમ કે તે બંદાઓના હક્કો સાથે સંબંધ ધરાવે છે, જ્યાં સુધી લેણદાર માફ ન કરે ત્યાં સુધી અલ્લાહ તઆલા પણ માફ કરશે નહીં.** જો માણસ આપવાની નિય્યત ધરાવતો હોય પણ અદા ન કરી શકે અને મૃત્યુ પામે તો કયામતના દિવસે અલ્લાહ તઆલા હક્કદાર (લેણદાર)ને બોલાવશે અને માફ કરવા માટે તેને કહેશે અને તેના બદલામાં તેને જન્નતની નેઅમતોનો વાયદો ફર્માવશે. તો લેણદાર (હક્કદાર) પોતાનો હક્ક માફ કરી આપશે. પરંતુ જો કોઈકે શક્તિ ધરાવવા છતાં અદા ન કરી અને હક્કવાળાને તેનો હક્ક પાછો ન વાળ્યો અથવા દુનિયામાં તેને માફ ન કરાવ્યું તો હક્કવાળાને કરજદારની નેકીઓ આપવામાં આવશે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફતાવા રઝવિય્યહ્માં ફર્માવે છે કે, **"જેણે દુનિયામાં કોઈકના ત્રણ પૈસા કરજ દબાવ્યું તો કાલે કયામતના દિવસે ત્રણ પૈસાના બદલામાં ૭૦૦ (સાતસો) બાજમાઅત નમાઝો આપવી પડશે."**

**પ્યારા ભાઈઓ ! ત્રણ પૈસાનો આ હાલ છે તો અહીં તો લાખો રૂપિયા લોકોના દબાવવામાં આવે છે તો હશ્રમાં શું થશે ? જો નેકીઓ આપતાં પણ હક્ક પૂરો થશે નહીં તો લેખદારના**

**ગુનાહ કરજદારને આપી દેવામાં આવશે.** આ પ્રમાણે તમામ હુકૂકુલ એબાદ (બંદાઓના હક્કો)ના મામલામાં થશે. પણ અલ્લાહ ﷻ જેના માટે ચાહશે પોતાનો ફઝ્લ કરમ ફર્માવશે અને જાલિમ તથા મઝલૂમના વચ્ચે સુલહ ફર્માવી દેશે.

## ★ કરજની અદાયગીમાં વિના કારણે વિલંબ ગુનોહ છે ★

હુજ્જતુલ ઈસ્લામ હઝરત સૈયદોના ઈમામ ગઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે. હદીષ શરીફમાં છે કે, **"જે શખ્સ કરજ લે છે અને એ નિય્યત કરે છે કે હું સારી રીતે અદા કરીશ તો અલ્લાહ તઆલા તેના માટે કેટલાક ફરિશ્તા નિશ્ચિત કરે છે જેઓ તેનું રક્ષણ કરતા રહે છે, અને દુઆ કરે છે કે તેનું કર્ઝ અદા થઈ જાય.** અને જો કરજદાર કરજ અદા કરી શક્તો હોય તો લેણદેણની મરજી વિરુદ્ધ એક પળ માટેના વિલંબથી તે ગુનેહગાર થશે અને જાલિમ ઠરશે, **ચાહે રોઝાની હાલતમાં હોય કે નમાઝની હાલતમાં અથવા ઊંઘ લઈ રહ્યો હોય (દરેક પળે) તેના માટે ગુનાહો લખાતા રહેશે. અને દરેક સ્થિતિમાં અલ્લાહ તઆલાની લા'નત તેના પર પડતી રહેશે.** અને આ એવો ગુનોહ છે કે ઊંઘની હાલતમાં પણ સાથે રહે છે. **અને અદા કરવાની શક્તિની એ શરત નથી કે રોકડા રૂપિયા જ હોય બલ્કે કોઈ ચીજ જે વેચીને અદા કરી શકે છે છતાં વેચીને અદા નથી કરતો તો ગુનેહગાર થશે.** અને જો ખરાબ રૂપિયા પૈસા (રદ્દી) અથવા કરજના બદલામાં એવી ચીજ જે લેણદારને નાપસંદ હોય તો પણ આપનાર ગુનેહગાર થશે અને જ્યાં સુધી તેને રાજી કરશે નહીં આ ગુનાહથી છૂટકારો પામશે નહીં, કેમ કે તેનું આ કૃત્ય કબીરા ગુનાહોમાંથી છે પણ લોકો તેને રમત સમજે છે.

*(કિમીયાએ સઆદત)*

**અફસોસ ! આજકાલ લોકોને કરજ (ઉધાર) લેવું હોય તો ખુશામદ કરીને, જૂઠા વાયદા કરીને ઉધાર, ઉછીના મેળવી લે છે પણ પાછા વાળવાનું નામ પણ નથી લેતા.** એવું હોવું જોઈતુ હતું કે આભારસહ્ જલ્દીથી કરજ અદા કરી આપવામાં આવે તેના બદલે લેણદારને ખૂબ જ ધક્કા ખવડાવવામાં આવે છે. આ ઘણી જ બુરી વાત છે અને સખતમાં સખત ગુનોહ છે.

## ★ કરજની અદાયગીમાં આનાકાની કરવી જુલ્મ છે ★

હુઝૂર તાજદારે મદીના علیہ الصلوٰۃ والسلامનું આલીશાન ફર્માન છે કે, માલદાર કરજદાર (એટલે કે જે અદા કરવા પર શક્તિમાન હોય)નું કરજ અદા કરવામાં આનાકાની કરવું જુલ્મ છે અને જો કરજદાર કહે કે તમે તમારું કરજ ફલાણા (ખુશહાલ) સાધન સંપન્ન માલદાર આદમી પાસેથી લઈ લો તો ફોગટમાં કરજદારના માથા પર સવાર રહેવું ન જોઈએ અને તેની એ વાત માની લેવામાં આવે અને જેનો તેણે હવાલો આપ્યો છે તેની પાસેથી જઈને લઈ લે.

*(બુખારી તથા મુસ્લિમ)*

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! જો કોઈ માણસની પાસે કરજ અદા કરવા માટે કાંઈ નથી અને તે કહે છે કે જાવ ફલાણી વ્યક્તિ પાસેથી લઈ લો અને મારી અને તેની વચ્ચે વાતચીત થઈ ચૂકી છે, તે અદા કરવા માટે રાજી છે તો લેણદારે એવું કહેવું ન જોઈએ કે, નહીં ! હું તો તારી પાસેથી જ લઈશ, હું બીજાને ન ઓળખું ! બલ્કે તેની સાથે નમ્ર વહેવાર કરે અને જેનો તે હવાલો આપે છે તેની પાસેથી વસૂલ કરે.

હે અમારા પ્યારા ! અલ્લાહ ﷻ અમને વિશાળ દિલની સાથે સવાબની નિય્યત સાથે હાજતમંદોને કરજ આપવા અને કરજદાર સાથે નમ્રતાપૂર્વક વર્તવા અને અમારા પર આવતુ કરજ પ્રમાણિકપણે અદા કરવાની તૌફીક્ અતા ફર્માવે. (આમીન)

# હું હવે સોફિયા નથી, હું મરયમ છું

કાર્યાલય

કાર્ટૂન વિવાદને લઈને ફ્રાન્સમાં ખરાબ સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે, કારણ કે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન દ્વારા આ વર્ષે નાતાલ સુધીમાં ફ્રાન્સમાં સૂચિત કાયદાની સખ્તાઈનો પ્રચાર કરવાની દિશામાં 'તાકાત બતાવી' હોવાને કારણે, જેને ૧૯૦૫ના ફ્રેન્ચ કાયદાના આધારે ચર્ચ અને રાજ્યને અલગ પાડવાનો અર્થ છે, પરંતુ હકીકતમાં, આ કાયદો મુસ્લિમો સામે ઘડવામાં આવ્યો છે, જેઓ એકંદરે ફ્રેન્ચ વસ્તીમાં ૧૦% કરતાં વધારે છે.

મેક્રોનને પણ એક હકીકત દ્વારા વ્યક્તિગત રૂપે આભિવ્યક્ત થવું પડયું હતું, અલ ખલીઝ ટુડેના જણાવ્યા મુજબ, જ્યારે સોફિયા માલીથી ચાર વર્ષની કેદ પછી પાછી ફરી, ત્યારે માલિયન વિપક્ષી નેતા સૌમૈલા સિઝ અને બે ઈટાલિયન નાગરિકો, ફાધર પિઅરલીગિ મેકકાલી અને નિકોલા ચિઆચિઓ સાથે હતા અને મેક્રોને તેમને આવકાર્યા ત્યારે તેણીએ તેમને જણાવ્યું કે તેણીએ ઈસ્લામ સ્વીકારી લીધો છે અને તેનું નામ મરયમ છે જે ખ્રિસ્તી સંબંધમાં મેરી છે અને તે હવે અલ્લાહને, માલીમાં અનાથ અને બાળકો માટે તેના આશીર્વાદ મેળવવા માટે દુઆ કરશે. જો તેણીએ ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો ન હોત તો તેણીએ પરોપકારી કાર્ય માટે ફરીથી માલી જવાનો સંકેત આપ્યો ન હોત, જેની તેના ત્રણ સાથીઓમાંથી કોઈએ જાહેરાત કરી ન હતી. વ્યંગની વાત એ છે કે મેક્રોને પહેલેથી જ ૨ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ સંકેત આપ્યો હતો કે ઈસ્લામ કટોકટીમાં છે, જેનો ખરેખર અર્થ હતો કે શાળાકીય શિક્ષણ પર નિરીક્ષણ અને મસ્જિદોના વિદેશી ભંડોળ પર નિયંત્રણની જરૂર છે. મેક્રોને ઈસ્લામવાદી અલગતાને પણ વખોડી કાઢી હતી, જે પ્રતિ સમાજ બનાવવાની ઈચ્છા રાખે છે અને તેમના પોતાના (ઈસ્લામિક) કાયદાઓને અન્ય લોકો કરતાં ઉપર માને છે. મેક્રોને તેની ચૂંટણીના ૧૮ મહિના પહેલાં ફ્રાન્સમાં એક નવો કાયદો લાવવામાં આવશે, જે શિક્ષણ (મુસ્લિમોના) અને મુસ્લિમો દ્વારા ધર્મપ્રચાર પર પણ નજર રાખશે અને ધાર્મિક ચિન્હો (હિજાબ) પહેરવા પર પણ પ્રતિબંધ મૂકશે તેવું જાહેર કર્યું હતું અને ફ્રાન્સ સરકાર પાસેથી સબસિડી માંગતી સંસ્થાઓને બિનસાંપ્રદાયિકતા માટેના કરાર પર હસ્તાક્ષર કરાવશે. મેક્રોને શોક વ્યક્ત કર્યો હતો કે આપણી પીછેહઠ અને કાયરતાના કારણે રૂઢિવાદી ઈસ્લામ આગળ વધી રહ્યો છે. મેક્રોને જાહેરાત કરી હતી કે તેમની સરકાર ડિસેમ્બર ૨૦૨૦માં નવો કાયદો લાવવાની છે કે જે ફ્રાન્સના ૧૯૦૫ના કાયદાના આધારે ચર્ચને રાજ્યથી અલગ કરવા માટે મજબૂત બનશે. આ આવનાર કાયદો ઈસ્લામિક મૂલ્યો અને મુસ્લિમોની વિરૂદ્ધ છે. મેક્રોને ફ્રાન્સના રાજકારણને કટ્ટર બનાવ્યું છે અને આમાં કોઈ આશ્ચર્યની વાત નથી કે, તેના ઓક્ટોબર ૨, ૨૦૨૦ના ભાષણ પછીના કેટલાક દિવસોમાં આ કાર્ટૂન વિવાદ ફરીથી ફાટી નીકળ્યો, જે ચાર્લી હેબ્દો દ્વારા ૨૦૧૫માં ઉભો કરાયો હતો. અહીં ઉમેરી શકાય કે શરૂઆતમાં ઓક્ટોબર ૨૦૨૦ના મહિનામાં એક વિદ્યાર્થિની હિજાબ સાથે ફ્રાંસની સંસદમાં પ્રવેશી હતી અને જેના કારણે કેટલાક સાંસદોએ વોક આઉટ કર્યો હતો. જાન્યુઆરી ૨૦૨૦માં એક કિશોરને ઈસ્લામ વિરૂધ્ધ અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યા પછી જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. રસપ્રદ વાત એ છે કે, સોફિયાએ મેક્રોનને સંભળાવ્યા પછી, એક ટ્વિટર હેશટેગને મુસ્લિમ કાર્યકરો દ્વારા ચલાવવામાં આવ્યું હતું કે મેક્રોન મુશ્કેલીમાં છે, ઈસ્લામ મુશ્કેલીમાં નથી. પરિસ્થિતિ પહેલેથી જ વિસ્ફોટક હોવાથી, ૬ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ, ઈતિહાસ અને નાગરિક શિક્ષણના ફ્રેન્ચ શિક્ષક સેમ્યુઅલ પેટીએ, તેના વર્ગમાં, ચાર્લી હેબ્દો દ્વારા ઈસ્લામના પયગમ્બર સાહેબના કાર્ટૂનો બનાવ્યા, અને તેના પગલે તેની ૧૬ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ ચેચન શરણાર્થી અબ્દુલ્લાખ અંઝારોવ

દ્વારા હત્યા કરવામાં આવી હતી. સેમ્યુઅલ પેટી પર એક વિદ્યાર્થીના પિતાએ કોર્ટમાં 'અશ્લીલતા ફેલાવવા' માટે પણ આરોપ મૂક્યો હતો, કેમ કે પેટીએ નગ્ન કાર્ટૂન બનાવ્યાં હતાં. રસપ્રદ વાત એ પણ છે કે, ચાર્લી હેબ્દોની ઓફિસ પરના હુમલાની સુનાવણી સપ્ટેમ્બરમાં શરૂ થઈ હતી, અને ચાર્લી હબ્દોએ ૨૦૧૫ના કાર્ટૂનોને ફરીથી પ્રકાશિત કરવાનું શરૂ કર્યું, અને તેના લીધે સપ્ટેમ્બર ૨૯, ૨૦૨૦ના રોજ ફરીથી માંસ કાપવાના છરા સાથે તેમની ઓફિસ પર એક મુસ્લિમે હુમલો કર્યો હોવાનું બહાર આવ્યું હતું. જે સ્પષ્ટ કરે છે કે ચાર્લી હેબ્દોએ સપ્ટેમ્બરથી વાતાવરણ બનાવ્યું હતું અને મેક્રોને તો ફક્ત તેને અંજામ આપ્યો. ૪ ઓગષ્ટ, ૨૦૨૦ના રોજ થયેલા ધડાકાઓ પછી બૈરૂતની મુલાકાતે આવેલા મેક્રોન પહેલા યુરોપિયન વડા હતા, અને તેમને મેક્રોન બોનાપાર્ટ કહેવામાં આવ્યા. ધ વીક પર ચર્ચા થઈ અને એવું અનુમાન કરવામાં આવ્યું કે ફ્રાન્સ લેબેનોન પર ફરીથી કબજો કરવાનો પ્રયાસ કરી રહ્યો છે, મેક્રોન કેવી રીતે લેબેનોનમાં ધાર્મિક દોષોનું શોષણ કરવા હાજર હતા. તે પછી, જ્યારે તુર્કીના રાષ્ટ્રપતિએ ૧૯ ઓગષ્ટ, ૨૦૨૦ના રોજ કાળા સમુદ્રમાં હાઈડ્રોકાર્બન ઉર્જા શોધવાની જાહેરાત કરી, ત્યારે તે એક અઠવાડિયામાં તુર્કી અને ગ્રીસ 'સામ–સામે' આવી ગયા, પરંતુ મેક્રોન ઝંપલાવીને ગ્રીસના બચાવમાં આવ્યો અને ગ્રીસને ૮ રાફેલ લડાકુ વિમાનો મફતમાં આપવાની ઘોષણા કરી વિશ્વને ચકિત કર્યું, ભારતે જેના માટે અબજો ડોલરની રકમ ચૂકવી છે. સેમ્યુઅલ પેટીને ફ્રેન્ચ સર્વોચ્ચ નાગરિક પુરસ્કારની જાહેરાત કરતી વખતે, તાજેતરના સમયમાં જે રીતે મેક્રોને તેના રાજકારણને કંડાર્યું છે તેનાથી કોઈને આશ્ચર્ય થયું ન હતું, આમ, વિશ્વને સ્પષ્ટ કર્યું કે, જે ચાર્લી હેબ્દો નીતિ હતી, તે હવે રાજ્યની નીતિ બનવાની છે. ફ્રાંસની નીતિ, જે દેખાવ પૂરતી અભિવ્યક્તિની સ્વતંત્રતા છે પણ હક઼ીકતમાં આ અપમાનના અધિકારની શરમજનક અભિવ્યક્તિ છે. પરંતુ, આશાનું કિરણ રશિયાથી આવ્યું છે, જેણે તેના ક્રેમલિન પ્રવક્તા દ્વારા જાહેરાત કરી છે કે તે ઈસ્લામ વિરોધી મીડિયાને મંજૂરી આપશે નહીં.

*–હૈદર અબ્બાસ,*

*(સૌ. મુસ્લિમ મિરર, ગુજરાત ટુડે, તા. ૩–૧૧–૨૦૨૦)*

પેજ 10 નું ચાલુ.. જન્નતમાં ૧૦૦ દરજ્જાઓ બનાવ્યા છે, દર બે દરજ્જામાં એટલું અંતર છે જેટલું કે જમીન અને આ આસ્માનનું.

**૧૯૧. શાને નુઝૂલ** : આ આયત તે લોકો વિશે ઉતરી જેમણે ઈસ્લામનો કલમો તો મુખથી પઢી લીધો, પણ જે સમયે હિજરત ફર્ઝ હતી તે સમયે હિજરત ન કરી, અને જ્યારે બદ્રના મેદાનમાં મુશ્રિકો મુસલમાનો સાથે લડવા આવ્યા, ત્યારે એ લોકો તેમની (મુશરિકો) સાથે ગયા, અને કાફિરોની સાથે જ માર્યા પણ ગયા, તેમના માટે આ આયત ઉતરી, અને જાહેર કરવામાં આવ્યું કે કાફિરો સાથે રહેવું અને હિજરતના ફર્ઝને છોડવું એ જુલ્મ છે.

**૧૯૨. મસ્અલો** : આ આયતથી ફલિત થાય છે કે જે માણસ કોઈ શહેરમાં પોતાના દીન પર અડગ રહી શકતો ન હોય, અને એ જાણતો હોય કે સ્થળાંતર કરવાથી તે પોતાના દીની ફર્ઝો પૂરા કરી શકશે, તેના પર હિજરત વાજિબ થઈ જાય છે.

હદીષ શરીફમાં છે કે, **જે માણસ પોતાના દીનની હિફાઝત માટે સ્થળાંતર કરશે, ભલે એક વેંત જ હોય, તેના માટે જન્નત વાજિબ થઈ ગઈ.** અને તેને હઝરત ઈબ્રાહીમ અને સરવરે આલમ ﷺનો સાથ પ્રાપ્ત થશે.

**૧૯૩** : કુફ્રની ધરતીમાંથી નીકળીને હિજરત કરવાની.

**૧૯૪** : કારણ કે તે કરીમ છે, અને કરીમ જે આશા આપે છે તે પૂરી કરે છે. અને બેશક ! માફ કરશે. *(ક્રમશઃ)*

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે હાજી શફીક અહમદ ફદાના અહલિયા હજીયાણી જુબેદાબેન શફીક ફદા તા. ૨૪–૧૦–૨૦૨૦, ૬–રબીઉલ અવ્વલ શરીફ, હિ.સ. ૧૪૪૨, શનિવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં છે. હાજી શફીક અહમદ ફદા તરફથી તેમની અહલિયાના ઈસાલે સવાબ અર્થે **"ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા"**ને ૨૧,૦૦૦/– લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમાની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતુલ ફિરદોસમાં જગા નસીબ કરે. કુટુંબીજનોને સબ્રે જમીલ તથા અજરે જઝીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે જનાબ બશીર અબ્દુલ્લાહ લાંગ્યાના ફાધર હાજી અબ્દુલ ઈબ્રાહીમ લાંગ્યાનો તા. ૬–૧૧–૨૦૨૦, ૧૯ રબીઉલ અવ્વલ શરીફ, હિ.સ. ૧૪૪૨ જુમ્આના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે.
- **લેસ્ટર** : (યુ.કે.) ખાતે નિસારભાઈ વાસણવાલા (બીલીમોરાવાળા) "બરકાતે ખ્વાજા" (માસિક)ના ગ્રાહક લેસ્ટર ખાતે તા. ૧–૧૧–૨૦૨૦, ૧૪ રબીઉલ અવ્વલ શરીફ હિ.સ. ૧૪૪૨, રવિવારના રોજ, રાત્રે નવ વાગ્યે કોરોનાની બીમારીમાં ઈન્તેકાલ કરી ગયા છે.
- **હિમ્મતનગર** : મર્હૂમા જુબેદા બીબી હાજી અહમદજીભાઈ શેઠના ઈસાલે સવાબ અર્થે "બરકાતે ખ્વાજા" (માસિક)ને ડો. સુલ્તાન બીબી નઝીર અહમદ દેવલા તરફથી તેમના મર્હૂમના ઈસાલે સવાબ અર્થે **"ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા"**ને ૧૫૦૦/– લિલ્લાહ મોકલ્યા છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમાની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતુલ ફિરદોસમાં જગા નસીબ કરે. કુટુંબીજનોને સબ્રે જમીલ તથા અજરે જઝીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
- **બોલ્ટન** : (યુ.કે.) ખાતે જાવિદ ઈબ્રાહીમ અકુજી તા. ૧૦–૧૧–૨૦૨૦, ૨૩ રબીઉલ અવ્વલ શરીફ હિ.સ. ૧૪૪૨, સોમવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.
- **નબીપુર** : (તા. જિ. ભરૂચ) ખાતે મુબારક અલી મુહમ્મદ ભોભા, ફૈઝ કોલોનીનો તા. ૨૫–૧૦–૨૦૨૦, ૭–રબીઉલ અવ્વલ શરીફ, હિ.સ. ૧૪૪૨, સોમવારના રોજ લગભગ ૪૫ વરસની વયે અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે.
- **ભરૂચ** : સરફરાઝ પાર્ક ખાતે જનાબ ગુલામભાઈ કોન્ટ્રાકટરનો તા. ૧૧–૧૧–૨૦૨૦, ૨૪ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૪૨, બુધવારના રોજ હાર્ટ એટેકમાં અચાનક ઈન્તેકાલ થઈ ગયો છે. મર્હૂમે પોતાના તથા મર્હૂમોના સવાબ અર્થે સરફરાઝ પાર્કની મસ્જિદ બનાવી, "સુન્ની દા'વતે ઈસ્લામી"ને વકફ કરી આપેલ હતી. રબ તઆલા તેના હબીબ ﷺના સદકામાં તેમની આ નેકી કબૂલ ફર્માવે, અને તેમની મગફિરત ફર્માવે. (આમીન) *–તંત્રી*
- **વડાવલી** : જિ. પાટણ ખાતે ખાદિમે કૌમ, આલી જનાબ મહેબૂબશાહ એસ. દિવાન વકારી મદારી તા. ૧–૧૦–૨૦૨૦ને ગુરૂવારના રોજ અલ્લાહ પાકને પ્યારા થઈ ગયા. (اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رٰجِعُوْنَ) મર્હૂમના જનાઝામાં મોટી સંખ્યામાંકોએ હાજરી આપી અને ત્રીજા દિવસે ઝિયારતમાં મર્હૂમના ઈસાલે સવાબ અર્થે કુર્આન ખ્વાની, મેહફિલે મીલાદ, નઅત વ મન્કબત અને નઝરો નિયાઝનો પ્રોગ્રામ રાખવામાં આવેલ. *–(રજબશાહ દિવાન)*

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આન શરીફ તથા યાસીન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*